गूजराती छठ्ठी चोपडीना अर्थ.

શબ્દોનાં મૂળ, તથા કવિતાની સમજુતી સાથે.

બનાવનાર

ફકીરભાઈ કાસીદાસ.

સુરતની નામદાર સર જમસેદજી જીજીભાઈવાળી નંબર
૧ લાની છોકરાની નિશાળના વડા માજી માસ્તર, તેના
છોકરા નગીનદાસ ફકીરભાઈ કાસીદાસની વતી
ડાહ્યાભાઈ જગજીવનદાસે છપાવી પ્રસિદ્ધ
કર્યા.

આવૃત્તિ નવમી.

કિમ્મત  ૬ આના.

મુંબઈ.
મસજીદ સ્ટેશનની સામે
ધિ ઍંગ્લો-જુઇશ ઍંડ વરનૅક્યુલર પ્રેસમાં છાપ્યું છે.
(સન ૧૮૬૭ના ૨૫ માં આકટ પ્રમાણે નોંધાવી છે.)

સન ૧૮૮૬.

गूजराती छट्ठी चोपडीना अर्थ.

હાલના ગુજરાતી પાંચમાં ધોરણ પ્રમાણે છોકરાઓએ છઠી ચોપડી શીખવા માંડી, એટલે તેમને પાઠ વાંચવામાં આવેલા મુખ્ય મુખ્ય શબ્દ દરએક કઈ ભાષાના છે તે જાણવું જોઇએ; માટે તે પ્રમાણે અત્રે આ ચોપડીમાં ઘણા ખરા મોટા મોટા શબ્દો વિષે બતાવ્યું છે ને તેની સમજવાની નિશાની શબ્દની પાસેજ સંક્ષેપમાં નીચે મુજબ કરી છે તે પ્રમાણે વાંચવું. બીજી ભાષામાંથી અપભ્રંશ થયલા શબ્દોની પાસે પણ ઘણે ખરે ઠેકાણે અસલ તેઓ જે ભાષામાં હતા તેજ ભાષાના મુખની નિશાની મૂકી છે. જે શબ્દની પાસે ભાષાની નિશાની જણાવી નથી ત્યારે તે શબ્દ ગૂજરાતી ભાષામાં હાલ વપરાયછે એમ સમજવું.

(સં.) સંસ્કૃત.	(આ.) આરબી.	(અ.) અંગ્રેજી.
(ફા.) ફારશી.	(હિં.) હિંદુસ્તાની.	(મ.) મરાઠી.

પાઠ ૧ લો.

ઉદ્યોગ(સં.) મેહેનત.
વિલાસ(સં.) મોજશોખ.
ભવિષ્ય(સ.) આવતો વખત; નસીબ.
વિદ્યા(સં.) શારદા, સરસ્વતી.
અભ્યાસ(સં.) વધારો; માહાવરો; આખેપ.
કઠણ—અઘરા.
હરરોજ(ફા.) નિત્ય.
ગેરહાજર(આ.ફા.) હાજર નહીં; આવેલો નહીં.
અમૂલ્ય(સં) જેની કિમ્મત થઈ શકે નહીં તે; ઘણોજ કીમતી.
જુગાર(હિં) જુવો; જુગટું.
મોસમ(ફા.) રત; વખત.
તીડ—ખેતરના ઘાસમાંનો એક મોટો લાંબો ઉડતો જીવડો.
ભીખ(સં) ખેરાત.

નમનતાઇ(સં.)નરમાસ.
કાલાવાલા–ખુશામત; વારે વારે કરગરીને કેહેવું તે.
અપવાસી(સં.)ભૂખ્યું.
ઉગારશે–બચાવશે.
મોજ–મઝા;ચેન, બાજી.
નવાઇ–અચરતી.
અપરાધ(સં ગુનો;વાંક.
ભોગવ–ફેડી લે.
નાનપણ–બચપણ.
ઘડપણ–બુઢાપણ.
નિર્ધન(સં.) ગરીબ;પૈસા વગરના;(નિઃ–ધન).

પાઠ ૨ જો.

પૈસાદાર–તાલેવંત.
વર્ત્તશે(સં.)ચાલશે.
ગુણ(સં.) ફાયદો; નફો.
એકાદ–એક; કોઇ પણ.
નિરાશ(સં.) આશા ભંગ; નાઉમેદ.
ઉદાસ(સં.) દલગીર.
તરણાને તોલ–તંખલાના જેવા; તુચ્છ.
ઉમંગ–ઉમેદ.
ઉપયોગ–(સં.)કામ;ખપ, વાપરવું.
માંઠા–નઠારા; ખરાબ.
પરિણામ સં.) ફળ.
ઢગલો–ગંજ; ડુંગર.
નામર્દ (ફા.). કમજોર. બાયલો;નાહિમ્મતવાન.
છલંગ–કૂદકો; ફલંગ.
નિષ્ફળ(સં.)ફોકટ; મિથ્યા, (નિઃ–ફળ).
ફાયદો(આ.) નફો.
માલ(ફા.)જીવ; દમ.
હઠ–જીદ; મમત.
આરંભ(સ)શરૂઆત.
નાદાની (ફા.) છોકરવાદપણું;છોકરવાદી

પાઠ ૩ જો.

રેશમ(ફા.) હીર.
આશ્ચર્યકારક(સં.) નવાઇ જેવું.
કિનખાબ–રેશમી કસબના બુટ્ટાદાર લૂગડું.
સાટીન(અં.)એક જાતનું રેશમી કપડું.
ગજી–ગજપનાનું રેશમી કપડું.
ઉંચા–કીમતી; ભારે.
હીરાગળ–રેશમી.
શેતૂર(ફા.) એક જાતનો લીલો મેવો પીપેરનાઆકાર જેવો.
તાંતણો–તાર.
ઉત્પત્તિ(સં.)પેદાશ; નીપજ.
અસલ(આ.)અગાઉ.
પ્રથમ(સં.) પેહેલાં.
પાદશાહ(ફા)મોટો બાદશાહ;(બાદશાહથી મોટો તે.)
બેગમ(ફા.) પાદશાહની સ્ત્રી; નવાબની ધણીઆણી.
મુશકેલી(આ.)મુશીબત
ઇ. સ.–ઇસવી સન; ઇસુનું વર્ષ.
ખ્રિસ્તી–વીશ્વાસી; ઇસુ ખ્રિસ્તનો ધર્મ પાળનારા. [ગી]
ગોસાંઇ(સં.)સાધુ; વેરા-
વંશ(સં.)કુળ; ઓલાદ.
પતંગીઉં(હિં.) એક જા-

તનું ઉડતું જીવડું.
નિપજ—પેદાશ; પાક.
પારદર્શક (સં.) જેમાંથી આરપાર જોવાય તે.
સરેશ—એક જાતનો ચીકણો પદાર્થ.

પાઠ ૪ થો.

પુખ્ત (ફા.) પાકી.
પોતીકા—પોતાના.
કોકડી—લાંબી દડી.
ઉંઘણસી—જેને ઘણી ઉંઘ તે; સુસ્ત.
કોશેટા—ખારેકના જેવી ગોળ લાંબી દડી.
સલંગ—આખો; લાંબો
ફુટ (અં.) સુતારી અધગજ; ૧૨ ઇંચ.
સમાઇ—માઇ.
આશ્ચર્ય (સં.) નવાઇ.
સોનેરી—સોનાના રંગ જેવા પીળા.
રૂવાંટી—ઝીણાં બાલ.
માતબર—(અ.) ભારી; મોટા; પૈસાદાર.
કારખાનું (ફા.) હર કંઇ હુન્નરનું ઠેકાણું.
પુષ્કળ (સં.) ઘણું; બહુ.
ભાતભાતના—જાતજાતના.

પાઠ ૫ મો.

દ્વીપ (સં.) બેટ; ટાપુ.
ભગંદર (સં.) મોટા ઉંડો ખાડો; એક જાતનો રોગ.
ભૂગોળવિદ્યા (સં.) ભુગોળ શીખવાની ચોપડી.
મહાદ્વીપ (સં.) મોટા બેટ.
સમુદ્ર (સં.) દરીઓ.
સરોવર (સં.) ચોતરફ જમીનથી વીટાયલો મોટો પાણીનો ભાગ.
નદી (સં.) મીઠા પાણીનો પ્રવાહ પર્વતમાંથી નીનીકળેલો તે.
અનુકુળ (સં.) માફક.
ખંડ (સં.) જમીનના મોટા ભાગ જેમાં ઘણા દેશો આવેલા તે.
વર્ણન (સં.) બ્યાન.
બાળપણ (સં.) બચપણ.
આથડોછો—પડોછો.
શોધ (સં.) તપાસ.
નક્કર—સંગીન.
ખડક—ખરાબો; દરિઆના પાણીમાં ઢંકાયલા મજબૂત પથરા.
ચોકસાઇ (હિં.) બારીક તપાસ.
સપાટા—ઝપાટા.
રજ (સં.) રચકણ; કણી.
ધડાકા—મોટા અવાજ.
ગરમી (સં.) તાપ.
પીગળેલા—ઓગળેલા.
ઉભરા—જોસ્સા.
ધરતીકંપ (સં.) ધરતીનો કંપારો; જમીનનું હાલવું.
ઉપસે—ઉંચકાઇઆવે.
જ્વાળામુખી (સં.) બળતા મોંનો; જેમાંથી બળતાં, ધુમાડો વગેરે નીકળેછે તે.
સુરંગ—જમીનમાં ખાડા ખોદી માંહે દારૂ ભરી ફોડેછે તે.

પાઠ ૬ ઠો.

ગદા (સં.)મોટો પથ્થર.
પાહાડ—મોટા ઉંચા લાંબા સાથે જોડાયલા ડુંગરો.
વસારા—વીરસા.
મેદાન(ફા.) મોટી લાંબી પોહોળી ખુલી જગા તે.
મૂળથી(સં.)પેહેલાંથી.
પુછગાછ—તજવીજ.
વિદ્વાન(સં.)પંડીત.
ફલાણી (આ.) હરેક; મુકરર કરેલી.
ઉપજ (સં.) પેદા.
ખાતર—ઘાસ, છાણ; વગેરે કોહી ગયેલો કચરો.
વન (સં.)રાન; જંગલ.
દબાઇ—કચડાઇ.
નકામી—વગર ખપની.
નાશ (સં.)ક્ષય; અંત.
ફેર—તફાવત; ફરક.

પાઠ ૭ મો.

કરોળીઆ— જાળામાં રેહેનાર જીવડા.
સુઘડ—ચોખ્ખા; સાફ.
મધ્ય(સં.)વચલા.
સંકેલી—ખેંચી; ઘાલી.
મજબૂત(આ.)જોરાવર.
મચ્છરાદિક—મચ્છર વગેરે જીવડા.
ખેંચતાણ—ખેંચાખેંચ.
ઝાકળ—ઓસ.
બીલકુલ(આ.)તમામ.
રેહેઠાણ—રેહેવાનો મૂકામ.
નજીક(ફા.)પાસે; સોડે.
અસ્તર (ફા.) અંદરનું પડ.
યુક્તિ(સં.)તદબીર.
દમ(ફા.) સાસ; જોર.

પાઠ ૮ મો.

પસ્તાવો(સં.)અફસોસ; ખેદ.
વૃક્ષ (સં.) ઝાડ. તરૂ.
મીંઢળ—એક જાતનું ફળ, વર કન્યાને લગ્ન ક્રિયામાં હાથે બાંધેછે તે,(નાના લીંબુજેવું)
ડૂબવું—ડૂબી જવું.
બાળકી(સં.) કુંવારી છોકરી.
જીવીકા(સં.)જેથી ગુજરાન ચાલે તે.
ગંધ(સં.)ખરાબ વાસ.
પેખવું (સં.)જોવું.
ઉન્મત્ત(સં.)તોફાની.
મડું—મડદું; લાસ.
દિક્ષા (સં.) બોધ.
ઠાલો—અમથો; ખાલી.
ઠોઠ—મૂર્ખ; અણઘડ.
ગપો (હિં.) ગુલબાન; ખોટી વાત; સુફી.
મૂછાળો—મૂછવાળો; મુછ
છાવરે—ઢાંકે; છુપાવે.
દુષ્ટતા(સં.)પાપી વાત.
દુષ્ટ(સં.)પાપી;નઠારો.
તોફાની(આ)મસ્તીખોર; ઉતપાતીઓ.
ફુલાવ્યો—ચડાવ્યો.
ફાંકડો—છેલ, છબીલો.
છેદેછે(સં.)કાપ મૂકેછે; કાણું પાડેછે.
થોભીને—અટકીને.
તાત માત(સં.)મા બાપ
નડે—કાયર કરે;દુઃખ દે.
સુખદાતા (સં.) સુખ

આપનાર.
ભાવ(સં) કિમ્મત; ઇ-
ચ્છા.
જોગ–મેળવણી.
ભુકો–ચૂગદો.
ધંધો–રોજગાર.
ભુલ–ચૂક; ગફ્લત.
ભાખે(સં.) બોલે.
તડે–ધાએ; દોડે.
સ્વાદ(સં)લેહેજત; મી-
ઠાસ.
પુંજી–દોલત; ભંડોલ.
ધારણા (સં.) ધીરજ;
વિચાર.
ધડે–ઘડાએ; દિસે.
ખત્તા (આ.) ઠોકર;
ઠેસ.
ખેદ (સં.) શોક; દલ-
ગીરી.
બુઢો (હિં.) ઘરડો.
પુત્રી(સં.) છોકરી.
પાપી–દુષ્ટ; ઘાતકી.
સ્નેહી(સં)મિત્ર; દોસત-
દાર; સ્નેહ રાખનાર.
સંબંધી(સં.)સંબંધ રા-
ખનારો.
પીડા (સં.) દુઃખ; વી-
પત્તિ.
સડે–સળી જાય.
અંતે(સં.)છેલ્લે.
અંધો(હિં)આંધળો.
ધરો–લેઓ; પકડો.
તીખી–તીક્ષણ.
શિક્ષા (સં.) શીખામ-
ણ; સજા.
લહો–લેઓ.

(કવિતાની સમજુતી). (૧)

ખાલી અમથો મૂર્ખો નિશાળે જઇને ખોટી ગપસપ મારીને વખત કાહાડે, પછી તે અણઘડ મોટપણે અફસોસ કરવા માંડે. (૧) કંઈ પાપી છાની નાની નઠારી વાત હોય તે ઢાંકે, પણ તે ચોટે ને ચકલે ખુલ્લી થાય ત્યારે તે પાપી મસ્તીખોર, પછી અફસોસ કરવા માંડે. (૨) જે હાંકડો ચડાવ્યો ચડે, ને હાથમાં પૈસા આવે કે તુરત તે બધા ખરચી નાંખે, ત્યારે દેવાળું નીકળે ને તે દેવામાં ડુબી જાય, પછી અફસોસ કરવા માંડે. (૩) જે વડે ગુજરાન ચાલે તેવા ઝાડને જોઇ, ચડે ઉભો રહીને તેને કાપે, પછી જ્યારે ભૂખ લાગે ત્યારે તેની વેદનાથી રડીને, પછી અફસોસ કરવા માંડે. (૪) જે એવકુફ માબાપને નાનપણથી જાયર કરે, તે મોટપણે સુખ આપનારને યાદ કરી, પછી અફસોસ કરવા માંડે. (૫) બરાબર કિમ્મત લઇને ભેળ સેળ કરીને, જે નવો ઘાટ બનાવે, તેનો રોજગાર થોડા દાહાડા

ચાલેછે (ઘરાક આવતા નથી), ત્યારે પછી અફસોસ કરવા માંડે.

(૬). કશા કામમાં ચૂક ખાતો હોય, ને તે જો કોઈ બતાવે તો તેની સાથે લડવાને જાય, પણ જ્યારે તેનો સ્વાદ ચાખે (તે ચૂકથી થતાં માઠાં પરિણામ જુવે), ત્યારે અફસોસ કરવા માંડે. (૭). પારકી દોલતને જોઈ જેના દિલમાં ધીરજ ન રેહે, તે પછી જે ભૂલ ખાય તેનો બળાપો આણીને, પછી અફસોસ૦ (૮) ઘરડા વરને નાની છોકરી પરણાવવી, તે મુડદાને મીંઢળ બાંધેછે (એટલે ઘરડો તે મરવાનો વેહેલો), ત્યારે તે છોકરીનો બાપ દુષ્ટ કહેવાયછે, પછી તે અફસોસ૦

(૯). સગા મિત્રોની સાથે લાકડી લઈને જે લડે. તેને મોટું દુઃખ માથે પડેછે, ત્યારે અફસોસ૦ (૧૦). ફૂલ પાન ફળ અન ગંધવાળી ચીજોની, જો તપાસ નહીં રાખે તો સળી જાય, ને છેલ્લે તે એદી આંધળો અક્કલનો કાચો, પછી અફસોસ૦ (૧૧) તાજી ને તીક્ષણ બુદ્ધિ પકડો, ને ઢીંગા મસ્તી મૂકી દો; સાચો શીખામણ શીખી લેઓ, એવો **દલપતરામનો** ઉપદેશ છે. (૧૨)

પાઠ ૯ મો.

હિંદુસ્તાન (ફા.) ભરતખંડ.
ઇતિહાસ(સં.) આગળ થઈ ગયલા રાજા વગેરેના વર્તમાનોની વાર્તા, કથા ઇત્યાદિ.
પ્રકરણ (સં.) બાબ; બાબત; ભાગ; સ્કંધ.
ગાદી—તખ્ત; રાજ આસન.
પંજાબ(ફા.)પંજ તે પાંચ, ને આબ તે પાણી; એટલે પાંચ નદીઓ (સતલજ, બીયા, રાવી. ચીનાબ, ને જહલમ)વચ્ચે આવેલો પ્રાંત.
ફોજ(આ.)લશ્કર.
સ્વતંત્ર(સં.)આપ અખત્યાર.
બાહાદુર(ફા.)જોરાવર.
બળવો(હિં.) દંગો; ફુસાદ.
ઘેરો—આસપાસ ફરી વળવું.
મેખો (ફા.) ભોઠાની

ખીલો.
સરદાર(સં.)સગદાર; લશ્કરનો ઉપરી.
ગઢ(હિં.) પાહાડ ઊપર આવેલો ડુંગર--કીલ્લો.
કાચો–નબળો; પોચો.
તદબીર(ફ્રા.) હીકમત.
સરદી(ફા.)ભીની હવા.
નુકસાન(આ.) હાણી.
પડાવ–મૂકામ.
છાપો માર્યો– એકદમ લસ્કર સાથે તૂટી પડયો.
ભિસ્તી–પખાલી.
પખાલ–પાણી ભરવાની મોટી ચામડાની ગુણ.
શત્રુ(સં.) દુશ્મન; વેરી.

પાઠ ૧૦ મો.

આશા(સં.) ઉમેદ
રણ(સં.)રેતીનું મેદાન; સંગ્રામ.
દગો ફા.)કાવતરું.
તખ્ત ફા.)રાજ આસન.
અભય (સં.) નીરભય; મરે નહીં એવું; બીક વગરનું.
વચન(સં.) વેણ; કબૂલાત.
શરણ(સં.) તાબે; આધીન.
રીબાવીને– દુઃખ દઈને.
હુમલો (આ.) લશ્કર સાથેને ધસાવરા.
ભરોસો–વિશ્વાસ.
વેહેમ(આ.) શક.
એકાએક–એકદમ.
ડાહાપણ–ચાતુરી.
લોભ(સં.)લાલચ; ગળકો.
અનીતિ (સં.) નિતીથી ઉલટું–એટલે બરાબર જે રીતસર નહીં તે.
વાટ–મજલ; રસ્તો.
મૂકામ(આ.) રેહેવા કે ઉતરવાની જગો; ઠેકાણું.
ધર્મશાળા(સં.) પર દેશીઓને વગર ભાડે ઉતરવા સારૂ ધર્મદા મૂકામ બાંધેલો તે.
નિમાજ (ફા.) ઈશ્વરી પ્રાર્થના–બંદગી.
મસીદ(આ.)મુસલમાન વગેરેને નીમાજભણવાનું તથા બાંગ પોકારવાનું ઠેકાણું.
સદાવ્રત(સં.) ધર્મદાખલ મફત રોજ સીધું સામાન વેરાગી વગેરેને આપવું તે.
છાયાં(સં.)શીળો;આસરો; આશ્રમ.

પાઠ ૧૧ મો.

વડો–મોટો.
દમ(ફા.)જોર; શમ.
રાજપાટ–રાજનું કામ કાજ; રાજ ગાદી.
મેહેલ (આ.) રાજાનો મૂકામ; પાદશાહી ઘર.
બેવકૂફ(ફા.)બે નહીં. ને વકુફ બુદ્ધિ–બુદ્ધિ નહીં તે, મુર્ખ; ઠોઠ.
ઘાતકી(સં.) નીર્દય; દયા વગરનો; ક્રૂર.

મેહેરબાની(ફા.) રેહેમ નજર.
બખશિશ(ફા) શીરપાવ; ઇનામ; ખુશીથી કંઇ આપવું તે.
ખજાનો (આ.) બંડાર; દોલત.
અમીર(આ.)ઉમરાવ; ક્રીતાબવાળા મોટા માણસ.
જાગીર(ફા.) સરકારથી ઇનામમાં મળેલી જમીન; વતન.
જપ્ત (આ.)કબજ.
દબાવી–પચાવી.
દવાઇ(હિં.)આણ; દુઆ.
તોફાન (આ.)મસ્તી; હુલ્લડ; ગડબડ.
ગડબડ–તોફાન.
આવકાર–આદરમાન.
એકલવાયો–એખલો.
પંથ(સં.)ધર્મ; રસ્તો.
દોસ્તી દાવો (ફા.) ભાઇબંધાઇથી.
નડયા–સામા થયા.
પક્ષ(સં.)તરફદારી.
ક્રોધ(સં.)ગુસ્સો;રીસ.

પાઠ ૧૨ મો.

બાક–ડર; ધાસ્તી.
ઘાત(સં.)જખમ;કાળ.
રંગમેહેલ–સુવા બેસવાનો મેહેલ–રંગભોગ કરવાનો મેહેલ.
ઝરૂખો–બારી આગળનો ગોખ; રવેસ.
આરસ પાહાણ–આરસનો પથ્થર; સંગે મલમલ.
સીડી(હિં.)દાદર.
ઠામઠામ–બધે ઠેકાણે.
સુધારો–સારી હાલતમાં જે આવવું તે; (સારો ધારો.)
હદ(આ)સીમા, મર્યાદા
સત્તા(સં.)અધિકાર.
દરબાર(ફા.)રાજકચેરી
ધણી–માલીક; મુખત્યાર.
તોડયું–નીચું પાડયું; પડતી આણી.
ઉલટું–સામું;બમણું.

પાઠ ૧૩ મો.

રાવ–રાણો; રાજા.
ફિરંગીઓ(ફા.)પોર્ટુગાલ દેશના લોકો.
કબર (આ.) ઘોર.
સરખેજ– આમદાવાદ જીલ્લાના દસક્રોઇ પ્રગણામાં ગામ છે.
ઓલાદ(આ.)કુળ; બંશ
દુર્ગુણ(સં.)ખરાબગુણ; નઠારી ટેવ.
મેહેર(ફા.)રેહેમ; દયા.
વૈભવ(સં.)સુખ.
અજબ(આ.)વીશમય; અચરત.
સમાધાની(સં.) શાંતી; હુલ્લડ ફીતુર નરમ પડી ગયલું તે.
ઉદ્યોગી(સં.) મેહેનતુ.
રસીક(સં.)રસ પડે એવી; સારી
કલ્પના(સં) અટકળ; વિચાર; ખ્યાલ.
સમય(સં.)વખત;વેળા
ગ્રંથ કર્તા(સં.)ચોપડીઓ બનાવનાર.

પાઠ ૧૪ મો.

હાડપિંજર—હાડકાનું પાંજરૂં; શરીરનું કાઠું.
બંધન(સં.) બાંધવાના પાટા.
મર્મસ્થાન (સં.) પ્રાણ સબંધી જગો-પોચો ભાગ.
અણિઆરાં—બારણાં નીચે ખુણા પર જડેલા લોઢાના અણીદાર પાટા.
વિધાતા (સં) છઠ્ઠીનો લેખ કરનાર; (બ્રહ્માની પુત્રી.
ચણિઆરાં—જે બારણાવાળા ભાગ ઉપર અણીઆરૂં ફરેછે તે.
કાઠું—શરીરનું કદ.
રક્ષણ(સં)સંભાળ; જતન; માવજત.
શાબિતી(આ.)પુરાવો.
બરડ—ભાંગીજાય એવું.
જલદ(ફા.) આકરો.
સરકો(ફા.)તાડીને થોડા દાહાડા રાખી મૂકેથી જે ખાટો પ્રવાહી બનેછે તે.
પોષણ(સં.) ગુજરાન.
ખોપરી—માથાનું તાલકું.
સંધાએલાં—જોડાઇ ગયલાં.
અજ્ઞાની સં.)વગર ભણેલા; ભોળા.
લેખ(સં.)દસ્તાવેજ.
કરોડ—બરડાની વચમાંનું હાડકું.
મળગરા—નર માદાના ચાપડા; ચણીઆરાં.
ઘાંગોઠું—પગના ઘુંટણ આગળનો ભાગ.
ઝરપેછે—વેહેછે.
ઉગેછે—ઉંજેછે.

પાઠ ૧૫ મો.

જ્ઞાનરજ્જુ(સં.) જ્ઞાન તંતુ; જ્ઞાન શકિત ખીલે એવી નસ.
પ્રાણ(સં.) જીવ; આત્મા.
અન્ન (સં.) અનાજ.
પચાવવાને—હઝમ કરવાને; પાચન કરવાને
જઠર(સં.)ખાધેલું અન્ન પેટમાં પાચન થવાની જગ્યા.
દાઢ—બેવડા દાંત.
જડખું—ડાચું.
જડ—મૂળ.
દરદ (ફા) કળતર; દુખાવો.
સંભાળ—બરદાસ.

પાઠ ૧૬ મો.

રણ(સં.)રેતીનું મેદાન; સંગ્રામ
ભાગે(સં.)મુશ્કેલાઇથી
તડકે ગોટ—કુત્રાનાં નામ
મુસાફર(આ.) એક દેશથી બીજે દેશ જનાર; પ્રવાસી.
હેરાનગતિ—આપદા.
વિપત્તિ(સં.)દુઃખ.
નિશાની(ફા.)એંધાણી; ચિન્હ.
વંટોળીઓ – પવનનું જોરથી વાવું.
તંબુ(હિં.)નાના ડેરા.
રૂપાળા(સં.)શોભિતા.
અસીલ(આ.)સારા.

શેખ(આ.)વકીલ; સ-
રદાર; (ઘરડો માણુ-
સ.)
કાફ્લો(આ.) પર દેશ
જનારૂં સામાન સરં-
જામસાથેનું ટોળું.
ખચ્ચર(ફા.)નાનું ઘોડું.
સાંઢણી—ઉંટની માદા;
ઉંટડી.

પાઠ ૧૭ મો.

ખૂટકો—તાણ; તોટો.
થરપારકર—સિંધનો દ-
ક્ષિણનો ભાગ.
કોશીઆ—કોશથી પા-
ણી કાહાડનારા.
ઢોલ—નગારૂં; ડુમકો.
જુલ્લાબ(આ)રેચ.
મુસાફરી(આ.)એક દે-
શથી બીજે દેશ જવું
તે; રટણ.
ઇરાદો (આ.) મનસુ-
બો; ધારણા.
બંદર(ફા.)નદી કે દરિઆ
કાંઠે આવેલું વેપાર-
ના મથકનું શેહેર.
અમલદાર (આ. ફા.)
અમલના કરનારા;
હુકમ બજાવનારા.
ટાંપી—તાકી; ધારી.
નાળું—ઝરો; વેહેળો.
કૂચ(ફા.) ઉઠાંત્રી; એક
જગોએથી બીજી જ-
ગોએ જવું તે.
પતાવવું—માંડીવાળવું.
અંદેશા (ફા) વિચાર;
વેહેમ.
વાટ ખરચી—રસ્તાનો
ખરચ.

પાઠ ૧૮ મો.

આડવાટે—આડે રસ્તે.
ઠુંઠુ—નાનું પાતરા ડાળી
વગરનું સુકાયલું થડ.
લુ—તાપનો સુસવાટ.
ભડકા—ઢગલે ઢગલા.
કડાકા—લાંઘણ; અપ-
વાસ.
મધ્યાન(સં.) ખરા બ-
પોર.
ઠેસ—ઠોકર; ખતા.
કૌવત(આ.) જોર.
ભમરી—ચકરી; ફેર.
બેભાન—શુદ્ધિવગરનો.
મસક(ફા) પાણી ભર-
વાની ચામડાની મો-
ટી કોથળી.
તરસ—સોષ; તૃષ્ણા.
છીપે—મટે; ઓલવાય.
નાકૌવત(આ. ફા.) ક-
મજોર; અશક્ત.
લાચારી(ફા.) નાચારી;
બીન ઉપાય.
લાદેલો—નાંખેલો; ભ-
રેલો.
કાચકી—પાણીના સો-
ષથી ગળે બોલાય ન-
હીં તે.
બેશુદ્ધ(સં) શુદ્ધિ વિ-
નાનો.
વારે—મદદે.
બેહોષ(ફા.) ભાન વિ-
નાનો; હોશ કે શકિત
વિનાનો.

પાઠ ૧૯ મો.

દષ્ટી(સં)નજર; નીગા.
સંકટ(સં.)દુખ;આફ્ત.
ભાન—શુદ્ધિ; સમજણ.
અંધારા—તમ્મર; ફેર.
બળત્રા—આગ; અગન.

દયાળુ(સં.)માયાળુ.
શુદ્ધ(સં.)ભાન.
આનંદ(સં.)હરખ; સંતોષ.
સાવધ–હોંશિઆર.
વેદના (સં.) દુઃખ.
હિંગળોક–હિંગળો; (એક જાતનો લાલ રંગ થાયછે.)
અગ્નિ સં.)દેવતા; આગ: વસ્તેવ.
લાહે–અગન; બળત્રા.
ભરપૂર–પુરૂં–ભરેલું; જોઇએ તેટલું.
જગતકર્ત્તા (સં.))જગતનો બનાવનાર ઇશ્વર.

પાઠ ૨૦ મો.

ભયાનક(સં.) બીયામણી; ડરામણી.
શોકાતુર (સં.)દલગીર; શોકમાં પડેલી; ચિંતાવાળી (શોક–આતુર)
કેશવાળી(સં.)ડોક ઉપરના લાંબા વાળ; યાળ.
સિંહ (સં.) મોટું બાલવાળું ચોપગુ પશુ; (પશુઓનો રાજા).
શોભિતી(સં.)સારી.
ઝાડી (હિં.) નાના મોટા ઝાડો એક બીજા સાથે આવી ગુફા જેવું બનેલું તે.
શિકાર(ફા.)ભક્ષ.
ચુકતો–ભૂલતો,
ખો–ખાઇ; ગુફા.
રખવાળ (હિં) સાચવનાર; જાળવનાર.
હડ–મેદની; ભીડ.
કેડો–પીછો.
તામસી–ગુસ્સે; કોપાયમાન.
વિકાળ(સં.)ભયંકાર.
જંગલ(ફા.) રાન;વન.
મૂળસ્વભાવ(સં.)જાતી ખાશીઅત.
સાર(સં.)મતલબ.
ક્રૂર(સં.)ઘાતકી; દુઃષ્ટ.
પ્રસંગ(સં.)વખત.
વલ્યા(સં.)ચાલ્યા.

પાઠ ૨૧ મો.

સાહસ(સં.) વગર વિચાર્યું; એકદમ જોસ્સાથી ઉતાવળું; જોખમવાળું.
નેટ– નક્કી; નિશ્ચે.
બાંધવ(સં.)ભાઇ.
તત્પર(સં.)તૈયાર.
મતિ(સં.)બુદ્ધિ;વિચાર
સય્યા(સ)પથારી; બિછાનું.
વધામણી–ખુશ ખબર; ખુશાલી.
વિમાસણ–પસ્તાવો.
પતિવ્રતા (સં.) ધણીના કહ્યાસર ચાલનારી બાયડી; સતી; ધણીના વ્રતવાળી.
તુલ્ય(સં.) બરાબર.
દાવાનળ (સં.) વગડાનો અગ્નિ (દવ–અનળ).
હર્ષ(સં.)હરખ; ખુશી.
વિવિધ(સં.)જુદા જુદા.
પ્રસવ્યો (સં.) અવતર્યો.
કુડો–ખરાબ; નઠારો.
માનની(સં.) બાયડી.
વ્રત(સ.)નીમ; બાધક; પણ.

સૂત્ર (સં.) સંસાર સંબંધી; સંબંધવાળો-સૂતર.
કલ્પાંત (સં.) શોક; અતિશય કકલાટ કરવો તે; (કલ્પ—અંત).
જુવંતી (સં.) જુવાન બાયડી; તારૂણી.
સિદ્ધપુર–કડી પાટણની પાસે સરસ્વતી નદી ઉપર એક ગામ છે.
મહામતિ (સં.) મોટી બુદ્ધિવાળો; વિચારવંત; દાનો.
સતી(સં.)સત પાળનારી સ્ત્રી; સારા આચરણવાળી સ્ત્રી.
પુત્રી (સં.) છોકરી.
તન (સં.) છોકરો.
મન—દીલ.
પ્રકાર (સં.) રીત.
આચરણ (સં.) ચાલ ચલણ.
રૂડાં—સારાં.
કૃત્ય (સં.) કામ.
નર નારી (સં.) ભાયડો ને બાયડી; માટી ને બઇએર.
પવિત્ર (સં.) ચોખ્ખું, ધર્મિષ્ટ.
પુત્ર (સં.) છોકરો.
માયા(સં.) ઈચ્છા; માયા.
પુરૂષ(સં.) મરદ. ભાયડો.
આંગણુ—આંગણું.
વચ્ચુ—વચ્ચે.
માત (સં.) મા; માજી.
ઉપની—ઉપજી; આવી.
પ્રીત—હેત; પ્યાર.
શુભ(સં.)સારૂ; મંગળીક.
પોઢાડે—સુવાડે.
જોડ—સાથે.
કુંવર—છોકરો.
કોડ—હોંસ.
મોટેરૂં—મોટું.
બાળ(સં.) બચ્ચું.
આળ—તોહોમત.
વાચા(સં.) બાન; સમજ; બોલવાનું જ્ઞાન.
મનુષ્ય (સં.) માણસ.
પગલાં—ડગલાં.
અદકી—ઘણી.
સુત (સં.) છોકરો.
જળ (સં.) પાણી.
રોવારતો—રડાવતો.
દપકો (હિં.) દોષ.
દસવાનો—કડવાનો.
દોટ—દોડવું; ગબરડી.
કોટ—ડોક; ગરદન.
મરડી—આમળી; વાંકાવાળી; બાંગી.
દીશ(સં.)તરફ.
શીશ(સં.)માથું.
ચેતાવી—ખબર આપી.
ચેતી—જાણ્યું.
કર્મ(સં.)કામ; નસીબ.
દૃષ્ટાંત(સં.) દાખલો.
કવિ (સં.)કવિતા જોડનાર; પદ્ય બાંધનાર.

(કવિતાની સમજુતી). (૨).

સિદ્ધપુર કરીને ગુજરાતમાં પાટણની પાસે સરસ્વતી નદી ઉપર એક ગા-

મ છે ત્યાં નારસિંહ કરીને રાજા હતો ત્યાં એક મોટો વિચારવંત અક્કલવાળો બાહ્મણ રેહેતો હતો, અને તેને સતી કહ્યાસર ચાલનારી એક બાયડી હતી. (૧). તે બાઇને પેટે છોકરી કે છોકરો કંઇ હતો નહીં, તેથી તે ઇશ્વર ઉપર ઘણો ભાવ રાખે. ને ઘણી ઘણી તરેહના તે દાન વ્રત કરે. અને સારી નીતિથી ઘણા સારાં પરોપકારનાં કામ કરે. (૨). તે બ્રાહ્મણ ને તેની સ્ત્રી ઘણી પાક દાનત રાખે તો પણ પેટ છોકરો થાય નહીં; મનમાં બાયડી તો બધા પર ઘણીજ મમતા રાખે, તેથી તેના વરના દીલમાં પણ ઘણી દયા રેહેતી. (૩). તેને ઘેર એક નોળનું બચ્ચું, તે બારણામાં તરફડીઆં ખાતું હતું ને તેની મા તેની સાથે હતી નહીં તેથી તે બાઈના મનમાં ઘણી દયા ઉપજી. (૪). પછી તે બચ્ચું પોતાની પાસે તેણે રાખ્યું, ને તેના પર માયા રાખી સારી રીતે રોજ તેને દુધ પાય, ને સાથે પથારીમાં સુવાડે, તેથી તે બચ્ચું પણ છોકરાની પેઠે લાડ પુરા પાડતું હતું. (૫). પછી તે બચ્ચું મોટું થયું, એટલે કઇ પણ આડું અવળું કામ કરે નહીં, ને તેનાથી જો મોહોડે બોલી શકાતું નહીં, તો પણ માણસના જેવી તેનામાં ઘણી અક્કલ હતી. (૬). પછી તે નોળીઆના પગલાએ, નક્કી તે બાયડી (બ્રાહ્મણી) ને છોકરો અવતર્યો, એટલે બારણે ખુશાલીનો દાહાડો જાણીને તોરણો બાંધ્યાં, અને તે છોકરાને પારણામા સુવાડયો. (૭). જાણે દીવાળીનો દાહાડો હોય તેમ, બન્નેને ઘણી ખુશી ઉપજી, ને તેમાં બ્રાહ્મણીનું મન તો નોળીઆના બચ્ચા ઉપર ઘણુંજ; પોતાના પ્રાણથી પણ તેને વાહાલો ગણે, ને પોતાની જાત કરતાં પણ તેના પર હેત વધારે રાખે. (૮). એક દાહાડો છોકરો પારણાંમાં સુતેલો છે, એટલે તે જુવાન બાયડી પાણી ભરવા ગઇ, ને પેલો છોકરો નોળીઆને સોંપતી ગઇ, ને કહ્યું કે તારે સારૂ ઘરનો સંસાર ચલાવનાર એ છે. (૯). તું એને રડાવતો નહીં કે ગુસ્સે થઇને

મારતો પણ નહીં, હું આવીશ ત્યારે એ જો તારી કંઇ પણ ફરિઆદ કરશે તો હું તને ઘણી ગાઓ ચોપડીસ. (૧૦) એમ કહીને છોકરો નોળીઆને સોંપી તે પાણી ભરવા ગઇ, પણ ત્યાં બે ચાર ઘડીની વાર લાગી, એટલામાં છોકરો પારણામાં સુતો છે ત્યાં તેને કરડવાનો લાગ જોઇ તે પર એક મોટો નાગ ચડયો. (૧૧). તે નાગ છોકરાને અંગુડે વળગવા જાયછે એટલામાં નોળીઆએ તેને દીઠો, ને તે બોલી ઊઠયો કે મારા ભાઇને ખાવા જાયછે, ઊભો રેહે દુષ્ટ જીવડા તું નાસીને ક્યાં જતો રહેછે. (૧૨). એમ કહીને ગબરડી મૂકી ને તે છોકરાને કરડયાની પેહેલાં તે નોળીઆએ તેની ડોક ઝાલી, ને ભાંગીને તેના સાત કટકા કીધા એવામાં પછી માને પાણી ભરીને આવતી દીઠી. (૧૩). આ ખુશ ખબર કેહેવાને વાસ્તે નોળીઓ બારણે માની સામાં ગયો, પણ તેનાથી મોહોડે બોલાય નહીં. તે કેમ બોલીને કેહે! તેથી તે સામો જઇને ઊભો રહ્યો. (૧૪). તે નોળીઆએ નાગ મારયો તેથી તેનું મોં લોહી વાળું થયું હતું, તેથી માએ જાણ્યું કે મારા બચ્ચાને આ નોળીઆએ મારી નાંખ્યો છે, તેથી તે લોહીવાળું મોહોડું જોઇને તેના મનમાં ઘણુંજ દુઃખ લાગ્યું. (૧૫). અરે પાપી તું જીવ લેનાર શત્રુ, તેં મારા નાના બચ્ચાને મારયો, એમ કહી તેના ઊપર ભરેલું પાણીનું બેડું નાંખી દીધું. તેથી કરીને નોળીઆનું માથું ચગદાઇને તે મરી ગયો. (૧૬). ઘરમાં આવીને પછી મા જુવેછે, તો પોતાનો સૂવાડેલો છોકરો પારણામાં રડેછે, તે પોતાની માને કેહેવા લાગ્યો કે, આ મોટો સાપ મને ખાતો હતો. (૧૭). એ સાપને આપણા નોળીઆએ આ જગોએ માર્યો, નહીં માર્યો હોત તો મારૂં કામ કરતે (મને મારી નાખતે), એમ કહીને માને એ વાત જણાવી, એટલામાં તેણીએ પણ તે સાપના સાત કટકા પડેલા દીઠા. (૧૮). પછી તે બાઇએ અતિશય કકલાટ કરીને ઘણોજ અફસોસ કર્યો, ને

તેણે નોળીઆની સાથે બગવા માંડ્યું, ને તે પોતાનો પ્રાણ તજવા તૈયાર થઇ, ત્યારે લોકે તેને ઘણી શીખામણ દાધી. (૧૯). પેહેલાં આ તુ સમજી નહીં, હવે પસ્તાવો કરેથી શું થવાનું? તને હવે પશ્ચાતાપ કરવો પડ્યો. કેમકે તું પેહેલા ચેતી નહીં ત્યારે. (૨૦). એકદમ જોસ્સાથી ઉતાવળું વગર વિચાર્યું કામ કીધા થકી, હરખનો નાશ (વિવાહનું વરસી) થઇ જાયછે, તેને વાસ્તે **સામળદાસ** કવિ એવું કેહે છે કે, તે તમે આજ દાખલાથી જુઓ તો માલમ પડેછે. (૨૧)

પાઠ ૨૨ મો.

પડ્યો–મુવો.
કાચી–નાની; સગીર.
રાજપિતા(સં.) રાજનો ઉપરી; રાજગાદીનો સરદાર.
વજીર (આ.) પ્રધાન; દીવાન.
પાનીપત– પાનીપતનું મેદાન; કુરૂક્ષેત્ર. (દીલ્હીની ઉત્તરેછે.)
દુશ્મન(ફા.) શત્રુ; વેરી.
ભરતખંડ (સં.) હિંદુસ્તાન, (ભરત રાજા પરથી નામ પડેલુ.)
ખંધીખાનું(ફા.) કેદખાનું; તુરંગ.
નિર્દયપણું(સં.)ઘાતકીપણું.
અહંકાર(સં.)મગરૂબી.
અવગુણ(સં.) ખરાબ ટેવ; ગેરફાયદો.
રાજકારભાર– રાજનો વહીવટ; રાજનું મુખ્ય કામ કાજ.
નિશ્ચય (સં.) નક્કી, ઠરાવ.
વશ (સં.) આધીન.
દરજ્જો (આ.) પદવી; હોદ્દો; જગો.
નોકરી(ફા.)ચાકરી.
ભેદ(સં.)તફાવત; ફરક.
ઉમદા (આ.) સારી; મોટી; ઊંચી.

પાઠ ૨૩ મો.

અધિકારી(સં.)ઓધ્ધેદાર; હકુમતવાળા; સનંદી.
સૂબા (ફા.) રાજા તરફથી પરદેશમાં કામ ચલાવનારો;સગદારો.
શાહાજાદા(ફા.) બાદશાહનો છોકરો.
ગાંઠવા--પત કરવા.
પાધરાદોર--સીધા.
પચાવી–દબાવી.
પાદશાહી(ફા.) બાદશાહના; રાજાના.

હઠાવી—હાંકી; હરાવી.
સર કર્યું—જીતી લીધુ.
ઉમ્મર(આ.) વય.

પાઠ ૨૪ મો.

બંદોબસ્ત (ફા.) ગોઠવણ.
ચડાઈ—હુમલો.
તુટી પડયા— એકદમ ધસારો કીધો.
રાજકન્યા(સં.) રાજાની છોકરી.
આરંભ્યુ(સં.)સરૂ કીધું.
ગડબડ—ગડબડાટ; તોફાન; હુલ્લડ.
સંપ(સં)એકદિલ; એકમત.
કબીલો (આ.) પરિવાર; કુટંબ.
મદદ(આ.) કુમક.
ખાનદાન (ફા.) ઊંચું કુળ.
જમાવ(હિં.)જથો; ટોળું.

પાઠ ૨૫ મો.

દેશ નીકાલ—દેશ છોડાવી કાહાડી મૂકવો; કાળા પાણીની શિક્ષા.
સેનાપતિ(સં.) ફોજનો સરદાર.
બંડ—હુલ્લડ;ફિતુર;ડંગો.
કુટંબીઆ— પીતરાઈ; કુટંબમાં જન્મેલા.
મુગલાઈ—મોગલ લોકોનું.
બાહાલ(આ.) મુકરર; કાયમ.
મચાવનાર—ઉભું કરનાર; રચનાર.
આપઘાત—પોતાને હાથે જીવ કાહાડીને મરવું તે; આત્માઘાત.
વચગાળે—વચલે ભાગે.
પાધર·સીધું; પાધરૂં.
મનસૂબો(આ.)વિચાર; તોલ.
નિરંતર(સં.) રોજ.
ફળફળાદિ(સં.) ફળ વગેરે.
બખોલ—ખો; ખાઈ.
વિકટ(સં.)ભયંકર; કપરો; બીયામણો.
સેકડો—સો; સેંકો.
રળીઆમણા—શોભા-
વંતા; શોભાયમાન.
આનંદ(સં.) હરખ; ખુશી; સંતોષ.

પાઠ ૨૬ મો.

ફતેહ(આ.)જીત; જીતણી; દમકો.
યુસફજી—અફગાની.
નિરોગી(સં.)સુખી.
રોશનીયા(ફા.)પ્રકાશવાળા; તેજ કરતા.
નાહક(ફા.)વગર કારણે; વગર કામે.
દૂધભાઈ— આંગળીઆત; કોઠાઈ.
આગેવાન — આગળ પડનારા; કરતા હરતા; (હોળીનું નાળી એર.)
કોતર—ગુફા.
અણબનાવ—બે બનાવ; તૂટ.
એકો—એક સંપ.
અટક(હિં.) શાહેરેછે.
બળાપો—ખેદ;દલગીરી
બહાદૂરી(ફા.) શૂર.
જોર—હિમ્મત.

અવસ્થા(સં.) હાલ.
મુશ્કેલ (આ.)અઘરૂં.

પાઠ ૨૭ મો.

નસીબ (આ.) દૈવ; ભાગ્ય; તપોબળ.
અમલ (આ.) અખત્યાર;અધિકાર;સત્તા.
વારસો (આ.) વારસને જેમિલકત વારસામાં પોહોંચેછે તે.
તકરાર)ફા.) ભાંજગડ.
દાવો (આ.) હક.
જોડો–મુકાબલો; મુકાબલે બીજો.
બકતર (હિં.) લોઢાનો અંગરખો.
બુરખો (આ.) મોં પર નાંખવાનું ફકત આંખજણાય એવું જાળી વાળું કપડું.
સીમાડો–હદ; મર્યાદા
સરસાઇ–ચઢીઆતાપણું.
શુર વીર(સં.) બહાદુર નર; જોરાવર માણસ.
બિગાડ–અદાવત.
સલુક (આ.) સલુકાઇ; અદબ; મર્યાદા.
કન્યા (સં.) કુંવારી છોકરી.

પાઠ ૨૮ મો.

બદચાલ–ખરાબચાલ.
વ્યસન(સં.)નઠારી ટેવ.
દુર્વ્યસન (સં) ખરાબ ટેવ; નઠારી લત.
જુલમ(આ.) ગજબ.
કઠોર (સં.) વજ્જર; નિર્દય.
ગુનેગાર(ફા.)અપરાધી
અળખામણો–વાહાલો નહીં તે; નહીં ગમતો.
કાળજું–હૈઉં; હૃદય.
મળતીઆ–ભાઇબંધ; ગોઠીઆ; મિત્રો.
સામેલ–દાખલ.
ભલામણ–સીફારસ.
પ્રાર્થના (સં.) સ્મરણ; સ્તુતિ.
બુદ્ધિમાન(સં.) અક્કલવંત; દાના.
ગોરો–સફેદ.
મિતાહારી (સં) માફક ખોરાક ખાનારો; (મિત–આહારી).
શોક(આ.)ચસ્કસ; લત.
છેટું–અંતર; તફાવત.
રોજો(આ.) કબર ઉપર બાંધેલો ઘુમટ.
પલટણ (હિં.)લશ્કરની ફોજ.

પાઠ ૨૯ મો.

શોધન(સં.) શોધ; તપાસ; ખોળ.
પુષ્ટિ(સં.)ટેકો;મજબુતી
શાસ્ત્ર(સં.) ધર્મ વગેરેના ખુલાસાનું પુસ્તક; ધર્મ પુસ્તક.
નિશ્ચય(સં.)નક્કી ઠરાવ.
કુરાન(આ)મુસલમાની. ધર્મ પુસ્તક.
રાજવિદ્યા(સં. રાજની વિદ્યા.
પાદરી–અંગ્રેજનોગોર.
પુનર્વિવાહ(સં.) ફરીથી લગ્ન કરવું.
નાસ્તિક(સં.) પરમેશ્વર

ને નહીં માને તે; (ન-આસ્તિક).
દલીલ(આ.) દાખલા; બારો.
જાહેર(આ.)ખુલ્લુ.
વિરોધ(સં.)ટંટો; અણબનાવ; જુદાઇ.
પુરાણ (સં.) શાસ્ત્રનો ગ્રંથ, (પુરાણના અઢાર ભાગ છે).
રામાયણ(સ.) રામની કથાનું પુસ્તક.
માહાભારત(સં.) ભારથની કથાનું પુસ્તક જેમા પાંડવ કૌરવ ની મોટી લડાઇછેતે.
કવિતારૂપ(સં.) કવિતા ને આકારે.
પુસ્તક(સં.)ચોપડી.
તરજુમો (આ.) એક ભાષામાંથી બીજી ભાષામાં ઉતારો કરવો તે; ભાષાંતર.
બૈબલ (અં.) ખ્રિસ્તી ધર્મ પુસ્તક.
દોષ(સં.)ઠપકો.
આસ્થા(સં.)ભાવ.
ચાહેના-ચાહ; પ્રીતી.
બળાત્કારે(સં.)જોરજુલમથી.
કુશળ(સં.)માહિતગાર; આરોગ્ય.
સાધારણ-વચલા વાંધાના; મધ્યમ.
નરશી-ખરાબ.
મના(આ.)બંધી.
વિધવા (સં.) રાંડેલી સ્ત્રી; રાંડી રાંડ.
નાતરૂં-વરને છાડેથી અથવા તે મરી ગયેથી બાયડીએ બીજો વર કરવો તે, અથવા વરે બીજી બાયડી કરવી તે.
વિચારવંત(સં.)દાના.
નાખુશ(ફા.)દલગીર.
જજીઆ (આ.) પાઘડીવેરો; માથાદીઠ કર
જાત્રાળુ(સં.)જાત્રાવાસી કર-વેરો,

પાઠ ૩૦ મો.

જમાબંધી (આ. ફા.) વસુલ; વસુલાત.
પ્રત(સં.)જાત. ટુકડી; નકલ.
ખુલાસો (આ.) છુટ; બારી; સમજણ.
સવિસ્તર (સં.)વિસ્તાર સાથે; વિગતથી.
કાંપવું-ધ્રુજવું; થરથવું
પ્રધાન (સં.) વજીર.
કસ(સં.)રસ; તત્વ.
છુટ-જવા દેવું; બારી.
કિમ્મત(આ.) મુલ.
શિરસ્તો(ફા.)ધારો.
મુદત (આ.) ઠેરવેલો વખત.
પરગણાં-તાલુકા.
દામ(હિં)પૈસો
મુખી પટેલ-ગામનો મોટો કારભારી; ગામમાં કરતો હરતો.
ફોજદાર (ફા.) ફોજનો રાખનારો; કોટવાલ.
હકીકત (આ.) અહેવાલ; બીના.
શોભા(સં.)દબદબો.
પથારો-પડાવ;મુકામ.

પોષાક(ફા.) પેહેરવેશ; પેહેરેલાં લૂગડાં.
યુરોપીયન(અં.)અંગ્રેજ યુરોપના રેહેવાસી.

પાઠ ૩૧ મો

અવર–બીજા; બાકીના
ચલતુ–ચાલતા.
મૃગશર(સં.)પાંચમુ નક્ષત્ર. (તે હરણના માથા જેવું ત્રણ તારાનું હોય છે).
ખોજ(હિં.) ખોળ; તપાસ.
માસ (સં.)મહિનો.
ધામ(સં.)ઠેકાણું; જગો.
અંત(સં.) છેડો; છેવટ.
રોજ(ફા.)દીન; દિવસ.
સંક્રાંત (સં.) ઉત્રાંણ.
રવિ(સં.)સુરજ.
ભ્રાંત(સં.) વેહેમ; શક.
ગરજે(સં.) ગાજે.
ધમઘોર–ચડી આવવું.
આળસે(સં.) જતુ રેહે; ઓછું થાય.
ઇસવી(આ. ઇસુનું.
સન(સં.) વરસ; સાલ
ભેળીએ–મેળવીએ.
સંવત(સં.)વિક્રમનું વર્ષ.
વિક્રમ (સં.) ઉજ્જન નગરનો રાજા
શાલીવાહાન (સં.) પૈઠણનો રાજા, જેનાથી શક ચાલ્યો તે.

(કવિતાની સમજુતી). (૩).

અંગ્રેજી વર્ષનો પેહેલો મહિનો જાનેવારી જાણો, પછી બીજે ફેબ્રુઆરી આવે, તેમજ ત્રીજે માર્ચ પછી એપ્રીલ, પછી મે, ને પછી જુન ને જુલાઈ આવે, (૧). એના પછી આગષ્ટ મહિનો આવે, પછી સપ્ટેમ્બર સુખનું ઠેકાણું જાણવું (શરદ ૠતુ બેસેછે), પછી અકટોબર મહિનો, ને તેની આખરે નવેમબર મહિનો આવે (૨). પછી છેલ્લો મહિનો ડીસેંબર જોઇને, તું ખરે ખરી તેની તપાસ કર, તો માલમ પડશે કે બધા મહિના મળી એક વર્ષના ૩૬૫ દિવસ થાયછે. (૩). ચોથો, છઠ્ઠો, નવમો, ને અગ્યારમો એટલે (એપ્રિલ, જુન, સપ્ટેમબર, ને નવેમબર) એ ચાર મહિના ત્રીસ ત્રીસ દાહાડાના છે; તેમ બાકી જે રહ્યા તે બધા એકત્રીસ દાહાડાના છે, પણ તેમાં બીજો મહિનો ફેબ્રુઆરી ફકત એકજ ૨૮ દિવસનોછે. (૪). ઇસવી

સનનું ચોથું વર્ષ એટલે જેને ચારે ભાગ્યાથી કંઈ વધે નહીં, એવા વર્ષનો બીજો મહિનો ફેબ્રુઆરી આવેછે, તેનો ૧ દાહાડો વધી તે વર્ષમાં તેના ૨૯ દાહાડા થાયછે. (૫). નવું વર્ષ બેસે તે મહિનામાં એટલે જાનેવારીમાં બારમી તારીખે મકર સંક્રાંન્તી આવેછે, અને જુન મહિનાની પાંચમી તારીખે સુરજ મૃગશર નક્ષત્રને જઈ મળેછે એમાં કંઈ સંદેહ નહીં, એટલે (એ તારીખે એ નક્ષત્ર બેસેછે). (૬) મે મહિનામાં તાપ ઘણો પડેછે, જુનમાં વરસાદ ધમઘોર ચડી આવીને ગાજેછે, તેમ અકટોબરમાં પાણી ને વરસાદનું જોર નરમ પડી જાયછે (ચોમાસું પુરૂં થાયછે). (૭). ઇસવીસનના વર્ષના આંકડામાં ૫૬ ઉમેરીને સર્વાળો કરીએ. તો વિક્રમનો સંવત આવે એવો વિવેકછે. (૮). તેમજ એ સંવત વિક્રમના વર્ષમાંથી જો ૧૩૫ બાદ કરીએ; તો ચૈત્ર મહિનાથી વર્ષ ગણાય એવું શાલીવાહનનું વર્ષ આવેછે. (૯). આ સારા દસ દોહરા, **દલપત રામે અમદાવાદમાં** રહીને સઘળાને કામ લાગે એવી રીતે વિગતથી બનાવ્યા છે. (૧૦).

પાઠ ૩૨ મો.

જૂઠ—જૂઠી વાત; જૂઠાણું.
પતંગ (હિં.) માણસના આકારનો મોટો કનકવો.
કનકવા—કનકુડા; નાના પતંગ.
ઉતરાણ (સં) મકર સંક્રાંન્તી.
લાહે—ધ્યાન; અગન.
ગરમું—વાડકાજેવું મોટું ખાડા વાળું વાસણ.
ગુનો (ફા.) અપરાધ.
માફ (આ.) જવાદેવું તે.
ઉલટું—વિરૂદ્ધ; ઉંધું.

પાઠ ૩૩ મો.

આરોગ્ય (સં) કુશળ; સારી પેઠે.
સરદી (ફા.) ભીની હવા.
સુખાકારી (સં.) સુખચેન.
ચૂઆ (હિં) છાપરામાંથી વરસાદનું પાણી ગળેછે તે.
વસનાર—રેહેનાર.
તાડછા—ખજુરી કેતાડનાં પાંતરાં.
દાઝ—ઢળાણ; ઢોળાવ.
આજુબાજુ—આસે પાસે.
ગંધાતા (સં.) વાસ મારતા; પીમળાતા.
ભોગજોગે—એકાએક

છાંયડો—શીળો.
વગ—સવગડ; સુગમતા.
દુરસ્ત (ફા.) ઠીક; સારૂં.

પાઠ ૩૪ મો.

આરોગ્યતા (સં.) સુખાકારી; કુશળતા.
સંરક્ષણ (સં.) બચાવ.
બદપરહેજી (ફા.) ફરી નહીં રાખવી તે.
અગત્ય (સં.) જરૂર.
દરિદ્રી (સં.) કંગાળ; દળદરી.
રોગિષ્ટ (સં.) રોગ ઉપજે એવો.
સાધન (સં.) ઉપાય.
તનદુરસ્તી (ફા.) શરીરની સુખાકારી; શરીરે કુશળતા.
સ્વચ્છ (સં.) સાફ.
નર્યા—સુખી; નિરોગી.
અર્થ (સં.) માએનો.
આજારી (ફા.) માંદા.
મંદવાડ—બીમારી.
ગુણકારી (સં.) ફાયદાકારક; ગુણ કરે એવો.
ખોરાક (ફા.) હમેશાં ખાવાનો પદાર્થ.
સુઘડતાઇ—ચોખ્ખાઇ.
કસરત (આ.) મેહેનત. લઇ શરીરને વાળવું તે.
પળ (સં.) પલક; ઘડીનો સાઠમો ભાગ.
બાફકસર—જોઇએ તે ટલું.
બાર—બાદી; અજીરણ.
નિર્મળ—(સં.) ચોખ્ખું.
ખાળકૂવો—સંડાસનો કૂવો.
તનદુરસ્ત (ફા.) શરીરે સારૂં: શરીરે કુશળ.
ખસ—ચેળ; ખુજલી.
ભેજ—ભીની હવા; ભીનાસ.
એંઠવાડ-એંઠાં વાસણ જેમાં રાંધ્યું ખાધું હોય તે.
ગંધવાડ—ગોજવાડો.
મધ્યમ (સં.) સાધારણ.
પરસેવો—પસીનો; શ્રમ.
અવયવો (સં.) શરીરના ભાગો.
શ્રમ (સં.) મેહેનત, કષ્ટ.
જડ—મૂર્ખ; ઠોઠ.

પાઠ ૩૫ મો.

મરકી—મરવાનો રોગ; કોગળીઉં; (બીમારીનું નામ.)
શીળી—શીતળા; સૈયડ.
અતિસાર (સં.) વારેવારે ઝાડો થાય તે રોગ.
ત્વચા (સં.) ચામડી.
મુખ્યત્વે (સં.) ઘણું કરીને.
કોગળીઉં—એક રોગ.
રાવત (આ.) જેર.
જાળવવાં—સાચવી રાખવા.
યોગ્ય (સં.) ઘટારત.
હુંફાળી—ગરમી રેહે એવી; હુંફવાળી.
સાવચેત—હોંશિઆર.
ઝાડો—અથવાનું.
ઓસડ (સં.) દવા, ઔષધ.
હગઓક—હગવા ઓકવાનો રોગ; કોગળીઉં.
વ્યાપવા (સં.) પસરવા;

ફેલાવવા.
તેજાનો-મસાલો.
ઉકાળો-કાવો; ઉકાળેલી વસ્તુ.
શેક(હિં.) દેવતાની ગરમી.
હુંશિઆર (ફા.) માહિતગાર; કાબેલ.
વૈદ-દેશી હકીમ; ઓસડ કરનારો.
ઓરી-ઝીણા ઝીણા સૈયડના દાણા.
અછબડા-નાના સૈયડ.
મરજ (આ.) રોગ.
ઉજાગરો-આખી રાત જાગવું તે જાગરણ.
ગંધકી-નઠારી ગંધ.
લગોલગ-પાસે.
ફુંદવાઇ-સીંકડાઇ.
ઉથલો-પછાડો.

પાઠ ૩૬ મો.

પેગંબર(ફા.) મુસલમાનનો ધર્મો પદેશક.
અવ્યવસ્થા (સં) ગેરબંદોબસ્ત; બરાબર ગોઠવણ નહીં તે.
ઉજડ-વસ્તી વિનાનો; લોકની આવ જાવ નહીં તે.
વનસ્પતિ(સં)ઝાડ છોડવા વગેરે લીલોતરી.
વિશાળ(સં) લાંબુ પોહોળું; મોકળું.
ટોચ-મથાળું; ઉપલો ભાગ.
મેલ(અં)પોણો ગાઉ.
લગભગ-સુમારે; આસરે.
મહાસાગર(સં.)મોટો સાગર; મોટો દરિયો.
મૂળ(સં)જે પર્વતમાંથી નદી નીકળે તે જગા.
મૂળગાં-સમુળાં; બીલકુલ.
તપખીરીઓ-તપખીરના રંગ જેવો.
પ્રખ્યાત(સં.)નામીચું.
ઊંચા-મોટા ખાનદાનના.
ફુટડી-રૂપવંતી;શોભિતી; ખુબસુરત.
વ્યસન(સં.) ટેવ; લત.
પદવી(સં.) હોદ્દા;દરજ્જો
લડવૈઆ - લડાઇખોર; જોદ્ધા.
પ્રસિદ્ધ (સં.) નામીચા.
આનંદકારી (સં.) સંતોષ ઉપજે એવી.
રસાળ-રસવાળી; ફળકુપ.
પ્રાચીન (સં.) જૂના.
કાળ (સં.) વખત;યુગ.
વિખ્યાત (સં.) નામીઓ; પંકાયલો.

પાઠ ૩૭ મો.

નહોર - નખોરીઆ; નખ.
ક્રૂર(સં.)નિર્દય; ઘાતકી.
સાહેબ (આ.) ટોપીવાળો: અંગ્રેજ.
ભેળું-સાથે; એકઠું.
ઇજા (આ) દુ:ખ.
મેનાં - મધુર રાગનું પક્ષી.
બાથ-કોઇ ચીજ છાતી સાથે બઝાડી હાથે કબજામાં લેવી તે.
મદારીઓ-રમૂજી ખે-

લ કરનાર; બાજીગર.

પાઠ ૩૮ મો.

મરણ (સં.) મોત.
ભવ(સં.) બીક; ડર.
ભજવો—સેવવો; ભક્તિ કરવી.
કંથ(સં.) વર, ધણી.
ખજાનો (આ.) દોલત; ભંડાર.
જમ (સં.) યમ રાજાના દૂત.
શ્રીફળ(સં.) નાળીએર.
ઠાઠડી—ખાટલી; ફરકટી.
કાષ્ટ(સં.)લાકડાં.
ભગત(સં.) સેવક, ભક્તિ કરનાર.
ચાબખા(ફા.) પદના રાગથી ઉંચે સાદે ગાવાની કવિતા.
સ્વાદ(સં.) દમ; સાસ.
સમાઈ—સંબંધ; વળગણ.
મંગળ(સં.) લગ્ન વખતનું ચોરીનું ગીત; કલ્યાણ.
બેની—બેહેન.
બંધવ(સં.)ભાઈ.
ભીડ—આપદા.
અડશો—અડકશો.
અભડાશો—અપવિત્ર થશો; અડકાઈ જશો.
ચતુરાઈ (સં.) ડાહાપણ
નારી(સં.)બાયડી; સ્ત્રી.
અંતે(સં.)છેલ્લે; મરતી વખતે.
અળગી—આઘી.
વળગી—વદાય કરી.
પ્રાણીઆ(સં.)જીવડા; જીવવાળાં પશુ મનુષ્ય.
કિરતાર—પેદા કરનાર.
સ્વપ્નું(સં.)ઉંઘમાં જે ખોટું ચેન ઉપજે તે.
સંસાર (સં.) દુનિયાં; જગત.
દોલત(આ.)પૈસો ટકો; ઘરેણાં ગાંઠા.
પરિવાર(સં.)કુટુંબ; કબીલો.
મેડી—માળ.
અજબ (આ.)ઓર તરેહના; અજાએબ જેવા.
ગોખ—ગોખલો.
છત્રપતિ (સં.) છત્રના ધણી; લાખો રૂપીઆની મીલકત વાળા; જેને ત્યાં છપ્પન પર ભુંગળ વાગે એવા.
બાર-બારણાં,આંગણાં.
ફુલડાં—ફૂલ; પુષ્પ.
પોકાર(હિં.)બુમ; સાદ.
સેજ (સં.) ઢોલીઓ.
ફુન્નર (પ્રા.) કીસબ.
ગાળે—પીગળાવે.
સ્મશાન (સં.) મસાણ. કાંઠો.
ચેહ—ચિતા.
ખડકી—ગોઠવી સીંચી.
અગ્નિ (સં.) દેવતા.
ઝરે—તવાય; ઝરપે.
અંગાર—સળગેલા કોએલા; અંગારા.
સ્નાન(સં.) નહાવું.
વિસાર—ભૂલી જવું; વીસારી મૂકવું.

(કવિતાની સમજુતી). (૪).

જ્યાં લગી આપણા ખોળીઆમાં પ્રાણ છે ત્યાં લગી ખોળીઆને ને પ્રાણને સંબંધ છે, પ્રાણ ગયાપછી ખોળીઆને જરા વાર પણ ઘરમાં રાખના નથી જીવતો હોય છે ત્યારે બાપ કેહેછે કે મારો દીકરો, ને મા મંગળ ગાય છે; તેમ બેહેન કહે છે કે મારો ભાઇ તે કંઇ આપદાની વખત કામનોછે, અથવા (આપણો ભાઈ તે આપદાની વખત ભાઇ કેહેતો આવે.) એવી રીતે જીભમાં શ્વાસ છે ત્યાં લગ સગપણ છે. (૧) આંગણાને સારી રીતે લીપ્યું (ચોકો કીધો) ને દેહમાંથી આત્મા જતો રહ્યોતેથી દેહને બાળી મૂકવા સારૂ બાહાર લઇ જવાનો વખત થયો; ત્યારે લોકો કેહેછે કે ભાઇ તમે અડકતા નહીં તમે અપવિત્ર થશો એવી ચતુરાઇ કરેછે, કેમકે હવે જીવ જતો રહ્યો. માટે જ્યાં લગી જીવ છે ત્યાં લગીજ સગપણ છે. (૨) જ્યારે બાયડીનો ધણી જીવતો હોય ત્યારે તે બાયડી તેને જરાએ વાર સુનો મુકે નહીં, ને જ્યારે તે મરી ગયો ત્યારે તો વેગળી રહીજ; ને બોજો ભગત કેહે કે તેને મસાણ કાંઠે વદાય કીધા પછી થોડી મુદતે તુરત બીજા સાથે સગપણ કરીને ગઇ. ત્યારે જુઓ કે જ્યાં લગી જીવ છે ત્યાં લગીજ સગપણ છે! (૩).

હે જીવડા, હે આત્મા! તુ પરમેશ્વરનું સ્મરણ કરી લે, આ દુનિઆ તો એક સ્વપ્ના જેવી છે. માયા પુંજી ને માલમતા, છોકરાં છૈઆં ને કુટુંબ કબીલો, એ બધું મૂકીને તમે એક દાહાડો ચાલ્યા જશો, ત્યારે જમનાં તમે માર ખાશો. માટે હે જીવડા તું પરમેશ્વરનું સ્મરણ કરી લે, કેમકે આ દુનિયા તો એક સ્વપ્ના જેવી છે. (૪) મોટા મોટા ઉંચા અટારી વાળા માળ ને અજબ તરેહના જરૂખા કે જેમાં ગોખ (રવેસનો) પાર નહીં, તેવા તેવાને મોટા લક્ષાધિપતિ મૂકીને ચાલ્યા

ગયા ને તેના બાંધેલા અમલા રહી ગયા. માટે હે ;જીવડા. (૫). જીવ વગરના ખોળીઆ પર લાખેલા ફુલ ફરફર થાય છે ને ઊંચકવાને ચારે છેડે ચાર બાજુએ ચાર નાળીએર લટકે છે, પછી તે ખોળીયાને સારી રીતે ખાટલામા બાંધીને પછાડી રામ રામ કરીને બુમો પાડે છે; (એટલે જીવ મરી ગયો હવે તેનો ઓદ્ધાર કરો પણ હવે તે શુ થાય.)!. માટે હે જીવડા. (૬). જ્યારે જીવતો હતો ત્યારે તો ઢોલીઓ અને તે પર તળાઇ નાખ્યા વપર સુતો નહીં. ને હજારો તરેહના હુન્નર ઉઠાવતો; પણ જ્યારે દેહેમાંથી આત્મા જતો રહ્યો ત્યારે તો દેહને સંકોરીને જેમ લુહાર લોઢાને ગાળે તે પ્રમાણે બાળી મુકવાના. માટે હે જીવડા. (૭). પછી મસાણ કાંઠે જઇને ચેહે સીંચી તે મુડદાં ઉપર લાકડાનો ભાર મૂકે છે પછી આગ મૂકીને આઘા રેહે છે એટલે બધું શરીર તવાઇને બળી જાય છે. માટે હે જીવડા. (૮). મડદું બળી રહ્યું કે બધા બાયડા ને બાયડીઓ મળી નદીમાં નાહવાને (પવિત્ર થવાને જાય છે:) પછી નાહીને ઘેર આવી બોજો ભગત કેહે કે દસ દાહાડા સુધી રડી કુટી તેને વિસારી મૂકયો (એટલે મરનારો તો મૂઓ એમ કહી બેસી રેહેછે.) માટે હે જીવડા તું પરમેશ્વરનું. (૯).

પાઠ ૩૯ મો.

જાહાંગીર(ફા. જાહાં તે દુનિઆ. ને ગીર જીતવું–દનિઆ જીતવી તે; દુનિઆ જીતનારો; (સોલીમ.)

તૂટ– ભંગાણ; હરકત.

રીબાવીને–દુઃખદઇને.

લગ્ન (સં.) વિવાહ.

વેર (સં.) દુશ્મનાઇ; અદાવત.

ધાવ–ધવાડનારી સ્ત્રી.

નોકર(ફા.) ચાકર.

રૂપ(સં.)કાન્તી;સ્વરૂપ.

ખીલતું–દીપતું;શોભતું

જનાનખાનું(ફા.) બાયડીઓને બેસવાનો જુદો મુકામ.

શાદી(ફા.) લગ્ન.

મરજી (આ.) ઇચ્છા.

નિશો (ફા.) કેફ.

રાજધાની (સં.) રાજ ગાદીનું મોઠું શેહેર.

લસ્કર(ફા.)ફોજ;સેન્યા.

પાઠ ૪૦ મો.

વાહાલો—પ્યારો.
શાહાજાદો (ફા.) બાદશાહનો છોકરો.
રાણો—રાજા.
થડક્યો—ઉંફાળ્યો ; હરાવ્યો.
કીર્ત્તિ (સં) સારા કામની પ્રસિદ્ધિ; વખાણ.
શાહ (ફા.) બાદશાહ; રાજા; શાહુકાર.
ખેતાબ (આ.) ઇલકાબ; ઉપનામ.
અખ્તિઆર (સં.) સત્તા; દરજ્જો; અખત્યાર.
અદેખાઇ—કીનો; ઝેર.
લાચાર(ફા.) નાચાર; બેઇલાજ.
કબજો (આ.) હવાલો.
પાદશાહી (ફા.) બાદશાહની.
હત્યા (સં.) ઘાત; મારી નાંખવું તે.
ગાંઠશે—પત કરશે.
સાજો—સારો.
ખોદણી—મૂળ કાહાડવા; નિંદા કરવી.
સોબતી—સંઘાતી; સાથી

પાઠ ૪૧ મો.

બળતી—દાઝતી ; ચીડાતી.
તોહોમત(આ.) આળ; આરોપ.
હજુર (આ) રૂબરૂ, કચેરી.
છાવણી(હિં.)પડાવ; મૂકામ.
હલ્લા (આ.) હુમલા; ચડાઇ.
લથડીને— લડથડીઆં ખાઇને.
જમાવ(હિં.)જથો; ટોળું.
કવાયદ(આ.) લશ્કરની કસરત.
મચાવ્યું—ઊભું કીધું.

પાઠ ૪૨ મો.

તરી (ફા.) પાણી માર્ગ.
રાહાદારી (ફા.) ખુસકીનો અથવા પગ રસ્તો.
અપલક્ષણ(સં.) ખરાબ ગુણ; નઠારી ટેવ.
રૂશવત (આ.) લાંચ.
અહેવાલ (આ.) વિગત વાર હકીકત.
રાજનીતિ (સં) રાજ કરવાની નીતિ.
ખાન પાનાદિક—ખાવું પીવું વગેરે.
દુર્વ્યસની(સં.) ખરાબ લત વાળા.
હકુમત(આ.) હાકમી.
ઇજારદાર (આ. ફા) ઇજારો રાખનારા.
રૈયત(આ.) પ્રજા.
તખ્ત (ફા.)રાજ્યાસન.
વૈભવ(સ) સુખ.
લક્ષણ(સં) આચરણ; ગુણ.
અમીર ઉમરાવ (આ.) મોટા માણસો.
અતિશય(સં.)ઘણું જ.
ફટકા—ચાબખા; કોરડા
દુરાચરણ(સં.) ખરાબ ચાલ ચલણ.
વિવેકી (સં.) વિવેક કરનારા; માન મરજાદા રાખનારા.

રૂશવતખોર (આ.) લાંચીઆ; લાંચ લેનારા.
દાદ–દબદબો, દોર.
ગેરબંદોબસ્ત (આ. ફા.) બંદોબસ્ત નહીં તે; અંધેર કારભાર.
શૂરાતન (સં. બાહાદુરી.
પઠાણ (હિં.) અફગાન.
અતડો–હઠીલો; આડો; કોઇનું માને નહીં તે.
ફરેલ–મગરૂબ.
મલકાતું–હસતું.
બુદ્ધિવાન (સં.) અક્કલવંત; બુદ્ધિમાન.

પાઠ ૪૩ મો.

વરૂ–લોહી માંસ ખાનારૂં નાના વાઘ જેવું જાનવર.
વેહેળો–નાળું; ઝરો.
ઉપરવાડેથી – ઉપલી બાજુ તરફથી.
બાહાનું(ફા.)ઢોંગ;ધતુંગ.
મેંઢું–ગેટું.
ધમકી–ધુરકી; બીવડાયવું તે.
બોટેલું–મોં ઘાલેલું પતરાજી–સેખી.
દાવ (હિં.) લાગ.
મુરબ્બી (આ.) મેહેરબાન.
નિરપરાધી (સં.) ત્કસીર વિનાનું;બે ગુના.
ખોટ–તોટો; તંગાસ.

પાઠ ૪૪ મો.

તિરકસ–આડ કતરી લીટી, (આવી /)
વર્તુળ (સં.) કુંડાળું; ગોળ ચક્ર.
લંબ(સં.)બેગમ સમકોણ આણનારી લીટી.
પરિધ (સં.)ઘેર.
કાટ ખૂણો–લંબ લીટીથી થયલો ખૂણો.
વ્યાસ(સં.) મધ્ય રેષા.
સમાંતર (સં.) સરખું અંતર;(સમ–અંતર.
અંડાકૃતિ (સં.) ઇંડાના જેવો આકાર.
સપાટ–પાધરી:સીધી.
આકૃતિ(સં.) આકાર.
ચોરસ(સં.) ચોખંડી.
લંબ ચોરસ(સં.)સમાંતર બાજુ ચોખૂણું.
સમાંતર બાજુ ચોખુણુ–સામ સામેની બાજુ સરખે અંતરે હોય એવી ચોરસ આકૃતિ.
ત્રિકોણ (સં.) ત્રણ ખુણાની આકૃતિ.
અર્ધ વર્તુળ (સં.) અડધું ગોળાકાર.
લંબ વર્તુળ (સં.) ઇંડાના જેવો આકાર.

પાઠ ૪૫ મો.

અવગુણ (સં.) સારાના બદલામાં નઠારૂં કરવું તે; ગેરફાયદો.
ગુલતાન(ફા.) મગ્યાં રેહેવું; ચકચૂર થવું.
નરેશ (સં.) રાજા; માણસનો જે ધણી તે (નર–ઇશ).
ભૂતળ(સં.) પૃથ્વીનું તળીયું.
જામ(સં.)રાજા; પ્યાલું; ત્રણ કલાક.
ખાટવું–કમાવું;લાભવું.

લાણુ–નફો; આબરૂ.
ખાનપાન – ખાવું ને પીવું.
ગાનતાંન– ગાવું ને તાલ લેવો.
નાદાન (ફા.) કમ સમજનો; છોકરવાદ.
વેષ(સં.)રૂપ;ઘાટ;ઢોંગ.
બેશ (અં.) સારા.
શિર (સં.) માથું.
કેશ (સં.) બાલ; વાળ.
લવલેશ(સં.)જરા;થોડું.
નભે–ટકે; નીમે.
સમાજ (સં.) સભા.
પતરાજ–શેખી.
દગલબાજ (ફા.) દગાખોર.
તાજ (આ.) મુગટ.
હાટ–બજાર; દુકાન.
ધન માટે–પૈસાનેસારૂ.
ડાટ–જૂલમ; ગજબ.
ધનસાટ–પૈસાને બદલે.
શાણપણું–ડાહાપણ.
અજાણ(સં)અજાણ્યો.
પ્રમાણ–(સં)માન;ગણ
માણસપણું–સાલસાઇ; માણુસાઈપણું.
હાણ–નુકસાન.
રળિઆત–ખુશ.
ઠગ–ઠગારો; ધૂતારો.
હામ–હિમ્મત.
સુકીર્ત્તિ(સં.)સારી કીર્ત્તિ; સારા વખાણ.
પંકાય–નામીચોગણાય.
દરિદ્રી–(સં.) કંગાળ.
ખાર–અદાવત.
જાર (સં.) વ્યભિચાર.
અવતાર (સં.)જન્મ.
બાળજે–કાઢી નાંખજે.
જાળવજે–સાચવી રાખજે.
જંજાળ (સં.) ખટપટ. ઘર કે ધંધા સબંધી ગુંચવાડો.
પાળક (સં.) પાળનાર.
દીનદયાળ (સં.) ગરીબ પર દયા લાવનારો; તે ઇશ્વર,
પ્રબળ (સં.) જોરાવર.
બુદ્ધિબળ (સં.) અક્કલનું જોર.
અકળ–કળાંય નહીં તે.
ભૂત્તળ દત્ત (સં.) જમીનનું તળીઉં.
ચપળ સં.) હોંશિઆર; ચાલાક.
સકળ(સં.)આખું;સંપૂરણ.
અચળ(સં.)ખસે નહીં એવું; હમેશાં કાયમ.

(કવિતાની સમજુતી). (૫)

ખાવા પીવાનુંજ જેને ભાન, ને ગાન તાનમાં જે મચ્યો રેહેતો હોય, અને પોતાનામાં ગ્નાન નહીં હોય તે છતાં કેહે કે હું વિદ્વાન છું એવાને નાદાન સમજવો. (૧). માથાના બાલ સારા ચોળી હોળીને જેણે રાજાનો વેષ ધર્યો, પણ જો મૂલક જરાએ તાબે નહીં હોય તો, એ

વેષ હમેશાં નીભતોતો નથી.(૨).જે માણુસ રાજ સભામાં જઇને આજે ને આજે હું આબરૂ મેળવું એવું ઇચ્છે, પછી તે પતરાજથી કામ કરે, તો માથાનો મૂગટ દગાખોર કહેવાય–એટલે (તે દગાખોરનો ઉપરી છે એવું સમજાય). (૩). વાટમાં જઇને દુકાન માંડે, ને ધન મેળવવાને વાસ્તે ધાટ ધડે, પછી જૂઠે કાટલે નફા મેળવવા જાય તો, ધનને સાટે જુલમ થાય (એટલે પકડાય તો શિક્ષા થાય). (૪). જે માણુસ મનમાં શાણુપણું નહીં આણુશે તેને અજાણ્યો સમજવો, ને;જે માણુસા ઉપણું નહીં રાખશે તેને નફાનું નુંકસાન સમજવું (૫). ન્યાત જાતમાંના કોઇનું માઠું કરવામાં જે રાત દાહાડો ખુશી હોય, તે માબાપની ભાત ભાતની સારી વાત (શીખામણ) માને નહીં. (૬). ગામે ગામ ઠગબાજીના કામથી, બધે ઠગનું નામ ફેલાઈ જાય, એવી રીતે મૂરખનો રાજા હિમ્મતથી પૈસો મેળવે. (૭). સારી આબરૂ મેળવી હોય તે જતી રહે, ને કેફ કરી મનમાં મગ્ન થાય; તે ઠગ કેફ કરે ને બીજાને કરાવે તે વખત તો માન મેળવે. પણુ અંતે તે દરિદ્રી થાય. (૮). ઘણી અદેખાઇ કરનારો સખસ, અને વ્યભિચારનો સરદાર એ બંનો અવતાર લઇને પાપનો ભાર ભરે. (પૃથ્વી ઉપર નકામો બો જો થઇ પડે) તો તેમાં સાર કાહાડે નહીં. (૯). હે બાળક તું ખરાબ ગુણુને બાળી નાંખજે. ને આ દુનિઆની જંજાળથી સંભાળ રાખજે, તો ગરીબ પર દયા લાવનારો તારું રક્ષણુ કરનાર જે ઇશ્વર, તે તારો મરણુનો ભે મટાડશે. (૧૦). બળવાન બુદ્ધિનું જોર, ને કળાય નહીં એવું શરીર, અને પાણી ફળ જે પૃથ્વી ઉપરછે, તે બધું **દલપતરામ** કહે છેકે વાદળના દળ જેવું નાશવંતછે, પણુ હમેશાં કાયમ રેહે એવું નથી. (૧૧).

પાઠ ૪૬ મો. | ગ્રાનેટ (અં.) એક જા. | તનો પથ્થર.

પાવાગઢ } ગુજરાત-
આબુગઢ } માં પર્વ-
ગીરનાર } તો છે.

ઓપ—ચળકાટ; નૂર.

બળતણુ—બાળવાનાં લાં-
કડા; હીંદણાં.

સંધું—અધું; સઘળું.

ઇમારતો (આ.) ઉંચી
બાંધણીનાં ઘરો;
મોટી હવેલીઓ.

વાવરેછે—વાપરેછે

કુંડ(સં.) છોથી બાંધેલો
ગોળ વેહેતો ઝરો.

પાઠ ૪૭ મો.

ગ્રેટબ્રિટન (અં.) અંગ્રે-
જ લોકોનો દેશ;
(ઇંગ્લંડ, સ્કોટલંડ, ને
વેલ્સ મળી થયેલો).

આસમાની (ફા.) ભૂરો;
વાદળી.

છરા — નાની નાની
ગોળીઓ.

સોમલખાર (આ.) એ-
ક જાતનો ઝેરીખાર.

મેળવણી—ભેગ.

ચાળણી—ચાણણી.

વાવર—ખપ.

વિલાયતી—વિલાયતમાં
બનતા; (અંગ્રેજી).

પાઠ ૪૮ મો.

દેશી (સં.) વતની; પો-
તાના દેશના.

શેહેનશાહ (ફા.) મોટો
પાદશાહ.

બજાવવાનો (ફા.) અમ-
લમાં લાવવાનો.

અખત્યાર (આ.) અ-
ધિકાર; સત્તા.

ધોરણ(સં.)રસ્તો;રીત.

કારભારીઓ (ફા.) કર-
તા હરતા; મુખી.

છક—અજબ; દીગ.

કીચડ—કાદવ.

ઢેકટ-એક જાતનાંપક્ષી.

ડૂબકી—બૂડકી.

મછવો—નાની હોડી.

પાઠ ૪૯ મો.

કવચિતજ (સં.) કોઇ
વખત; જવલે.

બંડી (હિં.) બદન.

ઘાઘરા—ચણીઆ જે-
વું ઘેર વાળું ઝૂલતું
સીવેલું લૂગડું.

તાલેવર (ફા.) પૈસાદાર,

ભૂષણ (સં.) શણગાર.

કસ કસાવીને—તાણી
કકડીને; ખેંચીને.

વચલે વાંધેના—સાધા-
રણ પંકિતના.

નિયમ (સં.) ધારો.

થાણા—ચોકી; પેહેરો.

વાપર—ખપ; વાવર.

અમલદાર (આ. ફા.)
હકુમતકરનારા.

સલામતી (આ;) મુબાર
કબાદી.

વાદળી—ભુરો; ઘેરો,

સુશોભિત (સં.) સારાદે-
ખાવના; શોભિતાં.

ગાજ (અં.) એક જાત-
નું રેશમી લૂગડું.

બાકોરાં—કાંણા; બાકાં.

પાઠ ૫૦ મો.

મૂર્તિપૂજક (સં.) મૂર્તિ-
પૂજનારા.

પરદેશી (સં:) પારકા દે-
શના; પર મુલકના.

પરવાનગી (ફા.) રજા.

ધુમાડીઆં — ધુમાડો જવાનો રસ્તો કાહાડેલો તે.
કૂડ કપટ—દગો ફટકો.
ચમ્મર—વાળની પીછી.
નોબત (આ.) નગારાં; ઢોલ.
નિશાન (ફા.) વાવટો; ઝુન્ડો.
નેહેરો—નીકો; નેળ.
હોહો—પોકાર; સોર.
સમી—મટી; હોલવાઇ.
ચાંદી—ચોખ્ખું રૂપું.
સ્વારી(ફા.)હુમલા; ચડાઈ.
બૌદ્ધ (સં) એક જાતનો ધર્મ;(વિષ્ણુનો નવમો અવતાર.)
મત(સં.) ધર્મ; વિચાર.

પાઠ ૫૧ મો.

મનોરંજક (સં.) મનને ખુશ કરે એવું.
ચમત્કારી (સં.) નવાઈ જેવી.
સૂક્ષ્મ દર્શકયંત્ર(સં.)ઝીણી ચીજ મોટી દેખાય એવો કાચનો સંચો.
સુંવાળા—નરમ; લીસા.
નાની શૈક—નાની સરખ.
ચુસી—સોષી.
કરમોડાય—નરમ થાય; પોચો પડે.
પીદ—પીદીઉં; ભારોટીઓ.
દુર્ગંધ(સં.)ખરાબવાસ.
સ્થિતિ (સં.) હાલત.

પાઠ ૫૨ મો.

ધનવંત(સં.)પેસાદાર.
ધર્મ(સં.) કામ; ફરજ.
નિર્જળ(સં.)પાણી વગરના, (નિર—જળ.)
નવાણ—પાણી રાખવાની જગા તે કૂવા, વાવ વગરે.
ધીંગી—મોટી;મજબૂત.
ઔષધ(સં.)દવા; ઓસડ.
કાવ્ય (સં.) કવિતા.
ગળાવો—સાફ કરાવો.
સદ્ય(સં.)તુરત;જલદી.
ધર્મશાળા (સં.) પરદેશીઓને વગર ભાડે ઉતરવાનો મકામ.
નિવારો—મટાડો; સમાવો; દૂર કરો.
આદરવી — સ્થાપવી; રચવી.
ઔષધશાળા (સં.) દરદીઓને ઓસડ મળવાનું ઠેકાણું; દવાખાનું.
દુખાળા(સં.) દર્દી;દુખી.
રોગી- દર્દી; રોગવાળા.
ભીખારી (સં.) ભીખ માંગનારા.
ગળેલ—ગળાઈ ગયલા; હાડકા નીકળેલા.
જળેલ—(હિં.)દાઝેલા.
ઉધારો—કાહાડો; ખાને લખો; એકઠી કરો.
સુખસાજ (સં) સુખનો સામાન.
સસ્તો—સોંઘો.
નકારો—નઠારો.
જમાવો—કાહાડો;જારી કરો;એકઠી કરો.

કળા(સં.)યુક્તિ;તદબીર. | હોંસ–ઉમંગ; ઇચ્છા. | સુધી; ભવોભવ.
પરલોક–પારકા દેશના લોકો. | ધીર (સં.) ધીરજ. | જોગ(સં.)વખત; દાવ.
| જુગોજુગ(સં.)હમેશ. | લાવો–ઓરીઓ.

(કવિતાની સમજુતી.) (૬.)

પાણી વિનાના ગામ જ્યાં કે પાણી જોઇએ તેવાં ઠેકાણાં. કૂવા વાવ, નદી. તળાવ વગેરેને ગળાવો, તે બધાં જૂનાં હોય તેને શોધીને તુરત સુધારો, એ ધનના ધણી એટલે (મોટા પૈસાવાળાઓ) તમારો ધર્મછે. (૧) મોટી ધર્મશાળાઓ બંધાવો, કે જ્યાં બિચારા ગરીબ લોકોને ઉતરવાને જગો ન હોય તે આવીને ઉતારો કરે; તેવા માણસના શરીરના દુઃખ તમે મટાડો, એ મોટા લોકો તમારો ધર્મછે. (૨). એક લાંબી પોહોળી મોટી નિશાળ બંધાવો, ને નાના બચ્ચાને ભલી રીતે ભણાવો; કે જેથી આખી ઉમ્મર સુધીનો તમારો ઉપકાર થાય, એ મોટા લોકો તમારો ધર્મ છે. (૩). એક મોટું દવાખાનું કહડાવો, કે જેથી કરી બિચારા દરદીઓનું દુઃખ દૂર થાય; રોગી બચ્ચું હોય તેને આરામ મળે, એ મોટા. (૪). ભીખારીને જોઇને દયા લાવી બોલો, ને તેને ખાવાનું આપી ભીખારીને ભીખારી ન રાખો; પણ જેથી હજારો ઉદ્યોગનો ઉદાવ થાય એવાં કામ કરો, એ મોટા. (૫). જેના શરીર ગળાઇને બળી ગયલાં એવા અપંગ આંધળા જેનાથી ધીરજથી ધંધો ધારી થઇ શકે નહીં. એવા માણસના પોષણને વાસ્તે પુંજી ઘરમાંથી કાહાડો, એ મોટા. (૬). સંપ કરી હરેક ધારાને સુધારીને બધો સુખનો સામાન લોકોને વાસ્તે સસ્તો કરો; રોજ તમારા મનમાં કંઈ પણ નઠારા વિચાર લાવો નહીં, એમોટા. (૭). પારકે દેશ જઇને ત્યાં દુકાન કાહાડીને જમાવો, ને પારકા લોકની હજારો યુક્તિ શીખી લાવો; મનમાં ઉમંગ રાખો ને હિમ્મત મૂકી ના દેઓ. એ

મોટા. (૮). કવિતાની યોજના (કવિતા બનાવવાનું કામ) કવિ પાસે કરાવો, ને સદાકાળ ધીરજવાન છો એવું તમે નામ કેહેવડાવો; અરે માણસ ફરીને આવો વખત તમને મળવાનો નથી માટે દલપતરામ કવિ કેહેછે કે તમે સારો લાવો લઇ લો (એટલે એ પરોપકારનાં કામ કરી લો,) નહીં તો મૂઆ પછી બધું ઠેકાણે રહી જશે. (૯).

પાઠ ૫૩ મો.

દુવાઇ(હિં.) આણ; દુઆ.

સમાધાન (સં.)હર કંઇ કામનો નીવેડો; ગડબડાટ મટી જવી તે.

સવૂર (આ) મરજાદા; અદબ.

ભાઇબંધ–દોસ્તદાર.

પડતી દશા – નબળો દહાડો.

તોબા–કાયર.

સહિત (સં.) સાથે.

છેવટ–છેલ્લે; આખરે.

દુકાળ–(સ.)અનાજ પાણી નહીં મળે એવો વખત; નઠારો વખત.

આફત (આ.) દુઃખ.

બરતરફ (ફા.) નોકરીથી રજા આપવી તે.

પાઠ ૫૪ મો.

સળો–તુટ; ફુટ.

વિશ્વાસ(સં.)ભરોસો.

દોસ્તી (ફા.) ભાઇબંધાઈ; મિત્રાઇ.

વજીરાત (આ.) પ્રધાનપણું; દીવાનપણું.

મૂળ પુરૂષ(સં.)પેહેલો સખસ.

કોલ કરાર (આ.) વચન સાથે કરેલો બંદોબસ્ત.

ખંડણી–કર; ચોથ.

વળ્યું–ફાવ્યુ; ચાલ્યું.

પાઠ ૫૫ મો.

હુંપદ–ગર્વ; અહંકાર.

મર્દાની (ફા.) મરદના.

મિત્ર ભાવે(સં.)દોસ્તીની રાહે.

ડોળ–ભપકો; ચેહેરો.

યુક્તિ(સં.) તદબીર.

મિજાજ (આ.)સ્વભાવ.

સ્વાર્થ (સં.) મતલબ; ગરજ.

દગાબાજી (ફા.) દગોફટકો.

સૂક્ષ્મ (સં.) ઝીણી.

હિમ્મતવાન (આ.) બાહાદુર; છાતીવાળો.

દંડ કુસ્તી (સં.) ભોંયપર પડી કસરતથી શરીર વાળવું તે.

શોભાયમાન (સં.) રૂપાળો; શોભિતો.

પ્રમાણિક (સં) સાચો.

ઉદાર(સં.)મોટા મનનો; દાતાર; સખી.

ઉતાવળીઆપણું – હર કંઈ કામમાં દોડાદોડ અથવા તાકીદ કરવી તે.
દરૂાડીઓ – દારૂ પીનાર; છાકટો.
મરણતોલ (સં.) મરવા જેવો.
પક્કાઇ–ખંધાઇ.
છળ (સં.) દગો; કપટ.
પરાજય (સં.) હાર.

પાઠ ૫૬ મો.

મુકાબલો (આ.) બે ચીજ સાથે સરખાવવી તે; મેળાપ.
ઘસારો–ઘસાવડો; ઘુમલો.
ટોટો–ફટાકો.
સ્તુતિ (સં.) પ્રાર્થના; વખાણ; કાલાવાલા.
હોદ્દા–અંબારી.
તીર (ફા.) બાણ.
શાહુડી – સીસોળીઆના પીછાનું જાનવર.
માલીક (આ.) ધણી.
બેડીઓ (હિં.) કેદીના હાથપગમાં જડવાનાં કડાં તથા સાંકળ.
આબાદ (ફા.) ફળદ્રુપ; સુખી.
ઠાઠ–દોર; દબદબો.
ભારે–દબદબા ભરેલો.
નવેસર–ફરીથી.
મસ્જિદ(આ.) મસીદ.
રોજો (ફા.) કબર પર બાંધેલો ઘુમટ.
તાજ મેહેલ(ફા. આ.) રાજ ગાદીનો મ્હેલ.

પાઠ ૫૭ મો.

અસર–ફળ;પરિણામ.
સફર(આ.) વાહાણમાં બેસી જળમાર્ગે મુસાફરી કરવી તે.
રાચરચીલું–ઘર શણગારને શોભતો સામાન.
કારીગર(ફા.) કીસબી; હુનરનો જાણનાર.
ઇત્યાદિ (સં.)એ શિવાય; એ વગેરે.
શરજ્યાં– પેદા કીધાં.
સરજનાર–પેદાકરનાર.

પાઠ ૫૮ મો.

ઇશ્વર પ્રાર્થના.(સં.) પરમેશ્વરની સ્તુતિ; સ્મરણ
ભૂમી (સં.) જમીન.
તીક્ષણ (સં.) બારીક.
ભાણ (સં.) સૂરજ.
ગુપ્ત(સં.) છાનું.
નેણ)સં.) આંખ.
ગિરિ (સં.) પર્વત.
વંદું (સં.)નમસ્કાર કરૂં.
અવિનાશ (સં.) જેનો નાશ નથી તે, પરમેશ્વર, (અ–વિનાશ).
ગ્રહ (સં.) સૂર્યની આસપાસ ફરતા તેજસ્વી તારા.
રૂતુ–રત; મોસમ.
ભગવંત(સં.) ભગવાન; ઇશ્વર.
પરઉપકાર (સં.) પારકા ઉપર ઉપકાર.
અનંત (સં.) જેનો છેડો નહીં તે, (અન–અંત.)
પરમેશ (સં.) મોટા ઇશ્વર, (પરમ–ઇશ).

સદ્‌ગુણ(સં.)સારાગુણ.
કરેય-કર.
ઉદ્દેશ(સં.)મનની ધારણા; મન કામના.
અપરાધી સં.)ગુનેગાર.
નિર્લજ(સં.)બેશરમા.
કરગરી-કાલાવાલા કરી.

સત નામ-સાચા નામે; સાચા ભાવથી.
હરી(સં.) ઇશ્વર; પ્રભુ.
ગુફા(સં.) બખોલ; પાહાડનું પોલાણ.
નિહાળતો-જોતો.
બેણુ-શબ્દ; સુકન.

કરડાં-આકરાં.
ઇનસાફ(આ.)ફેંસલો.
બેશરમા-શરમવગરના; નફ્ફટ; નિર્લજ.
ઠરાવ(હિં) નિશ્ચય.
બનાવ-બીના; હકીકત; હેવાલ.

(કવિતાની સમજુતી). (૭).

જે ઇશ્વરની લીલાથી પૃથ્વી, પાણી, પર્વત, અને આકાશ એ સઘળું બન્યું તે જે (નાશવંત નથી.) એવા ઇશ્વરના જશને હું ઘણો નમસ્કાર કરૂં છું. (૧). ચંદ્ર, સુરજ અને તેની અસપાસ ફરતા નાના તારાની ગતિ; અને રાત દિવસ ને ૠતુ તથા ધાતુ ઝાડ ને જાનવરો, એ સઘળા ને ઓ ઇશ્વર તારોજ આધાર છે. (૨). અરે પ્રભુ તેં આ દુનિઆમાં કેવી કેવી તજવીજો કીધી છે; તારા પરમાર્થ કામની ચતુરાઇમાં અને તારા ડહાપણમાં કશી વાતનો પાર નથી, એટલે તે બેહદ છે. (૩). તારી નીતિના રાજમાં હે મોટા ઇશ્વર તું મારૂં રક્ષણ કર, એને હું નિત્ય સદાચરણથી ચાલું એવી મારા મનની ધારણા છે તે તું પાર પાડ. (૪). હું ઘણો પાપી જીવડો છું, ને અઘટિત કામ હું કરૂંછું; તે બધાથી હું સાચે ભાવે તારી પ્યારી સ્તૂતિ કરીને, કહુંછું કે તું મને બચાવી લે. (૫).

હે પ્રભુ! તેં સઘળી શક્તિ ધરેલી છે. છેક ખૂણામાં વાત બને કે દિલરૂપી ગુફામાં (એટલે મનમાં) હોય તો પણ તું ઝીણી આંખથી જુએછે. (૬). જેને હું છાનું જાણું તેનો તું અજાણ નથી; મારા ભૂંપા કામ તું ધારી ધારીને જુએછેઃ—એવો તું જોરાવર જગતનો સુરજ (ઇશ્વર) છે. (૭). જે જે અહિયાં હું પાપ કરૂં છઉં ને નઠારા

શબ્દ ઓચરૂં છઉં; તે બધાને તું નોંધી રાખીને તેને વાસ્તે મારા તરફ કરડી નજર કરેછે. (૮). જે મેં અહિયાં પુન્ય પાપના જમે ઉધારો કર્યાં છે; તે બધું (એટલે પુન્ય જમે થયું ને પાપ ઉધનુ) તે મુઆ પછી તારે ત્યાં ઈનસાફમાં વંચાયછે. (૯). હે મોટા બાપ જગતના ધણી), એ મારા નિર્લજ કામ વિષે તું માફ કર; હું શું મોઢું લઈને ઓ સારા નામ વાળા પ્રભુ તારા પગ પાસે આવું ! (૧૦). તે માટે હવે હું કદી પાપ કરૂં નહીં એવો હું પૂરો નિશ્ચય કરૂં છું; કેમકે અહિયાં છાનો બનાવ જે કંઇ બનેછે તેની પ્રભુ તને પલ પલની ખબર છે. (૧૧).

પાઠ ૫૯ મો.

પરાળ—ભાતનું ઘાસ.
જુગતી(સં.)હીકમત.
લાટ—લોઢાના દાંતાવાળું દાબવાનુ ફરતું ચક્કર.
ચરે ચૂરા—ભુક્કે ભુક્કા.
નીંતરી—વહી.
ઘોકડો—ઘોડા; થોક.
સકજે (ફા.) સંચો.
બ્લાટીંગ (આ) શાહી ચૂસી લેનારા.
ધા—ધાગો; દસ્તો.
રીમ (અ) વીસ ધાયાના કાગળનો થોકડો.

પાઠ ૬૦ મો.

પેનસિલ (અં.)સુખડપેન.
નવાઇ—અચરતી.
ચીકણા—ઝટ ભાંગે નહીં તેવા; ચીકવાળા.
પ્લંબેગો (અં.) એક જાતનો કોયલા તથા લોઢાનો થયલો પદાર્થ.
લુગદીઓ—લોંદીઓ; ગોળીઓ.
માંજીને—અજવાળીને.

પાઠ ૬૧ મો.

ગજ્જેલ—ખરૂં લોહું.
ધરી—આંક.
સીડર (અં.) એક જાતનું લાકડું.
સુગંધી(સં.) ખુશબો.
કરવત (સં.) બે જણા સામ સામા વેહેરે એવી આરી.
ખોભણુ—ચીરો;ખાંચ.
ચોખંડી—ચોરસ.
સુતર—સેહેલું; સુગમ.
વીગતવાર—વીગતની સાથે; તપસીલથી.

પાઠ ૬૨ મો.

કાસલ—કમોદ, સંતપાનાસ.
અરસો (આ.) વખત.
નિરાંત(સં.) ચેન; સુખ.
વિષેશી—પાકી વાકી.

ઉગમણી—પૂર્વ તરફની.
સરહદ (આ.ફા.) સીમા.
તાલુકદાર(ફા.) પ્રગણા-
નો ધણી; આહાલનો
રાખનાર.
મારા—કસાઇ; મારી-
નાંખનારા.
ચડતી દશા—આબાદી.
સંદેહ(સં. વેહેમ; શક.
સડ્યા—કોહ્યા; સળ્યા.

પાઠ ૬૩ મો.

નીચાણ—નીચલુંપાસું.
અભિમાની(સં.) અહં-
કરી; મગરૂબ.
ચંચળ(સં. હોંશિયાર.
ચતુર સં.)ડાહ્યા.
કારભાર(ફા.)મોટું કામ-
કાજ.
ચોકસી હિં.) તપાસ.
વનરાજ (સં.) વનનો
રાજા.
લૂટફાટ—જોરજુલમથી
લુટી લેવું તે.
ઘાટ—પર્વત આગળના.

પાઠ ૬૪ મો.

છળભેદ(સં.) પ્રપંચ;
દગો ફટકો; કુડકપટ.
શરણે—આસર.
કેહેણ—તેડું; કહાવી
મોકલવું તે.
પોલાદ—ખરૂં લોઢું.
ખંજર(ફા.)કટાર;કટારી
જખમી(ફા.)ઘાયલ;શ-
રીરના હર કંઇ ભાગ-
પર હથિયાર વતી-
ઝટકો લાગેલો તે.
ફુટ—તૂટ; બેદિલી.
કોઠી—લાતી; વખાર;
(પર રાજ્યમાં વેપાર
સારૂ મળેલી જગ્યા.)
બચાવ—સંભાળ.
સિક્કા(ફા.)ધાતુપર સ-
રકારી ચલણનીછાપ
પાડેલી; મોહોરો.

પાઠ ૬૫ મો.

શિષ્ય (સં.) ચેલો; શા-
ગીર્દ.
દ્વાર (સં) બારાણું.
તસ્કર (સં.) ચોર.
વણિક (સં.) વાણિયો.
પુરી(સં.)નગરી;શેહેર.
અંધેરી—અંધેર નગરી;
જ્યાં ઇનસાફનું ખ-
રાબર ઠેકાણું નહીં તે
ગંડું—ગાંડો.
ટકો—બે પૈસા; રૂપીઓ.
ખાજા — કાણાં કાણાં
વાળી સફેત પૂરી.
બૂરી—ખરાબ; નઠારી.
ગુરૂ (સ.) ધર્મોપદેશક;
શિક્ષક.
ચેલો(હિં.) શાગીર્દ.
સૂખડી—કોરી મીઠાઇ.
આટો—લોટ.
ખાટયો—જીત્યો; કમા-
યો.
શાહ (ફા.) શાહુકાર.
ન્યાય (સં.) ફેસલો.
વાસો—પડાવ; મુકામ.
બોધ (સં.) ઉપદેશ.
ખાસો(આ.) મજાનો.
યોગ્ય (સં.) ઘટારત.
તાજા—માતા; જબરા.
સુણો—સાંભળો.
ખાતર—મોટું બાકું.
દબાયા—કચડાયા.
માત (સ.) મા; માજી.
પ્રભાત (સં.) વાહાણું;

સવાર.
ફરિયાદ (ફા.) અરજ; દાદ; રાવ.
શૂળી–ફાંસી.
દાદ (ફા.) અરજ; ફરિયાદ.
ખૂન (ફા.) હથિયારથી મારી નાંખવુ તે.
ઠાર–ઠેકાણુ; જગો.

(કવિતાની સમજુતી.) (૮).

એક અંધેર નગરી હતી ત્યાંનો રાજા ગાંડો તેથી ત્યાં રાજ્યનું બરાબર ઠેકાણું મળે નહીં; ત્યાં એક ટકાની શેર ભાજી અને ટકાના શેર ખાજા મળે. એવી રીતે બધી ચીજ એકજ ભાવે વેચાતી, તેમાં સારી કે નઠારી હોય તે વિવેકથી વેચાતા નહીં હતા. (૧). તે અંધેર નગરીમાં એક ગુરૂ અને તેનો ચેલો જઇ પહોંચ્યા, તેમાં પેહેલાં તો તે ગામમાં તે ચેલો ભીખ માંગવા ગયો, ત્યાં બજારમાંથી તેણે લોટ આપીને તેટલી મીઠાઇ લીધી, તે લઇ આવી ગુરૂને કેહેવા લાગ્યો કે હું તો આજ બહુ કમાઈ આવ્યો, એવો કે (આટો આપીને બરફી લાવ્યો. (૨). ત્યારે તે ગુરૂએ ચેલાને કહ્યું કે અહિયાં આપણે એક રાત પણ રેહેવું નહીં, કે જ્યાં બધી ચીજો એકજ ભાવે વેચાયછે; તો એ પ્રમાણે અહિયાં ચોરનો ને શાહુકારનો ઇનસાફ પણ એકજ હશે, અને ગુન્હાવાળાને ઘટતી શિક્ષા થતી નહીં હશે. (૩). આપણે એ શેહેરમાં એક રાત પણ રેહેવું નહીં. માટે ચાલો ચેલા તુરત આપણે બીજે ગામ જઇએ; ત્યારે ચેલો કેહે કે અહિયાં ખાવા પીવાનું પુષ્કળ મળેછે તે મૂકીને હું તો કેથે અવવાનો નથી. (૪). ગુરૂએ તેને બહુએ ઉપદેશ કીધો, કે ભાઇ અહિયાં એક રાતની રાત પડી રેહેવું એ ઘટારત નથી; આખરે તે વાત ચેલાએ જયારે નહીંજ માની, ત્યારે ગુરૂજી તો એખલા તે નગરી છોડીને બીજે ગામ ગયા. (૫). પછી પેલા ચેલાજી તો ત્યાં ઘણા દહાડા રહ્યા, ને હરામનું ખાઇ પીને ખુબ મતબાલા બન્યા; પણ ત્યાં તેના પછી કેવા હાલ થયા, તે હું

કહું તે તમે બધા ધ્યાન રાખીને સાંભળો. (૬).

એક વાર એક વાણિયાને ત્યાં ચાર ચોર ચોરી કરવા સારૂ ખાતર પાડવાને ગયા ત્યાં પરમેશ્વરના બનાવથી એવું બન્યું કે ખાતર પાડતાં ભીંત તૂટી પડી એટલે ચારે ચોર કચડાઇને મરી ગયા. (૭). ત્યારે તે ચોરની મા સવાર થઇ કે ઉપર કહેલા ગંડોલ રાજાને ત્યાં ફરિયાદ કરવા ગઈ, ત્યારે તે ડોસીની અરજ સાંભળી રાજાએ તે શેઠ (વાણિયાને) ફાંસી દેવાનો હુકમ કીધો. (૮). રાજાએ વાણિયાને કહ્યું તમે એવું ઘર કેમ બંધાવ્યું કે તે ઠેકાણે ખૂન થયા; તે એ કે કાલે રાતે ખાતર પાડતાં ચાર ચોર દબાઇને કચડાઇ મૂઆ. (૯).

પાઠ ૬૬ મો.

વાં–કતકસીર; ગુનો.
અપાર (સં.) ઘણોજ; જેનો પાર નહીં.
ખોડ–ખામી; કસૂર.
ઉચ્ચાર(સં.)વેણ;શબ્દ.
પખાલી–ભીસ્તી.
લેશ (સં.)જરા; થોડી.
પુરપતિ (સં.) શેહેરનો રાજા.
મુલ્લા (ફા.) હોરા લોકોનો ધર્મ ગુરૂ, (મુસલમાનમાં એક ધર્મની પદ્વી છે).
અધિક (સં.) ઘણું.
છાંડો–મૂકો; છોડો.
નિરધાર (સં.) નક્કી.
ભૂપ (સં.) રાજા.
જોગી (સં.) સાધુ.
અદ્દભૂત (સં.) અજાએબ.
અવસર(સં.) વખત.
વેગે–ઝડપથી; તાકીદે.
વિમાન સં.) સ્વર્ગની પાલખી; કૈલાશ વાહન.
પૂર્ણ (સં.)બરાબર;પૂરો
પ્રતાપ(સં.) મેહેર; મેહેરબાની.
આંચ–એબ; કલંક.
ભણેલ–ભણેલા.
ભૂપતિ (સં.) રાજા; પૃથ્વીનો ધણી.

(કવિતાની સમજુતી). (૯).

ત્યારે વાણિયાએ બચાવમાં રાજાને જવાબ દીધો કે એમાં કડીઆની તમામ કસૂર છે, આપ જો વાજબી વિચારીને જોશો તો એ

કામમાં જરાએ મારી ચૂક નથી. (૧૦). ત્યારે કડીઆને ફાંસીનો હુકમ થયો ને વાણિયો તો બચી ગયો, ત્યારે કડીઆએ કહ્યું કે રાજાજી એ તો ગારો કરનારની ભૂલ થઇ છે. (૧૧). ત્યારે ગારો કરનારો બોલ્યો, કે પાણી વધારે પડયું તેથી ગારો ઢીલો થયો, તેથી એ ભૂલ તો પખાલીની છે એમાં મારો જરાએ વાંક નથી. (૧૨). ત્યારે શેહેરના રાજાએ પખાલીને કહ્યું કે જો તું ફાંસીએ જાય તો હવે પછી આ ગામમાં આવા ગુના થશે નહીં. (૧૩). ત્યારે પખાલીએ કહ્યું કે મુલ્લા રસ્તામાં નીકળ્યો તેની તરફ મેં જોયું તેથી પાણી વધારે પડી ગયું, માટે હે રાજાજી મારા ઉપરથી રીસ કહાડી નાંખો (મારો ગુનો માફ કરો). (૧૪). ત્યારે મુલ્લાજીને મારવાને નક્કી ઠરાવ કીધો, ને શૂળી પાસે તુરત તે મુલ્લાને લઇ ગયા. (૧૫.) તે શૂળીનું પળ જાડું હતું ને મુલ્લાનું શરીર પાતળું (તેથી ફાંસીનો ગાળો ઢીલો પડે એટલે બેરવેલું નીસરી જાય), એ વાત ચાકરે રાજાને જઇને કહી. (૧૬). ત્યારે રાજાએ કહ્યું કે તમે વારે ઘડીએ આવીને પુછયા શું કરોછો, જાઓ કોઇ જાડો હોય તેને શોધીને શૂળીએ ચડાવી દો. (૧૭). એટલે શોધતાં શોધતાં એ જાડા ચેલાજી હાથમાં આવી ગયા, તે ઘણા દહાડાનો ખાઇ પીને શરીરે મતવાલો બન્યો હતો. (૧૮). તે ચેલો તો થોડા દહાડાની રજા રાજા પાસેથી માંગીને ગયો, ને ગુરૂ પાસે આવીને પસ્તાવા લાગ્યો, ત્યારે ગુરૂએ આવીને એક અજબ ઉપાયથી તેનો જીવ બચાવ્યો. (૧૯). તે ગુરૂએ શૂળી પાસે જઇને કહ્યું કે રાજા કાને સાંભળ, આ વખતે જે કોઇ ફાંસીએ ચડે તેને તુરત વૈમાન મળે. (૨૦). ત્યારે ચેલો બોલ્લો કે હું ચડું ને ગુરૂ કેહે હું ચડું, (એમ પેલા મૂરખ રાજાને સમજાવવાને ખાલી રગઝક કરી), ત્યારે રાજા કેહે કે લાવને હું ચડું કે જેથી મને અનંત સુખનું ઠેકાણું મળે. (૨૦). પછી પેલા

ગુરૂ તથા ચેલાને તે નગરીથી પાંચ ગાઉ દૂર પહોંચાડ્યા, અને રાજા પોતાને નામોશી લગાડીને જાતે શૂળી ઉપર રહ્યો. (૨૨). માટે જુઓ કે જે દેશમાં રાજા ભણેલા નહીં હોય ત્યાં એવા ઇનસાફ થાય, તો પછી તે દેશમાં સુધારો થશે એવી આશા તે કેમ રખાય ! (૨૩).

પાઠ ૬૭ મો.

બાપદાદા—ઘરડાવરડા.
વધારો ઘટારો—ઓછું વધતું; કમી જાસ્તી.
સંપૂરણ (સં.) સઘળુંપુરૂં.
શિળા છાપ (સં.) પથરા છાપ; પીળા કાગળ પર હાથે લખેલું પથ્થર ઉપરથી છપાય છે તે.
ગ્રંથ (સં.) ચોપડી.
લહીઓ—સારા અક્ષરનો લખનારો.
નકલ (આ.) પ્રત.
યંત્રો (સં.) સંચા.
બીજ્વવાની—બીનાવવાની.
વિભાગ (સં.) વધારે ભાગ; ભાગમાંથી ભાગ કરેલા તે.
શોભિતાં (સં.) સારાં.
વર્તમાનપત્ર (સં.) નવા સમાચારનો છાપેલો આખો કાગળ.

પાઠ ૬૮ મો.

આબરૂદાર (ફા.) ઇજત વાળો; પંકાયલો.
બગાડ—ખરાબી; નુકસાન.
ફિતૂર (આ.) ફિસાદ; હુલ્લડ.
ગરદન મારવો (ફા.) જબરજસ્તીથી જીવ લેવો; દગેથી મારવો; ઠાર કરવો.
ગ્રંથકાર (સં.) ચોપડીઓ બનાવનાર.
વિરૂદ્ધ (સં.) ઉલટું; સામું.
પ્રગટ (સં.) જાહેર; ખુલ્લું.
પાઠશાળા (સં.) નિશાળ; વિદ્યાશાળા.
વિદ્યાભ્યાસ (સં.) વિદ્યાનો અભ્યાસ—વધારો.
ઉપરી—ઉપલો અધિકારી; પોતાથી ચહડતો; વડો.
સનંદ (આ.) પરવાનો; પટો.
પુસ્તકશાળા (સં.) ચોપડીઓનો ભંડાર ભરેલો તે; કીતાબખાનું.
માજીસ્ટ્રેટ (અં.) મોટા દરજ્જાનો ફોજદારી અમલદાર.
મકાન (આ.) ઠેકાણું; ઘર.
ઉધરાણું—કંઇકામસારૂ.

બધાએ શક્તિ પ્રમાણે પૈસા કહાડી એકઠા કરવા તે.
ભંડાર (સં.) ખજાનો.
વિષયો (સં.) બાબતો.
વર્ણવ્યા (સં.) બ્યાન કર્યા; વિસ્તાર્યા.
નાટક(સં.) નાચ; તમાસાનો ખેલ.

પાઠ ૬૯ મો.

દુરદશા (સં.) ભુંડા હાલ.
કાંગારૂં (અં.) એક જાતનું હસતું પક્ષી.
અણીદાર—અણીવાળું.
કંદમૂળ(સં.)રતાળુ.શકરીઆ વગેરેનાં મૂળ.
બોજા—ભાર.
ઉંચકાવે—ઉપડાવે.
કૂકડો—મરઘો.
ઠેકડો—કૂદકારો.

પાઠ ૭૦ મો.

ખેદ(સં.)શોક; દલગીરી.
પ્રતિષ્ઠા (સં.) આબરૂ.
સાધુસંત (સં.) વેરાગી.
સ્વતંત્રપણું (સં.) આપઅખ્તિઆરી.
અભિમાન (સં.) અહંકાર; મગરૂબી.
અપમાન(સં.)ગેર આબરૂ.
ફકીર (આ.) સાંઇ.
એલચી(ફા.)વકીલ; વકીલના તરફથી મુખત્યાર.
ફુરસદ (આ.) નવરાસ.
મતલબ(આ.)હેતુ, વિચાર; સાર.
નીસરણી—સીડી.
ચોથ—ચોથા ભાગે; ચોથાઇ.

પાઠ ૭૧ મો.

વિધવા(સં.)રાંડેલી સ્ત્રી
ઓઢવવું—ગોઠવવું; જુઠું હડસેલવું.
દબાયા—હાર્યા; હઠયા.
અરજ (આ.) વિનંતિ; ફરિયાદ.
ઉકળ્યું—તપ્યું; ઉનુંથયું.
પરભારી—પારકી.
નિમક હલાલી (ફા.) કૃતજ્ઞતા; એક નિષ્ટા.
નોકરી (ફા.) ચાકરી.

પાઠ ૭૨ મો.

રાજ્યભિષેક (સં.) રાજ્ય કરવાની ક્રિયા, તે કંઇ માથા ઉપર પાણી રેડીને કરેછે.
તળા (સં.) ત્રાજવા; કાંટો; તોલ.
સલાહકાર (આ.) મસલતિઆ.
એશઆરામ(ફા.)મોજશોખ.
આમદાની (ફા.) ઉપજ.
સરપાવ (ફા.) ઇનામ; ખુશીને બદલે કંઇ બક્ષિસ આપવું તે.
દાન(સં.) ધર્મ; ખેરાત.
લુટારા-ચાંચીઆં;જબર જસ્તીથી લૂટી લેનારા.
ટોળીઓ—મંડળીઓ.
હબશી—સીદી.
પરવારીને-નવરો થઇને.

પાઠ ૭૩ મો.

કાફર (આ.) લુચ્ચા; મલેચ.
ભુલ—ગફલત; ચૂક.
ઘોડેસ્વાર—ઘોડા ઉપર

સ્વાર થનારા.
ખંડણી—દર વર્ષનો કર.
ગબારૂં—મોટું બાકું.
સ્વાધીન(સં.)હવાલે.
કાવતરાં—દગા ફટકા.
ખસતો—વેગળો.
ઓચિંતા – એકદમ ; અજાણપણે.
ડામ—અગ ધગતા લોઢાનો ઉનો ચમકો.

પાઠ ૭૪ મો.

સુકાળ(સં.) છત; સોંઘવારી; સારો વખત.
ભાગવત(સં.) હિંદુ શાસ્ત્રનું ધર્મ પુસ્તક.
પોથી—ચોપડી.
ભાગીઓ—પંત્યાળો.
ટકતાં—નીભતાં.
અવળાં—ઉંધાં.
ચડપચડપ—ઝડપઝડપ.
ચાલાકી (ફા) ઝડપ ; હોંશિયારી.

પાઠ ૭૫ મો.

ખીલી—વાંસની ગોળ ઘડેલી સળી; ચૂંક.
સકંજો (ફા.) સંચો.
પ્રતો(સં.) નકલો.
સલ્લો—ચાળેલી ઝીણી છોનો ભીનો કોલ.
નમુનો (ફા) વાનગી; જોડો; . (મુકાબલે બીજો).
સ્ટરીઓટાઇપ (અં.) એક વાર છાપીને પછી તેના ઉપર રસ રેડ્યાથી સાથે જોડાઇ ગયલા કાયમ ઠસ્સાનાં એકઠાં બીબાં.
હિકમત(આ.)તદબીર.
પોતું—ભીનું ચીથરૂં.
ગમ—બાજુ; તરફ.

પાઠ ૭૬ મો.

પૃષ્ટ (સં.) પાનું.
અનુક્રમ (સં.) એક પછી એક આવે એવી જે ગોઠવવાની રીત.
મહાવરો (આ.) આખેપ; ટેવ.
ખબરદારી (ફા.) હોંશિયારી.
ઓજાર (આ.) હથિયાર.
લબડતા—લટકતા.
અમથાં—એખલા;ફક્ત.

પાઠ ૭૭ મો.

ફળવંત(સં)ફળદ્રુપ;કસવાળો; આબાદ.
ખુબસુરત(ફા.)રૂપાળા; શોભાવંતા.
સદતું—પાચન થતું.
મથક—મોટું ઠેકાણું.
સભ્ય(સં.)સભ્યતાઇવાળા; વિવેકી.
પ્રમાણિક(સં.) સાચા.
જહાજો(હિં.) મોટા વાહાણો.
કાથો – નાળીએરની ચોટલીનાં રેસા.
કોપરેલ—કોપરાનું તેલ.
કાફો(અં.)ગુંદ.
લીલા લેહેર—લીલું લીલું; ઠંડક ઠંડક.
જવાહિર (આ.) હીરા, માણેક વગેર.

પાઠ ૭૮ મો.

ફુટક—છુટા છુટા.
તળાસવું—ચાંપવું; દાબવું.

લાછ (સં.) લક્ષ્મી.
પામર (સં.) ગરીબં.
વહાવું–છેલરાવું;ઠગાવું.
વામવું–દુર કરવું; કાહાડી નાંખવુ.
ભદ્રા (સં) રૂડું ચાહનારી સ્રી; (ભદ્ર તે કલ્યાણ તે ઉપરથી ભદ્રા).
લક્ષ્મી(સં.)પૈસો; દ્રવ્ય.
કર(સં.) હાથ.
દીનપણું(સં.) ગરીબાઇ.
દાસી(સં.)ચાકરડી.
સતવિદ્યા (સં.) સાચી વિદ્યા.
શિરોમણી (સં.) સર્વેથી મોટી; સર્વોપરી.
પ્રૌઢા (સ.) મોટા.
સહસા (સં.) વગર વિચાર્યું; જોખમવાળું; જોસ્સાથી ઉતાવળું.
સતવાદી (સં.) સાચો.
શૂરા (સં.) બાહાદુર.
જશવંતા(સં)માનવંતા; પંકાતા; જશવાળા.
પાણિઆ--પથ્થર.
કૃત (સં.) કામ.
કટાવે–વડાવે;લેવડાવે.
મરજાદ (સં.) માનઆબરૂ.
કારજ (સં.) કામ.
અચિંત – ઓચિંતુ; એકાએક.
વિમાસવું–હાથ ઘસવા; પસ્તાવું; વીચારવું.
સાધુ(સં.)વેરાગી;સંત.
પુણ્ય (સં.) ધર્મ; દાનનું આશિષ.
વ્યસની (સં.) ખરાબ લતવાળો.
બીકણુ–નરમ; પોચો.
તાતી–ઉગામેલી;ગરમ.
આથમણો – પશ્ચિમ તરફ.
ઘાવ સં.)ઘા; ઝટકા; જખમ.
દેહ(સં.) કાયા; શરીર.
વાંઝીઓ–જેની સ્રીને છોકરાં થાય નહીં તે સખસ.
પ્રગટે(સં.) જન્મે.
પૂત (સં.) છોકરો.
રાંક (સં.) ગરીબ.
ભદ્ર(સં.)કલ્યાણ; રૂડું.
તક–વખત; સમય.
ફળે–પ્રસન્ન થાય.
બોલ–શબ્દ; વેણ.
સોતું–સાથે; શોભતું.
સુલતાન (આ.) બાદશાહ.
તુલે (સં.) બરાબર.
વેહેવાર–વક્કર; આંટ; શાખ.
દાવાદળ–ઘણુંજ; અતૂલ.

(કવિતાની સમજુતી). (૧૦).

વિદ્યાના મ્હોડા આગળ લક્ષ્મી હાથ જોડીને ઉભી રહેછે; વિદ્યા આગળ લક્ષ્મી આડું ઓડીને ચાલી જાયછે; વિદ્યા આગળ

લક્ષ્મી પગ ચાંપીને તેને નમેછે; વિદ્યા આગળ લક્ષ્મી કંગાળપ-ણાથી દાશી થઇને રહેછે; સાચી વિદ્યા એ સર્વથી મોટી છે, સાચી વિદ્યા ત્યાં ધન ઘણુંએ; સામળ કેહે સાચી વિદ્યા વિના બિચારા માણસોને મોટા પશુ જેવા જાણવા. (૧).

જે પુરૂષો વિચારવંત છે તે વગર વિચાર્યું (એકદમ જોસ્સાથી ઉતાવળું) કામ કરતા નથી, અને એવું કામ જે નહીંજ કરે તે કોઈ-થી છેતરાતા નથી; જે પૂરા વિદ્વાન હોયછે તેજ એવું વગર વિચાર્યુ કામ કરે નહીં, અને એવું કામ જે નહીં કરે તેજ સાચા શૂરા નર હોયછે; જે વગર વિચાર્યું કામ કરે નહીં તેને કીર્ત્તિવત જાણવો, ને જે એવું કામ કરેછે તેને વાસ્તે સામળદાસ કવિ એવું કહેછે કે તેને વિદ્વાન નહીં પણ પથ્થર માનવા. (૨).

વગર વિચાર્યું કામ કરનાર કોઈ દહાડો માથું કપાવે; વગર વિચાર્યું કામ કરનાર ઇજત આબરૂ ખોવડાવે; વગર વિચાર્યું કામ કરનાર પો-તાનો જીવ ખુએ; વગર વિચાર્યું કામ કરનાર કોઈ દહાડો પણ સુખ્ખે નહીં સુએ; તેમ વગર વિચાર્યું કામ કરનારને ઓચિંતું દુઃખ આવી પડે; ને એવું કામ કરવા થકી સામળ કેહે કોઇ દહાડો હાથ ઘ-સવા પડે. (૩).

પંડીતે પંડીત મળે તો તેઓને અરસ પરસ ઘણું સુખ થાય, વેરાગીને વેરાગી મળે તો તેઓનું એક બીજાનું ઘણું દુઃખ જાય; ચો-ખ્ખાની સાથે ચોખ્ખો મળે તો મોટાં પુન્ય બરાબર ગણાય; તેમ સાચાની સાથે સાચો મળે તો મોટી આબરૂ પંકાય; જૂઠા માણસને જૂઠો મળે ને વ્યસનીને વ્યસની જડે, જેમાં જેવા ગુણ મળતા તેવા જગતમાં સહેજ તેના સ્વભાવથી આવી મળે. (૪).

ગરમ (ઉગામી) તરવાર બાંધ્યાથી બીકણ હોય તે સૌથી પહેલો નાસે; ઉગામી તરવાર બાંધ્યાથી સઘળા કરતાં પેહેલો રસ્તેથી તે ચાલ્યો

આવે; ઉગામી તરવાર બાંધીને તે પોતાનાજ બખાણ કરે; અને પૂર્વ તરફની બૂમ પડે તો પશ્ચિમ તરફ ચાલ્યો જાય (આગળ પડવું હોય તો પાછલા બારણાં લે); વળી વાંકી પાઘડીઓ માથે મેલે (વરણાંગી બતાવે) ને સાવચેત થઇને પહેલાં ચહડી આવે; પણ સામળ કેહે જ્યારે મોટા ઘા માથા પર પડે ત્યારે સૌથી પહેલોજ તે નાસી જાય. (૫).

જો કોઈ ગરીબ માણસ પણ તે જીવતો હોય તો કોઈ દહાડો તેને પૈસાનો લાભ થાય; દુઃખી કાયા અથવા કોઇ દુઃખીઆરો જીવ પણ જો તે સલામત હોય તો કોઈ દહાડો પણ તેનું દુઃખ દૂર થાય; વાંઝીઓ પણ જો તે જીવતો હશે તો કોઇ દહાડો પણ તેની સ્ત્રીને છોકરો થશે; તેમ કોઇ ગરીબ માણસ પણ જીવતો હશે તો કોઇ દહાડો પણ તેને સારૂ ઘરબાર મળશે; જે નર જીવતો હશે તેને સ્ત્રી નહીં હોય તો કોઈ દહાડો પણ તે મળશે, પણ મૂઆ પછી મળવાની નથી; માટે આ વખતમાં તમે બધી સંસારની વાત વીસારી દો; ને એકે ચિત્તે પ્રભુનું સ્મરણ કરો તો કોઇ દિવસ પણ ઇશ્વર તમને તેનું ફળ આપશે. (૬).

વાણિયો જેનું નામ કે તે કદી પણ જૂઠું બોલે નહીં; વાણિયો જેનું નામ કે તે જરા પણ ઓછું તોળીને આપે નહીં; વાણિયો જેનું નામ કે જે પોતાનો બોલેલો બોલ પાળે; વાણિયો જેનું નામ કે તે વ્યાજ સાથે પૈસા આલે; વળી નામ વિવેકી વાણિયાનું કે જેની શાખ શાહુકારની બરાબર છે; પણ જો તેનો વેહેવાર તૂટયો તો પછી તેને ઘણું દુઃખ થાયછે; એટલે (તેને પૈસા પછી કોઇ ધીરતું નથી). (૭).

પાઠ ૭૫ મો.	સ્વભાવ.	ખાઇ; કીનો.
પ્રકૃતિ (સં.) તબીઅત;	દ્વેષ ભાવ (સં.) અદે.	મચાવીએ–ઉઠાવીએ.

ત્રાસ(સં.) બીક; ધાક.
નાજુક(ફા.)કોમળ; નરમ; કુમળી.
પાણી–વીત; કસ; દમ.
ખિદમતગાર(ફા.) ખિદમતમાં રહેનારા ચાકરો.
ઝલ(હિં.) બળદ, ઘોડા વગેરે પર નાંખવાનું લટકતા છેડાવાળું લૂગડું.
કસાએલા–જોરાવર ; કસ પામેલા.
ચાલાક (ફા.) હોંસિયાર; ચંચળ.
ગણતી–હિસાબ; લેખું.
કતલ(આ.)હથિયારથી કાપીને મારવું તે.
મજબૂતી(આ.) ટેકો; પુષ્ટી.

પાઠ ૮૦ મો.

છાવણી(હિં.) લશ્કરનો મુકામ.
હીણપત–નામોસી.
ખાતમીદાર(સં.) ખબર રાખનારો.
હાજી(આ.)જાત્રાળુ ; હજ કરનારા.
આદરસત્કાર(સં.) આદર ભાવ; આવકાર.
ઘાટ–વેતરણ; તોડ.
તુકડીઓ (હિં.) કડકા; ભાગ.
ધાસ્તી–બીક; ડર.
કાળા–દગા ફટકાના.
ગતિ(સં.) વલે; હાલ.
બાતમી(મં.)ખબર.
ઇતબાર(આ.)ભરોસો.
શોક(સં.)દલગીરી.
ઇતિહાસકર્ત્તા(સં.)આગળ બનેલા વર્ત્તમાનોના લખનારા.

પાઠ ૮૧ મો.

નમસ્કાર(સં.)વાંકા વળીને નમવું તે.
ઢબ(હિં.) છટા; છબારત; રીત.
ખામી (ફા.) ખોડ; કસૂર.
નિસાસો–નીસવાસ.
ચણીબોર–ઝીણાં ચણા જેવડાં બોર.
'છીંડું'–વાડ કે ખેતરમાં જવા આવવાનો રસ્તો; મોટું બાકું.
ચાંપતા–દાબતા; છૂંદતાં.

પાઠ ૮૨ મો.

ચ્પાચક્રો–હડસેલો; ધક્કો.
હાંઝાજ–હોસ; ગાતર.
ઇનસાફી(આ.) બરાબર તપાસી કામ કરનારો; વાજબીની રાહે ચાલનાર.
ઉપાડી – ઊંચકી; ઉગામી.
ઠોકચો–માર્યો; ઝીંક્યો.
ઝપાટા–સપાટા; કુન્ડા.

પાઠ ૮૩ મો.

અથ(સં.) શરૂઆત.
ઇતિ (સં.) છેવટ; છેડો.
યથાસ્થિત(સં.)જેવું જોઈએ તેવું; બરાબર.
અંતઃકરણ (સં.) હૈયું.
પરિણામ (સં.) ફળ.
બેવડો–બે વારનો; બમણો.

વીતેલી—થયલી;બનેલી.
ટગમગ—ટગર ટગર; એકી નજરે.
સંઘરતો (સં.) પાસે રાખતો; એકઠું કરતો.
સત્ય (સં.) સાચું.
આગ્રહ (સં.) બળાત્કાર.
સાહે—મદદ.
મશ્કરી (ફા.) મજાક.

પાઠ ૮૪ મો.

કાલુ માછલી—બે જોડાયલી સીપોના જોડકા જેમાંથી મોતી નીકળેછે તે.
રસી (હિં.)રસવાળું પ્રવાહી.
પાલકો—કંઈ ઉંચી ઇમારત ઉપર ચહડવા સારૂ સાકડી પાટીઆં વગેરે દોરીથી બાંધવા તે.
લંગોટો—કચ્છો; કાછડો.
વસ્ત્ર(સં.)કપડાં;લૂગડાં.
સટકીઉં—ગાળો.
મિનિટ(અં.)૬૦સેકંડ.
ચીમટો—ચીપીઓ.
ચૂંટી—વીણી.
વડ—જાત; વળ.
જૂમખા—લૂમખા.
બટન (અં.) બારીઉં.

પાઠ ૮૫ મો.

શિલા (સં.) પથ્થર.
શ્વાન (સં.) કૂતરો.
પુંજ (સં.) ઢગલો.
આભ—વાદળ; ગગન.
બંધ (સં.) બાંધવાની દોરી.
રીઝે—ખુશી થાય.
ડશે—ડંશે; કરડે.
પુષ્પ (સં.) ફુલ.
પાસ—અસર.
પુર (સં.) રેલ; પાણીનું ઓવવું; શેહેર.
થોભે—અટકે.
નીર (સં.) પાણી.
ખાડ—ખાડો.
ખાળી—અટકાવી.
લઘુ (સં.) નાનું; કુમળું.
છોટપણે (હિં.) બાળપણે; બચપણે.
ક્રિયા(સ.)વિધી; જુગત.
ભેળવો—મેળવો.
હેળવો—હળાવો
પડે (હિં.) ભણે.

(કવિતાની સમજુતી.) (૧૧).

મોટો પથ્થર અથવા પથ્થરની ગદા કુતરાની પૂછડીની સાથે રાખીને, જૂઓ તેને. હીકમતે બંધથી બાંધી લીધી; પછી તેને સીધી કરી તો પણ વાંકીની વાંકીજ; માટે જે ટેવ પડી હોય તે મટાડી કેમ મટે! (૧). ઉંટના અરાડે અંગ (શરીરના ભાગો વાંકા વળેલા છે, હવે તે ઢાંકી રાખીએ તો કોહો ઢાંક્યા કેમ રહે;) ભોંયના તળીઆ પર સૂએ તો તે આકાશતરફ નજર રાખે; માટે જે ટેવ પડી. (૨). જુઓ ના-

ગની જાતની ટેવ જે છે તે કેવી છે, કે જો તે ખુશી હોય છે તો રમેછે ને ખીજવાય તો કરડેછે; હવે તેને ઘણી ખુશીથી ઘેર પાળી રાખીએ, તો પણ જે ટેવ પડી. (૩). ઘણા ફુલના ઢગલામાં હીંગ પેસે, તો પણ તે હીંગને ફુલનો પાસ (સુગંધની અસર) લાગતી નથી; અને તેમ કરવાને કોઇ માળી માથું કુટીને મરી જાય તોપણ શું થયું ! માટે જે ટેવ પડી. (૪). સાબુ ચોપડીને કોયલા જે કાળા છે તેને દુધમાં રાખીને ધુઓ; તો કોઈ પણ દહાડો તેની કાળી જાત મટીને ઉજળી થવાની નથી; માટે જે ટેવ ટેવ પડી. (૫). ઓલો પાણીનો પ્રવાહ જતો હોય તો તેને કોણ થોભાવી શકે? ને ઓલો નેવનાં પાણી તે મોભે શી રીતે ચડે? એ પાણીને ખાડામાં કોઇ અટકાવી રાખશે તો રેહેશે? (નહીં); માટે જે ટેવ પડી. (૬). કુમળું ઝાડ આપણે જેમ વાળીએ તેમ તે વળે. તેમ તમે બચપણે જે ટેવ મુકાય તે મૂકી દો; પછી નઠારી કે સારી. પાપી કે રેહેમ વાળી ગમે તેવી હોય. પણ જે ટેવ પડી. (૭). તમે બચપણમાં ક્રિયા કેળવો (કામ કેળવીને સારાં કામ કરો) ને તેમાં ગુણ મેળવો; ને તેમાં સારી નીતિ મેળવો ને તમારો જીવ હેળવો; આ પાઠ સારી રીતે જે ભણે તેને સારી ટેવ પડે; આ સારા છંદ **કવિ દલપતરામે** બનાવ્યા છે. (૮).

પાઠ ૮૬ મો.

રચના (સં.) ગોઠવણ, બનાવટ, શોભા.
ફેપડાં(હિં.) લુગડાં.
ખાંપણુ-ખોડ, ખામી, કસર.
ચીકન(ફા.) રેસમનું ભરત
દરજી(ફા.) મેરાઇ.સુઇ.
રોજી (ફા.) રોજગાર.
રકમબંધ (આ.)જથાબંધ. સામટા.
કમાઇ(હિં.) રળતર.
લાંબો-- ઉંડો; મોટો.
રેલવે (અં.) લોઢાનીસડકનો બાંધેલો રસ્તો.
કમસમજ—બે સમજ, ઓછી અક્કલ.
હિસાબ (આ.)ચોકસ

ગણત્રી, લેખું.
આગબોટ (અં.) વરાળ ના જોરથી પાણીમાં ચાલતું મોટું વાહાણ.

પાઠ ૮૭ મો.

શાખા (સં.) ફાંટો.
શિખર(સં.)ટોચ.
બારેમાસ–આખુંવરસ.
જંગલી (ફા.) બેવકુફ, બુદ્ધિ વગરના. મૂર્ખ.
નિર્દય (સં.) ઘાતકી, દયા વગરના.
વિસ્તાર (સં.) વસ્તી. પરિવાર, હેવાસ.
પાર–સામો કાંઠો, સામો કીનારો.
નેહેરો–નીકો.
દોટી–જાડું કપડું.
મલમલ–ઝીણું લુગડું.
ગળી–એક જાતનો કાળો રંગ.
સપેતો (ફા.) ચાક.
ગુલામ (આ.) વેચાણ લીધેલો ચાકર.
રિવાજ (આ.) ધારો.
સેહેતા–ખમતા.
ઉથલ પાથલ–ફેરફાર.

પાઠ ૮૮ મો.

કરમાઈ–ચીમળાઈ.
મૂળાડીઆં (સં.) છેક ઝીણાં મૂળીઆં.
રેસા (ફા.) દોરા.
શ્વાસ (સં.) દમ; સાસ.
મોર–આંબાનાં ફુલ.

પાઠ ૮૯ મો.

તરેહવાર (આ.) જાત જાતના; જુદા જુદા.
જાંબુઆ–જાંબુ જેવા
ખડબચડી–ખાડા ખબચાવાળી.
ઝરપે–વેહે. નીકળે.
સફેદ (ફા.) ધોળું.
અર્ક (સં.) ગરમીના જોરથી સંચાએ વતી કહાડેલું પાણી જેવું તત્વ.

પાઠ ૯૦ મો.

નટ(સં.) નજર બંધીનો ખેલ કરનારા; બાજીગર; વાદી.
આસન (સં.) બેસણું, બેઠક; (શરીર વાળવાની ક્રિયા.)
નજરબંધી(ફા.) નજર બાંધીને ખેલ કરવાની ક્રિયા.
ગારૂડી (સં.) વાદી; બાજીગરો.
ખેલ(સં.)તમાસો:રમત
આકાશચઢી–આકાશની ચઢી; મદારીઓ ઉંચે થાંભલાપર ચઢડીને ચઢી જેવા દેખાયછે એવો ખેલ; પગ કસરતનો તમાશો.
તમાશો (આ.) ખેલ; રમત.
ભવાયા – ભવાઈનોખેલ કરનારા, ભાંડ લોકો.
ભવાઈ–ભવાયાનો ખેલ; ભવાયાનો તમાસો.
મોહનવેલ–મોહ પમાડે એવો વેલો.
ચાર–ચારો; ઘાસ.
બાજીગર (ફા.) વાદી; ગારૂડી.
ઠગાઈ(હિં.) ઠગબાજી.

નજરબંધ (ફા.) દ્રષ્ટીનો અટકાવ.
ચૂકવી—ખસેડી; ભૂલવી.

પાઠ ૯૧ મો.

ઢીંગ—ઢગ; અજબ.
દેરડી નાનું દેરૂં.
ગોઠવણું—ગોઠવણી.
પ્રત્યેક (સં.) દર એક.

પાઠ ૯૨ મો.

ઝુંડ (હિં.) ટોળું, જથો.
મચે—મંડે, જારી રેહે.
ચહો—ચાહો.
શુદ્ધ (સં.) બરાબર.
કૃપાળુ (સં.) દયાળુ.
ક્યારો—તરૂ સારૂ ખોદેલો પાણી ભરાયલો ખાડો.
ચાવણું—ચવેણું.
દેવ (સં.) ઈશ્વર; પ્રભુ.
પિતામાત (સ.) માબાપ.
પઢાવે (હિં.) ભણાવે.
પશુ તુલ્ય (સં.) પશુના જેવા.
પ્રમાણી (સં.) કબૂલ.
વડું—મોટું.
ઠગારા—ઠગલોક.
જીભાળું—જીભવાળો.
મર્દ (ફા.) પુરૂષ; નર.
કષ્ટ (સં.) દુઃખ.
ચૂરો—ભુકો.
ધિક (સં.) ફીટ; ફીટકાર.
જન્મ—જીંદગાની; જીવતર.
કથી—કહી; વર્ણવી.
છોટા (હિં.) નાનો, થોડો.
ઠરાવો—ઠેરાવો; કહાડો.

(કવિતાની સમજુતી). (૧૨).

મોટા બાગમાં જેમ ઝાડની ઘટા થવાને, એને મૂળમાંથીજ પાણી સીંચવાને જેમ મંડે, તેમ જો તમે સૌનો સારો હાલ થવાને ચાહતા હોય તો સુધારો થવાને સારી વિદ્યાનો વધારો કરો. (૧) દયાવંત પુર્ષ ને બચ્ચાને વાસ્તે નિશાળો કહડાવો. ને સઘળાના સુખના બીજ તમે રોપો (એટલે વિદ્યા ભણી તેઓ સુખ પામે); જેમ કે ચોપાસ ફરતી વાડ કરીને તેમાં ક્યારો કરે, તેમજ સુધારો થવાને॰ (૨). આપણને ઇશ્વરે ચવેણું ચાવવાને દાંત આપ્યા, ને જુઓ કે માબાપ જેવાએ જ્ઞાન આપ્યું; તેમ જે આપણને ભણાવે તે આપણો ખરો પાળનારો છે; માટે સુધારો થવાને॰ (૩). જે માણસ ભણેલો નહીં હોય તેને પશુના જેવો સમજવો; જે ભણેલો હોયછે તેજ માણસમાં કબૂલ થાયછે; વિદ્યા શીખવવી એ મોટું પુન્યનું કામ છે એમ ધારો; માટે સુધારો થવાને॰ (૪). ખરેખાત વિદ્યાનો ભંડાર કદી ઘટવાનો નથી;

તેને ઠગ ઠગી કે લૂટારા લૂટી જવાના નથી; જુઓ કે જે વડે (વિદ્યાએ કરીને) હજારો જીવનું પોષણ થાયછે; માટે સુધારો થવાનો (૫). જે મૂર્ખ વિદ્યા વિનાનો હશે તે બીજાઓથી ઠગાશે; તેને દુઃખમાં ડુબતો જોઇને તમે તેનો હાથ પકડો; ને તેને તમે પાર ઉતરીને ઉતારો, માટે સુધારો થવાનો (૬). જે માણસ લખીને વાંચશે તેનેજ આંખવાળો એટલે દેખતો સમજવો (નહીં તો આંધળો જાણવો); અને જે માણુસ ભણી જાણશે તેનેજ જીભવાળો સમજવો (નહીંતો મુંગો જાણવો); એવો સ્ત્રી ને પુરૂષ બંનેને લગતો એનજ ધારો છે, (એટલે બંનેને ભણવું જોઇએ); માટે સુધારો થવાનો (૭). જે માણસ ભણેલો હોય તે દુઃખનો ચૂરો કરી નાંખે (કોઇ દિવસે પણ તે દુઃખ કાપી શકે); જે ભણેલો નહિ હોય તે મનમાં ઘણોજ પસતાય છે) પછી તે એમ ધારેછે કે આ મારી જીંદગાનીને ધિક્કાર છે કે હું ભણ્યો નહીં; માટે સુધારો થવાનો (૮). તમે ખચિત માનજો કે આ વાત ધ્યાન આપવા જોગ છે, એટલે એ વાત મોટી છે; ને હું ખરૂં વિસ્તારીને કહુંછું કે એને નજીવી ગણશો નહીં; માટે બધે ઠામ ઠામ નિશાળો કહાડાવા, એવુંજ મોહોડે **દલપતરામે** માંગ્યું છે.

પાઠ ૯૩ મો.

આરણ્ કરવું (સં.)લેવું; ધરવું; ચલડાવવું.
ગૌહત્યા (સં.) ગાયને મારવી; ગાયની હત્યા કરવી; ગાય માર્યાનું પાપ, (ગૌ–હત્યા.)
મહા યુદ્ધે(સં.)ઘણી મુશકેલાઇથી.
વાદળી-ભુરા;અસ્માની.
દેવસ્થાન (સં.) દેવનું ઠેકાણું; મંદીર.

પાઠ ૯૪ મો.

કૃતઘ્ની (સં.) ગુણને બદલે અવગુણ કરનારો; નિમકહરામ.
આડા–ઉલટા: વિરૂદ્ધ.
પાધરાદોર–સીધા.
દુર્દશા(સં.) ભુંડા હાલ.
મંજૂર (આ.) કબૂલ.
બૂમાટ–પોકાર; સોર.

પાઠ ૯૫ મો.

કબાણ—કબજો; ફાંસો.
મસલહત (અ.) વિચાર.
મ્યાના—મેનો; પાલખી જેવું બેસવાનું.
દીવાનગીરી (ફા.) વજીરાત: પ્રધાનવટી.
બેવકુફી (ફા.) મૂર્ખાઇ.
મોહર (ફા.) શિક્કો; છાપ.
ઓહદો (અ.) પદવી; દરજ્જો; (અંબાડી).
તલાટું—તલાટીની નોકરી; તલાટીનું કામ.
ટોળી—મંડળી.

પાઠ ૯૬ મો.

રક્ષક (સં.) વાલી; સાચવનાર.
આહિર—ભરવાડ; રબારી.
વંશ પરંપરા (સં.) પેઢી દર પેઢી; ચંદરોકાળ.
સરદારી (ફા.) હાકેમી.
વડવો—માનો બાપ; દાદો.
તફાવત (આ.) ફેર.

પાઠ ૯૭ મો.

જુદ્ધો (સં.) લડવૈયો.
ધામધૂમ—દબદબો.
ઉલટીને—સામા થઇને.
દીવાનખાનું (ફા.) બેઠકનો મોટો ઓરડો.
બેશુમાર (ફા.) સુમાર વગરની; ઘણીજ.
ઘાણ—સંહાર; નાશ.
ફાટફુટ—બેદિલ; તૂટ.

પાઠ ૯૮ મો.

ધાડ—લૂટારાની ટોળી.
બાઇલા—નામર્દા; હીચકારા; બીકણ.
ઘા—જખમ; ઝટકો.
પરાક્રમ (સં.) ભારેકામ.
સદાકાળ (સં.) રોજ.
ચોરો—ઓટલો; ચોતરો.
લેહેર—ખુંમારી.
ભંગી—ભાંગ પીનારો.
ઝાંઝ—રીસ.
ચાબક (ફા.) ફટકો; ચાબખો.
વિસ્મય (સં.) નવાઇ.
કમબખ્ત (ફા.) ભુંડાહાલ
જોડી કાઢેલી—બનાવટની; ખોટી.

પાઠ ૯૯ મો.

ગુંદ (હિં.) કાવો.
જીંડવાં—દીંડવાં; બીઆં વાળાં ફળ.
ગર—માવો; મીંજ.
પીળચટા—જરા પીળા.
સુરભ—વાસ; સોડમ.
સરાટ—હરમો સ્વાદ.
જાગૃત્તિ (સં.) હોંશિઆરી; શુદ્ધિ. સાવચેતી.
ભોળાસ—ગળપણ.

પાઠ ૧૦૦ મો.

સજીવન (સં.) જીવવાળો.
પરિપક્વ (સં.) પૂરાંપાકાં;
રસાળી (સં.) રસવાળી ફળદ્રુપ.
અમળાવીને—વાળીને; મરડીને.
દેશાવર (સં.) પરદેશ; દેશાંતર; પારકે મૂલક.

પાઠ ૧૦૧ મો.

દાખલ (આ.) સામેલ.
નીતર્યું—સાફ; ચોખ્ખું.
સંબંધ (સં.) વળગણ.
સ્થિર (સં.) હાલે ચાલે નહીં તે; કાયમ.

યોગે(સં.) ઉપાયે; થી.
ગોફણ–વચમાં ગાળો ને બે પાસ છેડા હોય એવું ઝીણો પથ્થર મૂકી ઉરાડવાનું તે.

પાઠ ૧૦૨ જો.

આમન્યા-માન;આભાર.
સૂક્ષ્મ દર્શક યંત્ર (સં.) ઝીણી ચીજ મોટી દેખાય એવો કાચનો સંચો.
વાળાકુંચી–વાળનો નાનો કુચડો.

પાઠ ૧૦૩ જો.

લેલી – છોબંધ જગ્યા ઉપર ઘસવાનું લોઢાનું હથિયાર.
ધાવ–ધવડાવનારી સ્ત્રી.
શોભિતાં (સં.) સારાં.
દાટો–ગૂચ; દટ્ટો.
જંતું (સં.) જીવડાં.
ડંખ (સં.) ચટકો.

પાઠ ૧૦૪ થો.

દમયંતી(સં.)નળરાજાની રાણી, ને ભીમક રાજાની છોકરી.
નળ(સં.)નૈશદ દેશનો રાજા.
વિયોગ(સં)જુદા પડવું.
નયન (સં.) આંખ.
શોણિત (સં.) લોહી.
ટીંબા–ઉંચા ટેકરા.
વૈદર્ભી (સં.) વૈદર્ભ દેશના રાજાની છોકરી તે (દમયંતી.)
વલવલે- ટળવળે; વલખાં મારે.
ભામની (સં.) બઈરી.
ભે (સં.) ભય; બીક.
એકલડી– એખલી; નિરાધાર; જાતે.
રસના (સં.) જીભ.
જાપ (સં.) જપ;(એકે ચિત્તે સ્મરણ).
જપતી–ભજતી.
શુદ્ધ (સં.) ભાન.
પાય–પગ.
રૂધીર (સં.) લોહી.
આખાડે–અગડાઈ પડે.
ઠેસ–ઠોકર.
ઉઝરડા–કાપા; મોહોર.
ગરાડ-મોટા; ઉંડા.
અશુદ્ધ(સં.)ભાનનહીંતે.
ઉર (સં.) છાતી.
ધડકે–હાલે; થરથરે.
બરાડ–પોકાર.
બોય–બો; બખોલ.
રાફ–દર.
ફુંફવે–ફુંફાડા મારે.
ઘુઘવે–ઘોંઘાટ કરે.
ઘોય–ઘો કરીને સરડા જેવું બીયામણા અવાજનું જનાવર.
શોઠ–જાણ; ખબર.
વણીઅર – બિલાડીના જેવું પણ તેથી જરા મોટું પશુ.
શીકારવા–હરણ.
ચીતરા–નાના વાઘ.
શાળ–શાસો; દૃદો.
શાલુ–શોળા જેવું પશુ.
નાદ(સં.)અવાજ; સાદ.
શીમળ–સમળીનું ઝાડ.
સેકટી–સરગુઆ.
પંથ (સં.) રસ્તો;(ધર્મ).
કંટાળી–કાંટાનું ઝાડ.
થોર–થુએરીઆ.
બોર– બોરડી.

સુંદરી સં.) રૂપવંતી સ્ત્રી
ચરણે (સં.) પગે.
કામની (સં.) બાયડી.
ઝાંખરૂં -- કાંટા વાળી ડાખલી.
જટીઆં – લટીઆં ; (જટાની પેઠે ગુંચવાયલા માથાના બાલ)
રેણી(સં.)રાત; રાત્રી.
જાડું--અઘોર;બીકવાળું
ઘોર (સં.)ભયંકાર.
અન્નઉદક(સં.) અન્ન પાણી.
નિદ્રા (સં.) ઉંઘ.
સુવન– સુવાનું.

(કવિતાની સમજુતી). (૧૩).

વૈદર્ભી (વૈદર્ભ દેશના ભીમક રાજાની છોકરી ને નળ રાજાની રાણી તે દમયંતી) વનમાં અંધારી રાતે ટળવળે છે; તે જાતે સ્ત્રી જાત અને વળી એકલી તેથી તેણે ઘણો ડર લાગે છે; વૈદર્ભી વનમાં ટળવળે છે. (૧). તે રાણી દમયંતી જીભ્યાએ નળનુંજ નામ દેછે. ને તેનાજ નામના જપ જઈપા કરેછે; (વારે વારે નળ નળ એમ મનમાં બોલ્યા કરેછે) તેને શરીરનું ભાન નથી, ને અંધારી રાતે તેને પગે કાંટા ભાંગેછે; વૈદર્ભી વનમાં. (૨). તેની રડતાં રડતાં આંખો રાતી થઈ ગઈ ને આંખોમાંથી આંસુએ કરીને તેજ ઘટ્યું; ને નેત્ર-માંથી આંસુની બે ધારા ઝર્યા કરેછે ને લોહી વહેછે; વૈદર્ભી વનમાં. (૩). તે ચાલેછે પણ અહીંથી અહીં ને પાહાંથી પાંહાં એવી રીતે અથડાય છે ને પગમાં ઠોકરો વાગેછે; તેમ કાંટામાં બાલ ભરાય છે ત્યારે ચાલતી ઉભી રહીને અટકે છે; વૈદર્ભી વનમાં. (૪). તેના શરીર ઉપર ઝાડની ડાખલી વગેરેથી ઘણા નોહોર કાપ પડ્યા છે. ને તેમાંથી લોહીની ધાર વેહેછે; ને મોહોડેથી નળ નળન ઉચ્ચાર શિવાય બીજો કંઈ પણ વિચાર તેને આવતો નથી; વૈદર્ભી વનમાં. (૫). તે ઉંડા કોતરો ઉતરે ને મોટા મોટા ઉંચા ડુંગરો આવે તે પર ચહડે; ને વાઘ મોટો પોકાર મારે તોપણ તેનું દિલ ભાન વિ-નાનું (હોલેદિલ) થઈ ગયું તેથી ધડકતું નથી; વૈદર્ભી વનમાં. (૬). તેને વાંકે રસ્તે ટેકરા ટેકરીઓ ને બીહામણી ગુફાઓ ઘણી આવે;

ને સાપ દરમાં ફુંફાટા મારે ને ઘો પક્ષી માંહે ઘોંઘાટ કરે તેથી ત્રાસ પામે; વૈદર્ભી વનમાં. (૭). પશુ પંખીના જે સાદ થાય તે તેની જાણમાં આવે નહીં; તેમ વરૂ વણીઅરનો સાદ પણ ઘણો થાય ને તેની પાછળ રીંછ દોડે, તેની પણ ખબર તેને પડે નહીં; વૈદર્ભી વનમાં. (૮). ત્યાં હરણ ફુંકાર મારી રહેછે ને ચીતરા (કાબરા વાઘ) પેટમાં ધાસ્કો પાડેછે કે (એ આવશે); ફાલુ એટલે કોલા જેવા જાનવરનો પણ બહુ અવાજ થાય ને શીઆળનો સાદ પણ સંભળાય; વૈદર્ભી વનમાં. (૯). આંબા, આમલી, ને લીમડા. તેમજ એખરાનાં ઝાડ પણ બહુ; વળી સમળો સદડી ને સેકટી એ ઝાડ પણ ઘણાં, તેથી દમયંતીને રસ્તો સૂઝતો નથી; વૈદર્ભી વનમાં. (૧૦). ખેરનાં લાકડાંનાં ખાખરનાં પાંતરાંનાં, કાચકીનાં, કંટાળી અને શુએરીઆનાં ઝાડ, તેમજ બાવળનાં ઝાડ પણ ઘણાં બીહામણાં, ને ત્યાં ઘણી બોરડીઓ તેથી પણ તેને રસ્તો દેખાતો નથી; વૈદર્ભી વનમાં. (૧૧). તે ઝાડોની અંટવાઇમાં તે દમયંતી રાણી અથડાઇ પડેછે ને તેને પગે ઝાડોના વેલા વીટાઇ જાયછે; ને તે રાણીના માથાના ચોટલાના બાલ છૂટા, તેથી તે લટીઆં ઝાડ ઝાખરાંમાં ભરાઇ જાયછે; વૈદર્ભી વનમાં. (૧૨). તેના શરીરે ઝાડો અથડાય. ને શરીરનું ભાન નથી તેથી કાંટામાં તેનાથી પગ મૂકાય છે. ને નળ રાજાનું સ્મરણ કરતી જાયછે; વૈદર્ભી વનમાં. (૧૩). તેને રાત કે દિવસ કશું માલમ પડે નહીં, એવું તે અઘોર વન, ત્યાં ઘણાં બીયામણાં શબ્દ થાય. તેથી તેનું શરીર થરથર ધ્રૂજ્યા કરે; વૈદર્ભી વનમાં. (૧૪). તેને અન્ન કે પાણી કશું ભાવે નહીં ને રાત્રે ઉંઘ પણ આવે નહીં, તેમ નહીં બેસાય ને નહીં સૂવાય; એવી રીતે તે અટક રાનમાં તેને ભટકતાં ભટકતાં ત્રણ દહાડા એમ વહી ગયા. વૈદર્ભી વનમાં ટળવળે છે. (૧૫).

પાઠ ૧૦૫ મો.

દ્રુમ (સં.) ઝાડ.
પરેહરવું (સં.) છોડવું.
પુન્યસ્લોક (સં.) ધર્મા-ત્મા; કીર્ત્તિવંત, તે (નળ રાજા).
શ્યામા (સં.) બઇરી.
જાનું (સં.)ઘુટણ.
પત્નિ (સં.) રાણી.
નૈશદનાથ (સં.) નૈશદ દેશનો ધણી તે (નળ રાજા).
કાજળ—મેસ.
વ્યાકુળ (સં.) બાવરી.
દેહડી (સં.) દેહ; કાયા.
નાથ સં.)ધણી;સ્વામી
પટકુળ(સં.)લુગડું;વસ્ત્ર.
ઉલટ—હાંશ;ઉમંગ.
ભાળ—શોધ; તપાસ.
ભૂપાળ (સં.) રાજા.
કટ (સં.) કેડ.
શાર્દુળ (સં.) વાઘ.
વહાલ—હેત;ચાહા.
નૈશદ દેશી (સં.)નૈશદ દેશનો રેહેનાર; નળ.
સાવજ—વાઘ.
વનદેવી (સં.) વનની માતા, તે (દમયંતી).
કંપાય—થરથરે; બીએ.
તરૂપતિ (સં.) ઝાડનો ધણી. ઉંચું ઝાડ.
અજગર (સં.) સાપ.
વિકાશી—પોહોળું કરી.
પ્રીછયો—જાણ્યો.
વિખ(સં) ઝેર;સોમલ.
અધીર (સં.) ધીરજ વગરની; આકળી.
ચક્ષ (સં.) આંખ.
કંઠે (સં.)ગળે.
શોષ(સં.) પાણી વગર ગળે બોલાય નહીં તે.
મરણ સમે(સં.)મરતી વખતે; અંતકાળે.
પારધી—શીકારી.
જુગત (સં.) હીકમત.

(કવિતાની સમજુતી.) (૧૪).

નૈશદ દેશના રાજા નળની રાણી દમયંતી ભૂલી પડેલી તે વનમાં ભટક્યા કરેછે; તે મૂખેથી નળ નળ કર્યા કરેછે, બીજો કંઈ પણ શબ્દ બોલતી નથી; દમયંતી ભૂલી પડેલી તે ભટક્યા કરેછે. (૧). તેની આંખમાંની મેસ પણ આંસુએ ધોવાઇ ગઇ; ને તેનો સ્વામી નળ રાજા તેનું પહેરેલું વસ્ત્ર ફાડી જતો રહ્યો, તેથી તેની અડધી કાયા ઉઘાડી રહી તેના દુઃખે તે ગાભરી થઇ ગઇ; દમયંતી ભૂલી પડેલી તે. (૨). એટલામાં એક ચીતરો આવતો દીઠો, તેને હોંસથી ધીરજ રાખી, દમયંતીએ નળ રાજાની ખબર પૂછી કે ભાઇ તારા જેવી કેડ છે, તેં નળ રાજાને દીઠાતા? દમયંતી ભૂલી પડેલી તે. (૩). પછી દમયંતીએ વ-

નમાં એક વાઘને જોયો તેને દમયંતી પૂછે છે કે હે વાહાલા, તને કંઇ નૈશદ દેશના રાજા રસ્તે મળ્યા? તારા જેવીજ તેની ચાલ છે; દમયંતી ભૂલી પડેલી તે. (૪). એટલે વાઘ તો ગરભરાયો, ને બીકથી નાસી જાય કે રખે એ વનની માતા દમયંતી મને પકડશે, (કેમકે વનમાં તે રાક્ષણી જેવી દેખાતી હશે) અને બીજા પશુ પણ થરથર ધ્રૂજવા લાગ્યા; દમયંતી ભૂલી પડેલી તે. (૫). પછી ઉંચા ઝાડને પૂછ્યું કે તારી ઉંચે ડાળ ગઇ છે, માટે હે ઝાડના ધણી (સાથી મોટા ઝાડ) મને નળ રાજા ક્યાં માલમ પડે! દમયંતી ભૂલી પડેલી તે. (૬). ત્યારે ઝાડ તો કંઇ જવાબ આપે નહીં. તેમ તેમ રાણી ઘણું રૂદન કરવા માંડે; ને કેહે કે નળ રાજાથી હું જ્યારે વેગળી પડી ત્યારે સઘળા મારા શત્રુ થઇ પડ્યા; દમયંતી ભૂલી પડેલી તે. (૭). એવામાં એક મોટો સાપ મોંડું ઉઘાડી રસ્તામાં પડ્યો છે; તેને દમયંતીએ જાણ્યો નહીં, તેથી તેના મોંમાં પગ મૂકી દીધો; દમયંતી ભૂલી પડેલી તે. (૮). તેનો પગ ઘુટણ સુધી તે સાપનાં મોંમાં ગયો; તેથી રાણીને શરીરે બધે ઝેર ચ. હડી ગયું; તેથી તે બાવરી થઇને નળ રાજાને સાદ પાડીને બોલાવવા લાગી; દમયંતી ભૂલી પડેલી તે. (૯). તે સાપ તો મનમાં ખુશી થયો, કે આજ તો ભલો શીકાર હાથ આવ્યો; પણ વૈદર્ભી ઘણું ટળવળવા લાગી, નેત્ર તેના આંખના ને બંનો ઉંચાં ચહડી ગયાં; દમયંતી ભૂલી પડેલી તે. (૧૦). તેને બોલતાં બોલતાં ગળે શેરડો પડયો, ને મોંઢે પાણીનો શોષ પડ્યો; ને કહ્યું કે મરતી વખત પણ મારૂં અહિંયાં કોઇ મળે નહીં, એમ કહી જીભે નળ નળનું ધ્યાન ધરતી જાય; દમયંતી ભૂલી પડેલી તે. (૧૧). એવામાં રાણીને રડતી સાંભળીને ત્યાં એક શીકારી દોડતો આવ્યો; ને રાણીને દીઠી તો સાપના મોંમાં તેનો પગ ભરાયલો છે; દમયંતી ભૂલી પડેલી તે. (૧૨). તે શીકારીએ પછી સાપને કુહાડાનો ઘા કરીને મારી નાંખ્યો; અને હીકમતથી તે નળ

રાજાની રાણીનો પગ તેના મોંમાંથી કઢાડાવ્યો; દમયંતી ભૂમી પડેલી ભટક્યા કરેછે. (૧૩).

નળ એ મોટો ધર્માત્મા ક્ષત્રી રાજા થઈ ગયો, તે નૈશદ દેશના વીરસેન રાજાનો છોકરો; તે ઉપરથી એને નૈશદનાથ કેહે છે. દમયંતી એ વૈદર્ભ દેશના ભીમક રાજાની છોકરી, તે ઉપરથી એને વૈદર્ભી કેહેછે. નૈશદ એ બંગાળનો એક પ્રવેશ છે, અને વૈદર્ભ તે દક્ષિણમાં છે તે ઘણું કરીને (વરાડ હશે). નળ દમયંતીની આખી વાત પ્રેમાનંદ કવિએ રચેલી છે તેને નળાખ્યાન કેહેછે, તેમાં ૬૪ કડવાં છે. તેમાં આ તો ૩૭ તથા ૩૮ માં એવાં બે કડવા છે. નળ રાજાની પુઠે કળજુગ પડ્યો અને તેણે નળ દમયંતીને દુઃખી કરી તેઓ વચ્ચે વિજોગ પડાવ્યો ત્યાંથી આ ચાલે છે ૧૦૫ માં પાઠની છેલ્લી કડીમાં પારધીએ સાપના મોંમાંથી દમયંતીનો પગ મૂકાવ્યો પણ પછી શું થયું તે વાત બીજા કડવામાં છે. તે પારધીએ પછી દમયંતી ઉપર નજર બગાડવાનું કર્યું ત્યારે દમયંતીએ તેને કહ્યું કે મને છેડીશ નહીં હું સતી છઉં, પણ તેણે માન્યું નહીં. ત્યારે દમયંતીએ તે પારધીને શ્રાપ દીધો, તેથી તે બળીને ભસ્મ થયો. ત્યાર પછી દમયંતી વનમાં નળ રાજાની શોધમાં આગળ ચાલી ત્યાં તેને ઘણું દુઃખ પડયું, તેને માથે મોતીના હારની ચોરીનું તોહોમત આવ્યું. તેમજ નળ રાજા જ્યાં હતો ત્યાં તેને બાહુકજીનો વેશ લેવો પડયો, પછી તે ચાર વિદ્યા શિખ્યો વગેરે જાણવા જોગ વાતો નળાખ્યાનમાં ઘણી વિસ્તારેલી છે તે રમૂજી અને રસ પડે એવી છે; માટે તે ચોપડી વાંચેથી બધો ખુલાસો મળશે. તે ચોપડી (નળાખ્યાન) વાંચવા લાયક છે.

પાઠ ૧૦૬ ઠો.

આંગરિઓ – આંગર લઈ જનારો હયિયાંરવાળો પુરૂષ.

ચાંચિઆ – દરિઆઇ લૂટારા; લૂટી જનારા.

પેશવાઇ (સં.) પેશવા-ના રાજની ગાદી.
રજુ (આ) હાજર; હજુર.
કુલ (આ.) બધો; તમામ.
અમીર ઉમરાવ (આ.) ઉંચા કુળના માણસો; ખાનદાનવાળા.

પાઠ ૧૦૭ મો.

દુરાની (ફા.) અબદાલી લોક.
રાજભ્રષ્ટ (સં.) રાજની ગાદી ઉપરથી ઉઠાડવું.
રાજપદવી (સં.)રાજની ગાદી—હોદ્દો.
ધારા (સં)પ્રવાહ; ધાર.
પૌત્ર (સં.) છોકરાનો છોકરો.
દગાબાજ (ફા.) લુચ્ચો; દગાખોર.
કાપાકાપી—ખુના મરકી; કટાકટી; ખૂનરેજી.
ઓચ્છવ (સં.) મોટી ખુશાલીનો દહાડો; મોટો તેહેવાર; રૂડું ટાંકણું.
પુંજારીઓ — પુંજાના કરનાર.

પાઠ૧૦૮મો.

સરહદ (આ.) સીમા; મર્યાદા.
કવાયદી (આ.) કસરત કરનારૂં કવાયત જાણનારૂં.
પેદલ—પગે ચાલનારૂં લશ્કર.
આવક—વધારો; પેદાસ.
તંગી(ફા.) ખોટ; તાણ; તોટો.
આતુર (સં.) હોંસીલા.

પાઠ૧૦૯મો.

રોહીલા—રોહીલ ખંડના રહેવાસી.
દીવાન (ફા.)પ્રધાન; વજીર.
મડદું (ફા.) સબ; લોથ.
જખમ(પા.) ઝટકા;ઘા.
સેહેવાયું—ખમાયું.
સુખદાયક (સં.) સુખકારક; સુખ ઉપજે એવો.

પાઠ ૧૧૦મો.

રાજનિતિ (સં.) રાજ કરવાની નીતિ.
પ્રકરણ(સં.)ભાગ; ભાગ.
વિરૂદ્ધ(સં.) ઉલટું,સામું.
પ્રમુખ (સં.) અધ્યક્ષ; વડો; સભામાં સૌથી મોટો; સરનશીન.
સ્વતંત્ર સંસ્થાન (સં.) ઉત્તર અમેરિકામાં એક દેશ છે.
અધિકારી (સં.) ઓહદ્દાર; પદવીવાળો.
મિત્ર (સં.) દોસ્તદાર.
બ્રિટીશ (અં.) અંગ્રેજી; બ્રિટન દેશના.
મળતાવડો—હળતા સ્વભાવનો.
સિપાઇગીરી (ફા.) સિપાઇનો ધંધો.
નકાર—ના; ના કબલ.
ઉમેદવાર (ફા.) હોંસીલો; ઉમેદ રાખનાર.
સામાવાળીઓ — સામાવાળો; શત્રુ; હરીફ;

હમસાયો.
પ્રમાણિકપણું સં.)સા-ચવટ; સત્ય.
સિફારસ(ફા.)ભલામણ.
અત્યંત(સં.)ઘણોજ.
પ્યારો—વહાલો.
ગેરવાજબી (આ.) ખોટું; અધરમ.
આગતાસ્વાગતા (સં.) સેવા ચાકરી; પરોણાગત.
ખાનગી (ફા.) ઘર કામ સંબંધી, જાહેર નહીં તે.

પાઠ ૧૧૧મો.

સ્વાદિષ્ટ(સં.)સ્વાદદાર.
પાચનકારી -પચી જાય એવા.
વસ્તેવ(સં.)દેવતા;આગ
ફુંદવાઇને— સીકડાઇને.
સાબિત(આ.) નક્કી ; સિદ્ધ.
દેખાવે—શોભા.
રેણુ—ઝીણી રજ; ધૂળ.

પાઠ ૧૧૨મો.

છત -સીલીક; હોવું.
ગાસ (અં.) એક જાતનો વા; હવા જેવો પ્રવાહી પદાર્થ.
ભાસે(સં.) લાગે.
ઘમસાણ- ઘાણ;નાશ.
જીવતર(સં. જીંદગાની.
કોસ- નરાજ; ગાડિ.
ગણતરી—હિસાબ.

પાઠ ૧૧૩ મો.

સીમા(સં.) હદ; મર્યાદા.
સુમાર (ફા.) આસરો; અડસટો.
તળેટી—નીચેનો ભાગ.
તીર્થ(સં.)નદી કાંઠાની પવિત્ર જગા ; ઓવારો; ઘાટ.
ચમકારા—ઝબકારા.
ધુમ્મર- ધુમ્મસ;જમીનથી આકાશ તરફ નજર કરતા ધુમાડા જેવું દેખાયછે તે.

પાઠ ૧૧૪ મો.

કસ્તુરીમૃગ- જે હરણની નાભીમાંથી કસ્તુરી નીકળેછે તે હરણ.
પટ્ટુ - એક જાતનું ઉનનું કપડું.
લામા—બૌદ્ધ ધર્મ ચલાવનાર;બૌદ્ધનો એક અવતાર.
ડુંટી—નાભી.
કસ્તુરી—એક જાતની ઘણી સુગંધી ચીકણી કામની વસ્તુ.
મશરૂ (આ.)એક જાતનું ઉંચું રેશમી કપડું.
મસલતીઆ(આ.) ગોઠિઆ; મળતીઆ.
સખતી(ફા.)જુલમ.
જાતિભેદ(સં.)ન્યાતીઅંતર; ન્યાતમાં જુદાઇ.

પાઠ ૧૧૫ મો.

દંતૂશળ(સં.)હાથી દાંત.
તોલ(સં.)વજન; ભાર.
લોથ—મુડદું; લાસ.
શિકારીઓ(ફા.)પારધી.
ફાંસો—કબજો; શૂળી.
ફોગટ—અમથું; નકામું.
હાથીખાનું—હાથી બાંધી રાખવાની જગો.

પાઠ ૧૧૬ મો.

હરિગીત (સં.) ઇશ્વરનું ગીત; (છંદનું નામ.)
તતખેવ(સં.)તુરત.
ધીર(સં.)જે હાલે ચાલે નહીં તે; કાયમ.
નવીન(સં.) નવું.
બુદ્ધિશાળી (સં.) અક્કલવંત; સમજુ.
કસૂર(આ.) ખામી.
પુષ્ટ(સં.)જબરા;જોરાવર
ભ્રષ્ટ(સં.)નઠારા; નીચા.
સંહાર (સં.) નાશ; ઘમસાણ.
છળ કપટ(સં.)દગા ફટકા;પ્રપંચ.
ખળ(સં. લુચ્ચો;કપટી.
ઝપટ-ઉતાવળ.
ચપટ-જમીનબરાબર.
વેરીઓ-દુસ્મનો.
શુદ્ધિ-અજવાળી.
રિપુ(સં.)દુશ્મન;વેરી.
નિરમૂળ(સં.)મૂળ વગરના,(નિર-મૂળ.
છાજ-છાપરા નીચે જડેછે તે.
રિદ્ધિ(સં.) દોલત.
સિદ્ધિ(સં.) મનની ઇચ્છા પૂરી થાય તે.
અખૂટ(સં.) ઘણીજ; ખુટે નહીં તેટલી.
ભંડાર (સં.) ભરપૂરખજાનો.
મનોરથ (સં.) મનની ઇચ્છા; મનકામના.
કુશળ સં.)શરીરે સુખી.
સુખકાર (સં.) સુખ કરે એવા.
નિર્દોષ(સં.)દોષ વગરનો; કોઇની તરફદારી વગરનો.
નિશ્ચળ(સં.)ચળે નહીં એવો;સ્થિર.
જામગ્રે-પથરાગ્રે.
પ્રતિ(સં.) દર એક.
જયજયકાર સં.) ફતેહ ફત્તેહ;જશનો ડમકો.
ગાજ-અવાજ.
સ્નેહ(સં.)ચાહ; પ્રીત.
સજ્જન(સં.)સારા માણસ; (સત-જન).
રચેલ(સં.) રચેલા.

(કવિતાની સમજુતી). (૧૫).

હે દેવના દેવ એટલે મોટા ઇશ્વર તું તરત દિલમાં દયા ધર, કે જે રાણીજીના રાજથી હમે સુખીઆ થયા; તું નિત્ય એના મુગટમાં નવું નવું તેજ આપ, અને સદા તું એ વિકટોરિઆ રાણીને આ રાજમાં સુખી રાખ. (૧). એ પ્રીતિવાળી અને દિલમાં દયા લાવનારી અક્કલવંત મોટી બાઇ છે; કે જેના મનમાં ઘણી ચતુરાઇ ભરેલી છે; દેશમાં જેના કામ વિષે જરા પણ કસૂર માલમ પડતી નથી; માટે સદા તું એ વિક-

ટોરિઆ. (૨). જે ન્હારી વાતમાં મચેલા એવા જે જબરા આ સંસારમાં એના શત્રુ છે: જેઓ માણસને દુઃખ દે અને ન્હારા વિચારમાં ફરતા ફરે, તેનો તુરત નાશ કરનાર આ જગતમાં પ્રભુ તુંજ છે; માટે સદા તું એ વિક્ટોરિઆ૦ (૩) હે પ્રભુ, આવા વખતે તું ઉઠીને હમારી અરજ મનમાં લેજે; ને દગો કરે એવા કપટી જે લોકો છે તે બધાને તું જમીન દોસ્ત (પાએમાલ) કરી નાંખજે; એ દુશ્મનોના રહેઠાણને ટોળાંને જરા વારમાં તું દૂર કરી નાંખજે; ને સદા તું એ વિક્ટોરિઆ૦ (૪). અજવાળીઆમાં જેમ ચંદ્રમાનું તેજ દહાડે દહાડે વધતું જાય, તેમજ એ મોટા રાણી સાહેબનું ઘણું તેજ તારા વડે ચળકતું રહે; ને જેમ છાજમાંના છોડવા મૂળ વિનાના હોય તેમજ તેના દુશ્મનોના કુળને તું મૂળ વિનાના કરી નાંખજે; ને સદા તું એ વિક્ટોરિઆ. (૫). તારા ભંડારમાંથી ઘણીજ (ખૂટે નહીં તેટલી) દોલત એને આપજે. ને એના મનની ઇચ્છા પૂરી પાડીને સઘળા દુઃખ એના કાપી નાંખજે; હે જગતના બનાવનાર ઇશ્વર તું એ એના બધા રાજ મંડળમાં કુશળપણું આપ ને સદા તું એ વિક્ટોરિઆ૦ (૬). લાંબી મુદત સુધી એનું રાજ હમારા ઉપર સદા કાયમ રાખજે; વળી એના કુટુંબનો પરિવાર પૃથ્વી મધ્યે સુખ પામે તેમ વધજે; પરમેશ્વર પ્રીતે એની હકુમત બધા દેશમાં બાઝજો, ને સદા તું એ વિક્ટોરિઆ૦ (૭). એનો ઇનસાફ દોષ વિનાનો (તરફદારી વગરનો) છે તે જગત મધ્યે પથરાજો, અને નિત્ય જૂદે જૂદે દિવસે બધા કામમાં એનો જશ વધજો; હમે ઉંચા સાદે એનાજ અવાજમાં એના ગુણનું ગાન કરીએ છઇએ. માટે સદા તું એ વિક્ટોરિઆ. (૮). ભાઇઓ મનમાં ઉમંગ ધરી ઇશ્વરની સ્તુતિ કરીને મોહોડેથી એવું માંગજો, કે આ પૃથ્વી પર રાણીજીની હરેક કામમાં ફત્તેહ થજો, ને એના દુશ્મનોનું જોર નરમ પડી જજો; સાચા સ્નેહભાવથી તમે સઘળા સારા માણસો

ગામે ગામના એની કિર્ત્તિ ગાજો, ને આ સારા નવા છંદ **દલપતરામ** કવિએ રચેલા છે. (૯).

પાઠ ૧૧૭ મો.

અપકાર (સં.) સારાને બદલે નઠારૂં; અવગુણ.
ઉપકાર(સં.)પાડ; ગુણ.
આશ્રમ (સં.) રેહેઠાણું; આસરાનું ઠેકાણું.
આજાર (ફા.) રોગ.
આતુરતા(સં.) હોંસ.
સેવા (સં.) ચાકરી.
તસદી (આ.) મહેનત.
દ્વેષ (સં.) અદેખાઇ.

પાઠ ૧૧૮ મો.

જુહાર—શ્રાવકમાં જેગોપાળ કરવા તે.
બંદગી(ફા.)ઇશ્વરી પ્રાર્થના; સ્મરણ.
ગરાસીઆ—વંશ પરંપરાથી કંઇ સરકારી જમીન મળેલી કે તે બદલ કંઇ રોકડ મળતું હોય તે લેનાર લોકો; ગરાસન ધણી; એક જાતના રજપૂત—ઠાકોર.
ઓવારણા—બલા ઉતારવી. બલાબલી કાહાડવી તે,
ઘુમટા લાજ;(માથાનો છેડો મોંપર એંચવા તે).
નોખી—જુદી;અળગી.

પાઠ ૧૧૯ મો.

સામુદ્રધુની(સં.)સાંકડો પાણીનો ભાગ પાણીના બે મોટા ભાગને સાંધનારો.
અધર—અળગો; નિરાધાર.
ઝભ્ભો—ઢીલો લાંબો ઝલતો જામા જેવો પોષાક.
નાપસંદ(ફા.) અણગમતું;પસંદ નહીં તે.
અરસ પરસ—માંહો માંહે; અન્યો અન્ય.
અદબ (આ.) સભ્યતાઈ; મર્યાદા.

પાઠ ૧૨૦ મો.

ગુર્જરી—ગુજરાતની.
બિરાજે—દીપે; શોભે.
વિવા—લગ્ન: શાદી.
થોક—જથ્થો; ટોળું.
શાહી બાગ (ફા.) શાહાજહાં બાદશાહે બંધાવેલો મોટો બાગ.
સાથ—જમાવ.
સુણાવી—સંભળાવી.
વધાઇ—વધામણી: ખુશીની ખબર;ખુશાલી.
ગર્જના(સં.)મોટો અવાજ; ગડબડાટ.
દીપમાળા (સં.) હારબંધ દીવાની રોશની કરવી તે.
ઓપી—ઝળકી; દીપી.
રાજમેહેલ — રાજાનો મેહેલ; (કલેક્ટર સાહેબનો બંગલો).

ગોટા—કલગી.
નિવાજે (ફા.) બક્ષીસમાં; બક્ષિસમળી.
દારૂખાનું (ફા.) આતસબાજી.
દૈત્ય(સં.) રાક્ષસ; વાંદર.
ઉત્સવ (સં.) આનંદ; ઓચ્છવ.
હરખ્યો(સં.)ખુશી થયો.
આતસબાજી (ફા.) દારૂખાનું; દારૂ ભરેલી-ચીજો ફુટતી જોવાનો તમાશો.
લંકપુરી—લંકા નગરી.
ભભકાર—ભપકો.
છબી (સં.)ચેહેરા; ચિત્ર; તસવીર.
વ્રજ (સં.) વ્રંદ્રાવનમાં ગોકુળ મથુરા તરફનો; બ્રિજવાસીનો.
લોચન (સં.) આંખ.
ત્રિલોચન (સં.) ત્રણ આંખ.(ત્રિ—લોચન).
ઉપમા(સં.)શોભા;સરખાવવું.
પલ્લો—છેડો; કેડો.
સમાન (સં.) સરખો.
નાવે—નહીં આવે.
જમાન(આ.)જામીન.
ઠેકી—અટકી; થોભી.

(કવિતાની સમજુતી). (૧૬).

વિક્રમાજીત સંવત ૧૯૧૫માં, વળી સારા વખતે બેસતાંજ વર્ષમાં, જ્યાં કે ગુજરાતની રાજધાની (અમદાવાદ) બીરાજેછે, ત્યાં આજે રાણીજીનું સારૂં રાજ થયું. (૧). તે વખતે બધાના મનમાં એવો હરખ ઉપજ્યો, તે એવો કે કંઇ પૈસાનો લાભ થાય અથવા કંઇ મનનું ધારેલું કામ થાય તેથી જેવો સંતોષ ઉપજે તેવો થયો; લગ્ન કરતાં પણ તે દિવસનો વાર જાણે મોટો હોય એમ શોભે, એવું આજે રાણીજીનું॰ (૨). એ દિવસે લોકોનાં ટોળે ટોળાં મોટા ઉમંગથી ફરતાં, અને બધાએ લુગડાં પણ સફેત પહેરેલાં એવા ખડધાટ બનેલા; તેઓ બધા એજ કામને વાસ્તે શાહીબાગમાં ગયા,એવું આજે રાણીજીનું॰(૩). ત્યાં બધા સઘળા સાહેબો (યુરોપિયનો) ની મંડળી મળી,અને ઘણા હોંસે હોંસે દેશી શેઠીઆઓ મળ્યા;અને સ્વારો મળેલા તેના બંદુકના મોટા અવાજ થતા હતા,એવું આજે રાણીજીનું॰(૪). ખુશ ખબર એટલે રાણીજીના રાજ્યની જાહેર ખબર વાંચી સંભળાવ્યાથી સઘળાને ઘણો હરખ ઉપજ્યો, અને તેથી જૂદા

જૂદા રાગમાં વાજાં વાગી રહ્યા; તોપના અવાજને વખતે તે દિવસે ત્યાં મોટા અવાજ થયા, એવું આજે રાણીજીનું૦ (૫) મળેલા ગ્રહસ્થો પછી ઘેર જઇને તે દિવસ સારાં સારાં ભોજન જમ્યાં, અને એજ રાત્રે પછી દીવાની સારી રોશની તેઓએ બનાવી; તેમાં (God save the Queen, (પરમેશ્વર રાણીનું રક્ષણ કરો) એવા મોટા અક્ષરો જે લખેલા શોભી રહ્યા હતા. એવું આજે રાણીજીનું૦ (૬). એ દિવસે રાજાના મેહેલમાં (અહિયાં અમદાવાદના કલેકટર સાહેબના બંગલામાં)ઘણાક લોક મળેલા, તેઓને ભાષણો સંભળાવી પછી ફુલ ગોટા આપ્યા; તેમ કવિ **દલપતરામ** ડાહ્યાભાઇને નવી પાઘડી તથા શાલજોડો બક્ષીસ આપ્યો, એવું આજે રાણીજીનું૦ (૭). તે દિવસે આતસબાજીનો ખેલ પણ સારો રચ્યો હતો, એ તમાશો તે વખતે ઘણા લોક જઇને જોતા હતા; જાણે દૈત્ય (વાંદર) નો દેશ એટલે લંકા બળતી કેમ હોય એવું દેખાતું હતું, એવું આજે રાણીજીનું સારૂં રાજ થયું. (૮).

એવી રીતે જય જયકાર આનંદ થયો, ને બધું સભા મંડળ ખુશી થયું; અને તેઓ બધા હાથ જોડી ઉભા થઇને પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા કે હે ઈશ્વર, આ વિકટોરિઆનું રાજ્ય સદા કાયમ રેહે એવું તું કરજે.

જાણે શહેરથી વેગળી લંકા નગરી કેમ સળગી હોય તેમમોટા ભપકાથી આતસબાજીની વખત રાવણની છબી ભાંગી, કે કાંતો ગોકુળ મથુરા તરફના દેશમાં વગડાનો અગ્નિ સળગ્યો, અથવા જવાળા મુખી પર્વતની આગ ગગને ચડીને ગાજી; નહીંતો જાણે (શીવ) ઈશ્વરની ત્રીજી આંખ ઊઘડી હોય એવી ઉપમા **દલપતરામ** કહેછે, તે વોજ આજે અમદાવાદમાં રાજ્ય સભાની આગળ રાત્રે આતસબાજીનો ખેલ બન્યો. (૧).

મેલો ઘેલો પેલો આગ ખેલમાં ઉભેલો છે તે જૂઓ, તેને ગોદડી વતે ગુંથી લીધેલો હોય એવો જાણે હનુમાનજી આવેછે; તેના હાથ દારૂવાળા કાળા ને દાઢી મોઢું પણ કાળું દેખાયછે, ને પાઘડીનો છેડો લટકતો પૂછડા બરાબર જણાયછે; તે ઠેકાણે (આતસબાજીમાં) લોક ત્રાસ પામી નાસાનાસ કરે. પણ જેના રામજી જામીન છે તેને કશી ઝાળ લાગતી નથી; તે ઠેકાણે ઠેકાણે બધે આગ લગાડીને આઘો ખસેછે, તે કોણ જાણે હશે હનુમાનજી કે પછી નહીં તો મુલ્લાં સુલેમાનજી. (૨).

આ કવિતામાં ઘણું સમજવાનું છે. પહેલાં અંગ્રેજી રાજ્ય ઈસ્ટ ઇન્ડિઆ કંપની ચલાવતી હતી, પણ સન ૧૮૫૭ ના બળવા પછી એ રાજ્ય રાણી સાહેબે પોતાના હાથમાં લીધું. એ રાણીના રાજ્યની શરૂઆત થઇ તે પ્રસંગે જુદા જુદા શહેરોમાં તેમને મુબારકબાદી આપવાને સભા મળી હતી. મુંબઈમાં પણ મળી હતી; સુરતમાં રૂસ્તમપરામાં જ્યાં કે સર જમસેદજીની છોકરાઓની નિશાળ છે તે હીલાદી બાગમાં પણ મળી હતી; અને એજ કારણસર એક મોટી સભા અમદાવાદમાં ત્યાંના કલેકટર સાહેબના બંગલામાં સંવત ૧૯૧૫ ના કારતગ સુદ ૧ ને દિને મળી હતી, તે વખતની સભાનો આ કવિતામાં બધો બિસ્તાર આપેલો છે એવું સમજવું.

આતસબાજીવાળા છંદમાં રાવણની છબી ભાંગી એમ લખ્યું છે તેનો અર્થ એવો કે જ્યારે રાવણ મૂઓ ત્યારે તેનું માથું ફુટી તાળવામાંથી અગ્નિ નીકળી લંકા સળગી હતી; તેજ પ્રમાણે અહિયાં (અમદાવાદમાં) આતસબાજીની વખત ઘણી રોશની થઇ તે વખતે કોઠીમાંથી આગ નીકળી જાણે લંકા કેમ સળગી હોય એવું થઇ રહ્યું હતું.

મનહર છંદમાં પહેલાં ગોદડે ગુંથાયલો હનુમાનજી અને છેલ્લે

લખ્યું છે કે તે હશે હનુમાનજી કે મુલ્લાં સુલેમાનજી. ત્યારે કોઇ કહેશે કે આ કવિતામાં તે વળી હોરાનું નામ કેમ લખ્યું હશે? તેનું કારણ એ સમજવું કે જ્યારે હનુમાને લંકા બાળવા માંડી ત્યારે પહેલા તે બધે આગ લગાડીને ખસતો રહેતો હતો; તેમ અમદાવાદમાં સભા મળી તે દિવસે આતસબાજી તથા રોશની થઇ ત્યારે તે સુલેમાનજી હોરાએ સળગાવી હતી,તેથી તેને હનુમાનની ઉપમા આપી છે. જેમ હનુમાનના પૂછડાને છેડે ગોદડાં વીટેલાં હતાં,તેમ આ હોરાનો પાઘડીનો છેડો લટકતો હતો.

પાઠ ૧૨૧ મો.

દેવલ (સં.) મંદીર; દેરૂં.
નખતેલ—એક જાતનું ચીકણું તેલ.
હસમુખા (સં.) ખુશામીજાજના.
શોકીલા (સં.) મોજશોખ કરનારા; સેહેલાણી.
સમજુ—દાના; વિચારવંત.
ખુશામતીઆ (ફા.) ખુશામત કરનારા.
ઢોંગી—બાહાનાખોર.
અનુસરીને— મેળવીને; મળતા; લગતા.
ગાલીચા (ફા.) બીછાવબાનાં ઊનનાં કિંમતી. પાથરણાં.
પરસેપોલીસ—ઇરાનની અસલની રાજધાની
મનારા (આ.)એક જાતની ગોળ ઘણી ઉંચી પોલી છોની ઇમારત.

પાઠ ૧૨૨ મો.

સિંહણ (સં.) સિંહની માદા.
અયાળ(સં.) કેશવાળી; ગળા ઉપરના બાલ.
ખુની (ફા.) કોઇને મારી નાંખનાર;ઘાતકી.
તડાકે—સપાટે; ઝપાટે.
વપત(સં.)દુઃખ.
જાનવરખાનું—જાનવરો બાંધવાનું ઠેકાણું.
રખવાળ—સાચવનાર.

પાઠ ૧૨૩ મો.

પડઘા—બોલેલા બોલ. ઉંડાણ કે ઝાડીવાળી જગ્યામાં અથડાઇને પાછા સંભળાય તે.
મદોન્મત(સં.)અહંકારમાં છાકલો; મનથી જાણે કે હું જબરો.
ત્રાડ—બુમ; બરાડ.
ધ્વની (સં.) શબ્દ; અવાજ.
સમ(સ.) સરખો.
આણ—આણી તરફ.
હુંકાર—હુંકારો ; હલકો બોલ.
વનપતિ(સં)વનનોરાજા.

ઉચ્ચારતાં(સં.)બોલતા.	હૈડે—હૈયેએ.	શાંત (સં.) ચુપ; ધીરો.
પ્રતિઘોર (સં.) સામો અવાજ.	ગર્વ (સં.) અહંકાર.	વદવું—બોલવું.
કેશરી (સં.) સિંહ.	તરૂ (સં.) ઝાડ.	અણ વિચાર — વગર વિચાર; જેમ મનમાં આવ્યું તેમ.
ડેકતો—ઉભા રહેતો.	વનપાળ (સં.) વનનો રાજા, (સિંહ).	

(કવિતાની સમજુતી). (૧૭).

એક બિહામણા વનમાં એક મોટો સિંહ (વનનો રાજા) રહેતો હતો; તે મનમાં ઘણોજ અહંકાર માને, અને કહે કે આજને સમે પૃથ્વી-ઉપર મારા જેવું જબરૂં કોઇ નથી૦ (૧). એણે એક વખત ત્યાં મો-ટી બૂમ પાડી. તેથી ત્યાં ઝાડોના જથામાં તેના અવાજનો પ્રત્યાઘાત થયો (એટલે સિંહ જેવી બૂમ પાડી તેવીજ સામેથી કોઇ જાણે બીજા બૂમ પાડતું હોય એવું તેને સમજાયું)૦ (૨). તે સિંહ ઝાડોની સામાં જોઇ કરીને વિચાર કર્યા કરે, કે આણી તરફ કોઇ આવ્યું, તેને પ-છી તે સિંહ કહે તું કોણ તો પડઘામાં પણ કોણ સંભળાય. તેથી તેણે જાણ્યું કે કોઇ આ મારા ચાળા પાડે છે૦ (૩). સિંહ કહે કે તું મને તુંકારે (હલકા શબ્દથી) કેમ બોલે છે. હું તને ઠોકી નાંખીશ, નહીં તો અહિંયાંથી બહાર નાસ; ત્યારે પડઘો પણ જાણે તેને કહેતો હોય એવું લાગે કે તું મને તુંકારે કેમ બોલેછે હું તને ઠોકી નાંખીશ, નહિ તો અહિંયાંથી બહાર નાસ૦ (૪). સિંહ બોલે કે હું વનનો રાજા છું ને તું તો ચોર છે; ત્યારે પડઘો પણ સામું તેવુંજ બોલે; એમ બોલતાં ત્યાં ઘણા પડઘા પડવા લાગ્યા૦ (૫). પછી પેલો સિંહ મ-નમાં સમજ્યો કે કોણ જાણે રખેને મારૂં એ વનનું રાજ્ય લઈ લેવા ધારતો હોય. એવું ધારી તેને જોવાને વાસ્તે તે સિંહે કૂદકારો માર્યો૦ (૬). પછી તે મનમાં હિમ્મત રાખીને બધે ઠેકાણે ઉભો રહેતો, અને

અહંકાર મનમાં રાખીને મોટો બરાડ પાડતો ઝાડ પર્વત એવે બધે ઠેકાણે તે ફરી વળ્યો૦ (૭). એવું જોઇને ત્યાં તેને એક ડાહ્યા શીઆળે કહ્યું કે હે વનરાજ, એ અવાજ આપનો છે, આપ શિવાય બીજા કોઇનો નથી૦ (૮). એ પ્રમાણે શીઆળે તેને ઘણી સમજુતી આપી તે સાંભળી સિંહ ઠંડો પડયો; અને તે બધા કારણ મનમાં સમજ્યો એટલે તેનો વહેમ દૂર થયો૦ (૯). એ પ્રમાણે આ લોકમાં જેવા બોલ બોલે, તેનો પાછળથી પ્રત્યાઘાત થાય, તે બોલેલા બોલ જેવાજ સમજાય૦ (૧૦). કોઇને સારો કહીને આપણે સારો શબ્દ સાંભળવો ને બાળક કહ્યાથી તે બાળક કહે; તેમ વખાણ કરેથી તે આપણા વખાણ કરે, ને ગાળ દીધાથી આપણને સામી તે ગાળ દે૦ (૧૧). માટે મોમાંથી શબ્દ કહાડવો તે વિચારીને બોલવો, પણ **દલપતરામ** કહે કે વગર વિચારથી છૂટી જીભે એક પણ બોલબોલવો નહીં (ખાવું તેમ લવવું નહીં)૦ (૧૨).

પાઠ ૧૨૪ મો.

ઉપદેશ (સં.) બોધ.
કિંકર(સં.)દાસ; સેવક.
મુદગળ–મુગદળિયું.
અવની (સં.) પૃથ્વી.
અઘઓઘ(સં.) પાપનો ઢગલો.
અંબાર (ફા.) જથો; ભંડાર.
કઠોર–વજ્જર; કઠણ.
માયા(સં.)પૈસોટકો; છોકરાં છૈયાંની વાડી.
મિથ્યા (સં.) ફોકટ.
મરકટ(સં.)વાંદરો; માંકડું; (સુકલકડી).
પ્રપંચ(સં.)છળભેદ; દગો ફટકો.
પરહરતાં (સં.)છોડતાં.
સ્મરણ (સં.) યાદ.
ભવજળ(સં.)દુનિઆની જંજાળ; સંસાર રૂપી પાણી.
જડબુદ્ધિ(સં.)મૂર્ખ જેવી સમજ.
સંત(સં.)સાધુ, જોગી.
શુદ્ધ (સં.) ખરેખરો.
રાશી (સં.) ઢગલો.
ગર્ભ (સં.) ઓદ્ધારણ.
મણા–કસર; ખામી.
જગદીશ(સં.)જગતનો ધણી; ઇશ્વર; (જગત–ઇશ).
અવનીતળ(સં.)પૃથ્વીનું તળીઉં.
કુકર્મ(સં.) નઠારાં કામ.
કોઠાર–ભંડાર; ખજાનો.

જડરૂપ(સં.)હાલે ચાલે નહીં એવી જે હાલત;(માને પેટે જન્મ્યોને કંઈ ભગવત સેવા કીધી નહીં) શીત(સ.)ઠંડ; ટાઢ. વર્ષા (સં.) વરસાદ. કલેશ (સ.)કંકાસ. સોડ–ધુમટો; બાજુ.

(કવિતાની સમજુતી.) (૧૮).

મનને સો ફેરા સમજાવું તોપણ મન માનતું નથી. અને (ખળ, કઠણ, કઠોર, ચંચળ) એ જે મનના ચોર કહેવાય છે તે સાથે ચપળ ચિત્તવાળું મન તે ચો તરફ ફર્યા કરેછે૦ (ટેક.). મન ભૂતની પેઠે ભમ્યા કરેછે ને તે માયામાં મચ્યું રહેછે, પણ તેને ઈશ્વરનું ભજન કરવાને ગમતું નથી મનને સો ફેરા૦ (૧). મનને માણસનું રૂપ આપીને કહે છે કે હે મન જો તું યમ રાજાના દૂતનો ડર ગણતું હોય, તો આ ખોટા સુખને કેમ માનેછે ને ગયો વખત તે મનમાં આણતું નથી મનને સો ફેરા૦ (૨). માથા ઉપર મોટા મોટા મગદળિયાનો માર પડે; તોપણ ફળ દેખીને વાંદરો (માર ખાય તો પણ) જેમ ઝાડ પર ચહડે. તેમ તું મન પણ તે બારણા આગળ જઈને બેસેછે. મનને સો ફેરા૦ (૩). માટે **પ્રીતમ** કવિ કહેછે કે હે ભાઈ (મન), તારે છળ ભેદને છોડી દીધાથી. અને રોજ પરમેશ્વરનું ભજન કરવાથી તને આ દુનિઆરૂપી પાણી(જંજાળથી) તારો ઉદ્ધાર થતાં વાર લાગવાની નથી. મનને સો ફેરા સમજાવું તો પણ મન માનતું નથી. (૪).

પરમેશ્વરનું ભજન કર્યા વગર આ દુઃખ ભરેલો જે દરિઆરૂપી સંસાર તેનો છેડો આવે નહીં. માટે હે મૂઢમતિ જીવ, તને સાધુ (કોઈ ઉપદેશી) વગર ખરો રસ્તો બીજો કોણ બતાવે? (ટેક). માને પેટે અવતાર લઈને ઘણા દુઃખી લોકો ઢગલે ઢગલા માલમ પડયા, પણ માયાના બંધનને કાપીને કોઈ તેમાંથી નાશી શકયો નહીં. પરમેશ્વરનું ભજન૦ (૧). તને પરમેશ્વરે મનશા દેહનો અવતાર આપ્યો એમાં તો

કંઇ ભૂલ નહીં તેમજ ખાવાને પુષ્કળ અન્ન તથા પૈસો ટકો અને છોકરાં છૈયાંની વાડી આપી, માટે હવે તું જગતના બનાવનાર ઇશ્વરના ગુણ ગા કે તારૂં કલ્યાણ થાય. પરમેશ્વરનું ભજન૦ (૨). તેં આ પૃથ્વી ઉપર અવતાર લીધો, પણ નઠારાં કામનો ભંડાર ભર્યો અને પાપના ઢગલો તેં મોટો ગંજ બનાવ્યો, (ઘણું પાપ એકઠું કીધું), માટે પરમેશ્વરનું ભજન૦ (૩). જેમ ઝાડને પહાડ સ્થિર છે તેવા રૂપે તું રહ્યો (એટલે કંઈ પણ ભગવત ગીતામાં તેં ધ્યાન આપ્યું નહીં,) અને ટાઢ તથા વરસાદનો બહુ તાપ તું ખમ્યોછે, એ તારા કરતવ કોઇથી કહી શકાય નહીં. માટે પરમેશ્વરનું ભજન૦ (૪). માટે **પ્રીતમ** કવિ કહેછે કે હે જીવડા તારે માથે મોતનો ભય છે તે જાણીને તું ચેતી લે, ઘુમટો તાણીને સૂઇ શું રહ્યો છે, (એટલે ઉઠ ને હરી કિરતન કરવા માંડ). પરમેશ્વરનું ભજન કર્યા વગર આ દુઃખ ભરેલો૦ (૫).

પાઠ ૧૨૫ મો.

કોહિનૂર (ફા.) એક જાતનો ઘણો નીમકવાળો ઉંચો હીરો.
રત્ન (સં.) ઝવાહિર.
પાસા—પેહેલ.
મૂલ (સં.) કિમ્મત.
ઝવેરી (આ.) ઝવાહિરના વેપારીઓ.
કાવ્યગ્રંથ (સં.) કવિતાનું પુસ્તક.
કવિતા રૂપી (સં.) કવિતાના રૂપમાં.
જુદ્ધ(સં.) મોટી લડાઇ.
વંશજો(સં.)વંશમાંના; કુટંબી.
તવારીખ (આ.)સાલવાર ઇતિહાસ;રાજાપાદશાહની થયલી હકીકતનું પુસ્તક.
અર્ધ અંડાકાર (સં.) અડધા ઇંડાના જેવા આકારનો.
વજન(આ.)ભાર;તોલ.
દગલબાજી—દગો ફટકો.
ઇંગ્લિશ (અં.)અંગ્રેજી.
મૂગટ (આ.) તાજ.

પાઠ ૧૨૬ મો.

બતેલા—ફત્તેમારી કરતાં નાનાં વાહાણ.
ફત્તેમારી—મોટા બતેલા.
સફરી (આ.) જળ માર્ગે મુસાફરી કરનારા.
યાર્ડ(અં.)વાર;૩ ફુટ.
ભાથું—ખાવાનું; કાચી કોરી સુખડી.

ઉતારૂ—વાહણ કે ગા-
ડીમાં બેસીને જનારા.
મેજ(ફા.)ટેબલ.
પલંગ(ફા.)ઢોલીઓ.
મનવાર (અં.) લડાઇ-
નાં વાહાણો.
કાટકા—અવાજ.
પ્રવાહ(સં.) ધોધ; રેલો.
દાગ—ટપાલ; ડાક.
વરાળયંત્ર — બાફનાજો-
રથીચાલે એવો સંચો.
સ્કૃ (અં.)પેચ; ફેર.
હોકાયંત્ર—દિશા જાણ-
વાનો સંચો.
લોહ ચુંબક — લોઢાને
ચુસી લેનાર; ચમક.

પાઠ ૧૨૭ મો.

કીમીઓ(ફા.)ત્રાંબું લો-
ઢું વગેરેને સોનું બ-
નાવી દેવાનો હુન્નર;
ઠગવાનો કીસબ.
લત—ખો; ટેવ.
કીમી આગરો (ફા.)કી-
મીઓ કરીજાણનાર.
ગાંઠ—ગીરો; ખૂદ-
રવો—સોનાનો ઝીણો
ગાંગડો; નક્કર દાણો.
ભુલાવો—ગફલત.
વિત્ત(સં.)નાણું., કસ.
છેદ(સં.)ચરસ; શોખ.
જેવર (ફા.) ઘરેણું.
ધૂતારો—ફોસલાવી લઇ
જનારો.
નવસાર— ધાતુ ગાળ-
વાનો એક જાતનો
સંકેત ખાર.
ખળ—વાટકાજેવું ખા-
ડાવાળું ઘુંટવાનું પથ્થ
રનું વાસણ.
બારીક(ફા.) ઝીણું.
પરતલું—ઝીણું વાટવું.
પરીક્ષા (સં.) તપાસ.

પાઠ ૧૨૮ મો.

ઇલાકો (આ.) પ્રાંતના
તાબાનો મૂલક.
અદાલત (આ.) ઇન-
સાફ કરવાનું ઠેકાણું.
રેવીન્યુ કમીશનર(અં).
મેહેસુલના હિસાબ-
નો બંદોબસ્ત રાખ-
નાર અધિકારી, (ક-
લેકટરનો ઉપરી).
પોલીસ કમીશનર(અં.)
ખૂન, ચોરી વગેરે
ગુનાહની તપાસ રા-
ખનાર પોલીસ ખા-
તામાં સૌથી વડો
અધિકારી.
ફોજદારી (આ. ફા.)
ખુન, ચોરી, મારા-
મારી વગેરે ગુનાહ
સંબંધી.
દીવાની(ફા.) લેણ દેણ
સંબંધી; મુલકી.
મુકદમા (આ.) ફરિયા
દનાં કામો: કજીઆ.
જડજ (અં.) ન્યાયધી-
સ; પોતાથી નીચ-
લી કોરટોમાં થયલા
ફેંસલા ઉપરની અ-
પીલનો સાંભળનાર,
ને માજીસ્ત્રેટ તરફથી
સેશનમાં નોંધાયલા
મોટા ગુનાહનો ચૂકા-
દો કરનાર.
જોઇંટમાજીસ્ત્રેટ (અં.)
માજીસ્ત્રેટને ફોજદા-
રી મુકદમામાં મદદ

કરવાને આપેલો તેની સાથેનો બીજો માજીસ્ટ્રેટ.
ફેંસલા (આ.) ચૂકાદા.
હાઇકોર્ટ (અં.) ઇલાકામાં સૌથી મોટી ઈનસાફની કચેરી; સદર અદાલત.
અપીલ (અં.) એક ઓહ્દેદારના કરેલા ફેંસલા ઉપર નારાજી થઇ તે રદ કરાવવા તેની ઉપલી કોર્ટમાં અરજ કરવી તે.
પટ—પોહોળાઇ.
ડુંગળી—કાંદા; પ્યાજ.
રજ(સં.)રચકણ; કણી.

પાઠ ૧૨૯ મો.

વસુલાત(આ.)ઉપજ.
કોરટ (અં.) દરબાર; કચેરી.
ઉપસાગર (સં.) અખાતનું મોં પોહોળું થયલું તે.
કલેકટર (અં.) તાબેના જીલ્લાની જમાબંધી એકઠી કરનાર.
કેપ(અં.)ભૂશીર.
સરાસરી (ફા.) સરખે ભાગે ફાળા પડતું ગણવું તે; સરેરાસ.
કાટ—ઇમારત બાંધવાનાં લાકડાં.
જૈનધર્મ(સં)શ્રાવક, ભાવસાર લોકોનો ધર્મ.
સબકલેકટર(અં.) કલેકટરના હાથ નીચેનો ઓહ્દેદાર.

પાઠ ૧૩૦ મો.

લેફ્ટેનંટગવર્નર (અં) ગવરનરથી ઉતરતી પાયરીનો ગવરનર.
ક્ષેત્ર(સં)ખેતર.
સંગમ(સં.)મેળાપ.
દોઆબ(ફા.) દુ તે બે ને આબ તે પાણી એટલે બે નદીઓ ગંગા અને જમના વચ્ચે આવેલો પ્રાંત.
ફળવાન(સં.) ફળદ્રૂપ; ફળવંત; પાકવાળો.
ચીફ(અં.)મુખ્ય; મોટો કમીશનર (અં.) મુખ્યત્યાર; અધિકારી; હક સાફ લેનાર.
નાનકપંથી—નાનક નામના માણસે ચલાવેલો ધર્મ.
નિમક હલાલ (ફા.) ખાધેલા અન્નનો ઉપકાર કરનાર; કૃતજ્ઞ.

પાઠ ૧૩૧ મો.

ઝરો—જમીનમાંથી દડુડી રૂપે નીકળતું પાણી
ઢોંગ—ધતુંગ; બાહાનું.
મંત્ર(સં.)જાદુ; ધંતર.
પ્રવાસી(સં.)મુસાફર.
ચમત્કાર (સં.) નવાઇનીવાત; અચંબો.
ઉચેલી—કહાડી.
નિકોરી—મોરી; નીક.
રાળ—બળી ભડકા થાય એવો પદાર્થ.
ડામર(અં) એકજાતનો ચીકણો કાળો પદાર્થ.
જાદુ(ફા) ધંતર મંતર.

પાઠ ૧૩૨ મો.

પરચુરણ—છૂટા છૂટા;

જૂદા જૂદા વિષયના.
કુત્સિત (સં.) નઠારો; ધિઃક્કારવા જોગ.
કપોત (સં.) હોલો.
ઉલુક (સં.) ઘુવડ પક્ષી.
ગિરા (સં.) વાણી.
હોડ–હિમ્મત;હોંસ.
પ્રિય (સં.) વહાલો.
અણભેપદ(સં.)અભય-પદ; બીક વિનાની પદ્વી.
ખ્યાત (સં.) કીર્ત્તિ.
દશ દિશે(સં. દશદિશા-એ, (ચાર દિશા, ચાર ખૂણા, ને ધ-રતી તથા આકાશ).
લઘુવેષે (સં.) બચ પ-ણમાં; નાનપણે.
વિમળ(સં.)ચોખ્ખું.
સપૂત (સં.) સારો છોક-રો.
વણુરત-રત નહીં તે.
મેહ (સં.)વરસાદ;મેઘ.

વીશી–વીસ વરસ સુધીની ઉમ્મર.
માયાજીત(સં.) માયાને જીતે એવું.
મંડાણ–શરૂઆત.
સુણિયો–સાંભળ્યો.
વિનય(સં.) નમ્રતા.
થાવર સં.)અચળ; જે-ખસે નહીં તે.
સુજશ(સં.)સારો જશ; સારી કીર્ત્તિ.
વાદ (સં.) તકરાર.
વિશ્વ(સં.)જગત;પૃથ્વી.
વશિકરણ(સં.)વશકર-વાની વિદ્યા–મંત્ર.
કુસંપ (સં. સંપ નહીં તે; ફુટ.
અવખાણી–વખોડી.
શ્વાન(સં.) કૂતરો.
મહીશ(સં.)પાડો.
મની(સં.) બિલાડી.
અજ(સં.)બકરો.
કાણી–કેહેવત; કેહેતી.

ગર્દભ(સં.)ગધેડો.
ગીધ–લોહી માંસ ખા-નારૂં મોટું પક્ષી.
અપશુકન.(સં.) ખરાબ શુકન; નઠારીનિશાની
વૃથા (સં.) ફોકટ.
બડી (હિં) મોટી.
કરજ આ.)દેવું ;રૂણ.
કુપાત્ર(સં.)નઠારો છો-કરો ;કપૂત.
બાળાપણ(સં)બચપણ
અહોનીશ(સં.)હંમેશા.
તૃષ્ણા(સં.)તરસ;હોંસ.
પુરૂષ(સં.)મરદ ;નર.
ધિક્કાર(સં.)તુચ્છાકાર.
રહિત(સં.)વગર;વિના.
આશ(સં)આશા;ઉમેદ.
નિરાશી(સં.)જેને આ-શા નહીં તે.
વાચ(સં.) વચન;વેણ.
સતોષ સં.)આનંદ.
વર્ગ(સં.)પંકિત;જાત.
સ્વર્ગ સં.)કૈલાશ.

(કવિતાની સમજુતી). (૧૯).

કંઇ પણ માથા ઊપર કલંક આવે એ મોટું દુઃખ, તેમ કંઇ માલ

જાય અથવા ખોવાય એ પણ મોટું દુ:ખ; કેયે ઘણું અપમાન થાય એ મોટું દુ:ખ, તેમ કંઇ શરીરે રોગ થાય એ પણ મોટું દુ:ખ; ઘરની બાયડી મરી જાય કે કોઈ સાથે જતી રહે એ મોટું દુખ, તેમ કોઇ સાથે વેરથી લડાઇ થાય એ પણ મોટું દુ:ખ; આપણી હિમ્મત હારી જાય એ મોટું દુ:ખ, તેમ ઝેરી જાનવરનું કે બીજા કશાનું ઝેર ચઢે એ પણ મોટું દુખ; વળી માથે મોતનું તેમજ ઘરબાર સંબંધી ખટ-લાનું દુ:ખ એ પણ મોટું છે, પણ કવિ **સામળદાસ** કેહેછે કે વાહાલો છોકરો મરી જાય એ વળી સઘળા કરતાં મોટું દુ:ખ છે૦(૧).

પૃથ્વી ઊપર જીવતો નર એ કહેવાય કે જેણે પારકાનાં દુ:ખ કા-પ્યાં; પૃથ્વી ઉપર જીવતો નર એ કહેવાય કે જેણે વગર વાસ્તીની જ-ગ્યા આપી; પૃથ્વી ઉપર જીવતો નર એ કહેવાય કે જેની દશ દિશાએ કીર્ત્તિ ચાલી: પૃથ્વી ઊપર જીવતો નર એ કહેવાય કે જેણે બચપણથીજ પોતાના કુટુંબને તાર્યું (કુળમાં દીવો નીકળ્યો); જગતમાં જીવતો નર એ કહેવાય કે જેના જશે કરી લોકોએ તેનો નિર્મળ ગુણ જાણ્યો; તેને વાસ્તે **સામળદાસ** કહેછે કે સપૂત નર જીવ્યો એ કહેવાય કે જે પા-રકાના કામને વાસ્તે જીવ આપે૦ (૨).

રત વિના (શીઆળા ઉનાળામાં) વરસાદ આવે તેથી અનાજ પાકે નહીં, અને પૂરા પોતાના પરાક્રમ શિવાય દુશ્મન બીજાથી હારે નહીં; તેમ પહેલી વીશીમાં (વીસ વરસની ઉમ્મર સુધીમાં)જે હોંસથી વિદ્યા નહીં ભણ્યો, અને સંસાર માંડીને જીત્યો એવો કાનથી કોઇ સાંભળ્યો નથી; ગયો વખત ફરીને આવે નહીં પછી તેનો મનમાં પસ્તાવો થાય, તે માટે **સામળદાસ** કવિ એવું કહે છે કે પહેલાંથી જે માણસ ચેતે નહીં તેને પાછળથી અફસોસ કરવો પડે૦ (૩).

નમ્રતાનો વિવેક બધા સારા માણસોમાં શોભેછે, અને નમ્રતાની વિદ્યા તેજ સ્થિર અને સદા કાયમ રહેછે; નમ્રતા થકીજ સઘળા લોકો

મળી સારી કીર્ત્તિ આપેછે, અને નમ્રતા થકીજ રાજા કે ગરીબ લોકો દ્વેશ ભાવે તકરાર (એક બીજામાં અદેખાઇ) કરતા નથી; માટે જગતમાં નમ્રતા એ સૌથી મોટી છે. નમ્રતા એ ધર્મના માર્ગમાં વસેછે; તે માટે **સામળદાસ** કવિ એવું કહેછે કે વશ કરવાના મંત્રની વિદ્યા, તે નમ્રતામાંજ વાસો કરી રહેછે (મતલબ કે નરમ લોકોજ તેને માનેછે) કેમકે તે વિદ્યા સાચી નથી૦ (૪).

કાગડા અને હોલાની વાણી નઠારી છે એવું સઘળા કવિઓ અ-વખાણીને કેહેછે; કુતરો, પાડો બિલાડી, બકરાના શબ્દ અને નઠારા કવિના મોઢાની વાણીને પણ નઠારી ગણીને કહેછે; તેમજ ગધેડા, ગીધ, ઘુવડની વાણી જગતમાં અપશુકનવાળી કરી જાણેલી છે; પણ **દલપતરામ** કવિ કહેછે કે એ સઘળા વાદ નકામા છે, પણ કુસંપની વાણી એ સર્વ કરતાં મોટી નિર્દય ગણાય છે૦ (૫).

શરીરમાં કંઈ રોગ હોય ને એવામાં કંઇ વ્યસન બાઝયું તો તેથી વિદ્યાભ્યાસ ન થતાં દેવામાંથી નીકળાતું નથી; કુટુંબના માણસોમાં સંપ રહેતો હોય નહીં, ને ઘરની બાયડી કંકાસ મૂકે નહીં. તેમ છોકરો જો નઠારો ઉઠયો તો તે છોકરીનો અવતાર બાળરાંડ જેવો સમજવો; કંઇ પણ ધંધો કર્યા શિવાય સદા બેશી રહેવું તેથી હરેક વાતની ઇચ્છા ઘણી થઇ આવેછે, માટે આ જગતમાં એવા પુરૂષના જીવતરને બહુ ધિઃક્કાર છે૦ (૬).

શરીર રોગ વિનાનું રહે ને પછી ઘણી વિદ્યાનો અભ્યાસ કીધો; પછી તે છોકરો બોલેલું વચન પાળે, તો તેને કોઈ પણ દિવસ બી-જાની આશા કદી રાખવી પડતી નથી; મીઠા વચન બોલી સ્ત્રી હોય ને તેને માથે એક પઇ ભાર પણ દેવું ન હોય તો તેને હમેશાં મનમાં સંતોષ રહેછે, ને તે સારા માણસની પ્રીતી મેળવેછે; વળી દહાડે દહાડે કુટંબના માણસોમાં જેમ જેમ સંપ વધતો જાય, તો પછી એથી વધતું સુખ સ્વર્ગમાં છે એવું હું જોતો નથી૦ (૭).

પાઠ ૧૩૩ મો.

વાતાવરણ-વાત તે વાયુ. ને આવરણ તે ઢાંકણ; પૃથ્વીની આસપાસ હવાનું ઢાંકણ.
પ્રવાહી(સં.)પાણી જેવા રૂપનો.
ભરતી ઓટ-પાણીનું આવવું તથા જવું.
મહાચતુર(સં.)મોટો અક્કલવંત-ઘણો ડાહ્યો;
પરમદયાળુ (સં.)પારકા પર દયા લાવનાર.
ક્ષણ(સં.)પલ; લેહેજો.
શ્વાસોશ્વાસ (સં.) દમ.
ફેફસું-શ્વાસ લેવાની નળી.
સૂનકાર-અવાજ વગરનું; કોઇ બોલે ચાલે નહીં તે.

પાઠ ૧૩૪ મો.

અસ્વચ્છ (સં.)ચોખ્ખું નહીં તે.
બદબો(ફા.)નઠારી ગંધ.
મરજાદ(સં.)હદ; સીમા.

પાઠ ૧૩૫મો.

ચગદી-કચડી; છુંદી.
ખોખું-જીવ વિનાનું ખોળીઉં.
અડતું-અડકતું; ખાતું.

પાઠ ૧૩૬મો.

કરચલી-હર કંઇ સુવાળી વસ્તુ સંકડાઇને વળી ગયલી તે; ખોલ ચડવી.
કોરી-કોલી; ખોતરી.
વોસર-વેળાસર.
ફુદા-દીવામાં ઉડતાં સફેત મગતરાં.

પાઠ ૧૩૭મો.

બલુન (અં.)વા ભરેલી કોથળી;હવાનું ફાનસ.
બતક-એક જાતનું પહોળી ચાંચવાળું પક્ષી.
પંડે-પોતે; જાતે.
હૈડ્રોજન (અં.) એક જાતની હવા; પાણી ઉત્પન્ન કરનારો વાયુ.
થેલી-કોથળી.
કંતાન (આ.) ટાટ.
સહી સલામત. (આ.) ક્ષેમકુસળ; સારીપડે.

પાઠ ૧૩૮ મો.

આપવડાઇ - પોતની મોટાઈ પોતે બતાવવી તે.
અનુભવ (સં.) અજમાએશ.
યોગ્યતા (સં.) લાયકી.
મગરૂરી(આ.)અહંકાર.
જાહેર (આ.) ખુલ્લું.
નમ્ર (સં.) નરમ.
છાલકા-હલકા.
પતરાજીખોર - શેખીખોર; શેખી કરનાર.
ઉપર ચોટીઉં-ઉપલક; થોડું ઘણું.
ડોળ-ભપકો; ચેહેરો.

પાઠ ૧૩૯ મો.

નર્મ-કવિ નર્મદાશંકર લાલશંકરે બનાવેલી.
ક્ષણભંગુર(સં.)પલકમાં ભાંગી જાય એવું.
ધ્રુવમંડળ(સં.)આકાશ મંડળ: આકાશમાં એક સ્થિર તારો છે તેનો જથો.

ક્ષણીક(સં.) ફાની; નાશવંત; ક્ષણની.
મોહ (સં.) મોહિણી.
વણસાડ–નાશ પામે એવું.
અનાડ–અનાડી; બંધ વગરનો.
નેહ (સં.) સ્નેહ; ચાહા.
તેજી–ચળકાટ; નર.
સૂચના (સં.) ખબર.
ભુખરવારો– શીઆળામાં ધુમ્મસ આકળાથી ઝાડને રોગ થાય છે તે.
ભવ (સં.)જીંદગાની.
તર્ક(સં.) વિચાર;ખ્યાલ.
દરશાવતાં– દેખાડતાં.
બ્રહ્મ (સં.) ઇશ્વર.
ગંભિર (સં.)વજનદાર.
સદવસ્તુ(સં)સાચીવસ્તુ
નિશદિન(સં.) રાત દહાડો.
લગ્ન(સં)સંબંધ; વિવા.
ગમ–સમજ
માપ–ભરત;પરમાણું.
મિલકત (આ.) દોલત; માલ મતા.
બડાઇ(હિં.) મોટાઇ.
દારૂણ(સં. ભયંકર.
કંચન(સં.)સોનું; હેમ.
તૂઠી (સં.) ખુશી થઇ.
જર (ફા.) પૈસા.
જોરૂ(ફા.)સ્ત્રી;બાયડી.
સોય–શોભે.
સમૃદ્ધિ (સં.) દોલત.
કોટી (સં.) કરોડ.
તુચ્છ (સં.) હલકો.
શઠ–ઠગ; લુચ્ચો.
કંગાળ (હિં.) ગરીબ.
રત્નાગર (સં.) સમુદ્ર; રત્નની ખાણ; (રત્ન–આકર).
તુલના(સં)તોળવું;માપ.
કંજૂસ (હિં.) બખીલ; ચીકણો; કસરીઓ.
વા–અથવા.
દુરજન (સં.) ખરાબ માણસ, (દુર–જન)

(કવિતાની સમજુતી.) (૨૦).

આ બધો સંસાર તે મોહિણી જેવો છે, અને તે પલક વારમાં જતો રહે એવો નાશવંત છે; એમાં માણસો સદા ઠગાયછે, અને અણઘડ લોકો પાપ કરેછે. (૧) હરખનું હસવું ને દુ:ખની વખતના આંસુ એ ખોટા ચળકે છે ને વેહેછે, ને અહિયાં (આ પૃથ્વી ઉપર) કંઇ સાચી વસ્તુ નથી, પણ સાચો પ્રભુનો સ્નેહ છે. (૨). કીર્त્તિની કલગીનું તેજ તે તેજુઠું થઇ જાયછે, જેમકે વાદળનો રંગ સાંજે જલદી જલદી જતો રેહે છે. (૩). પ્યાર, આશા, ને સૂચના (કોઇ રૂપના ગણેછે) તેના ખીલતા મોર ખરી જાયછે, પણ મોતનો ભુખરવારો

તેનું મોટું જોર છે. (૪). આ સંસાર રૂપી ભરેલા દરિઆમાં તોફાનો બહુ થાયછે. તેમાં બિચારા હલકા ગરીબ જીવડા ઘસડાતા ચાલ્યા જાયછે. (૫). આ પૃથ્વી તે એક દુખીઆરી મુસાફરી ને અંધારી બિયામણી રાત છે, તેમાં બોજા વતી શરીર અહિંથી તહિં પછાડા ખાયછે. (૬). અક્કલનું રળીઆમણું કીરણ જે તર્ક તેનો ચળકાટ તે ભુલો પડેલો રસ્તો બતાવે છે. (૭). પરમેશ્વરને ઓળખીને રીતસર ચાલવું તે અને ધર્મ તે નક્કી સ્થિર અને ધીરજવાળા છે; તે વગર બીજું કાંઇ સ્થિર અને ગંભીર નથી એવું માનજે. (૮). માટે હે હલકા પ્રાણી તુ સદા સાચી વસ્તુ સાથે રમ. અને સર્વદા તારા જીવને તેનીજ સાથે જોડવામાં સુઝ પાડ. (૯).

પૈસો અને મોટી મીલકતની જે વડાઇ કરે તેને કોઇ પણ જગાએ સુખી સમજો નહીં, તે તો ઘણોજ દુખીઓ છે એમ જાણો.

(૧). સોનાની રેતી સાથે મોટી નદીઓ વેહે, ને તેના વાડમાં તથા ખેતરમાં સોનાનો વરસાદ વરસે. (૨). તેના ઉપર પશ્ચિમની (અમેરિકા તરફની) સર્વે લક્ષ્મી રાજી થઈ હોય, (એટલે પહેલાં યુરોપના લોકોને અમેરિકાથી પુષ્કળ સોનું મળતું) ને પૈસો જમીન ને સ્ત્રીથી તે જુવાન શોભિતો હોય. (૩). ધણી એક દોલત મળી છતાં કરોડો રૂપીઆની પુંજી થવાને ફાળ ભરે (તષ્ણા રાખે). પણ જેનું મન મોટું નહીં તેને હલકો, શઠ, ને કંગાળજ જાણો. (૪). હું એટલો ઉંચો હોઉં કે ધ્રુવ મંડળને ઉંચે અડકું, અને સમુદ્રને મુઠીમાં સહેજ સમાવી દઉં.(૫) એવી રીતે સર્વને હું માપું પણ મને માપનારૂં મન છે; મારૂં તોલ મન થકીજ થાયછે તેથી મન એ સઘળા કરતાં મોટું છે. (૬). માણસ મન થકી જણાઇ આવેછે, તેમ સૂમ કે દાતાર પણ તે-પરથી જણાયછે, માણસ મનથકી જણાઇ આવેછે અને સારો કે નઠારો એ ધારપરથી જણાયછે. (૭).

પાઠ ૧૪૦ મો.

ઘુમટ–ઉપલો ગોળ ઘેરાવો ઘેરા.
ઝગઝગતા–ચળકતા.
નિહાળીને–નજર કરીને; धारी धारीने.
સપ્તરૂષી (સં.) સાત તારાનો જુમખો; સાત તપેશ્વરી.
ઉપલાણે–ઉપલે; ઉપર તરફને.
ધ્રુવ (સં.) ઉત્તર દિશામાં એક સ્થિર તારો છે.
કેવળ (સં.) બીલકુલ.
સિદ્ધ (સં.) સાબીત.
ભ્રમ–વેહેમ; શક.
લંગારેલા–લંગર નાખી અટકાવેલા.

પાઠ ૧૪૧ મો.

બિંદુ (સં.) અણી; છેડો.
ચાંદરણી–અજવાળી.
તેજ–ચળકાટ; નુર.

પાઠ ૧૪૨ મો.

પસરે (સં.) ફેલાય.
મહત્વ (સં.) પોહોળાઇ લંબાઇ ને જાડાઇ; મોટાઇ.
અજમાએશ (ફા.) તપાસ.
ઘન (સં.) જેટલી લાંબી તેટલી પોહોળી તથા તેટલી ઉંડી જગો તે; એકજ સંખ્યા અરસ પરસ ત્રણ વખત ગુણેથી જે નવી સંખ્યા આવેછે તે.
ડેડસી (અં.) મૃત્યુ સરોવર, (તુર્કસ્તાનમાં છે).

પાઠ ૧૪૩ મો.

અંશ (સં.) ભાગ; રતલનો બારમો હિસ્સો.
કરાં–હવામાંથી છુટું પડીને બંધાયલું પાણી; એક જાતનું બરફ.
હર (ફા.) દર; પ્રત્યેક.
હૃદય (સં.) અંતઃકરણ.
ભાષા (સં.) લિપિ; બોલી.

પાઠ ૧૪૪ મો.

દાકતર (અં.) અંગ્રેજી વૈદ–હકીમ.
રબર (અં.) સીસાપેનના ડાઘ કે હરફ કહાડી નાંખવાનો એક જાતનો ચીકણો પદાર્થ.
સરશુદ્ધ (સં.) બરાબર; સીધો.

પાઠ ૧૪૫ મો.

મેળ–હિસાબ; ગણત્રી.
તફાવત (આ.) ફેર; ફરક.
પાદર–ગામ કે કસ્બાની સીમ–ભાગળ.
ચરોતર–ખેડા જીલ્લા તરફનો મૂલક; (નર્મદા નદીની ઊત્તરથી તે છેક નજદીક સાબરમતી નદીની દક્ષિણ સુધીનો).
અનુનાસીક (સં.) અનુ પાસે, ને નાસીક નાકનું–નાક પાસેનું; નાક પાસેથી જે અક્ષરો બોલાય છે તે, (ङ–ञ–ण–न–म).
પડખો–પડોશ.
અભણ–ભણેલો નહીં.

પાઠ ૧૪૬ મો.

દેશાટણ (સં.) દેશનું અટણ; દેશની મુ-

સાફરી કરવી તે.
ભાત–તરેહ; જાત.
અતલશ (આ.) એક જાતનું રેશમી પાતળું કપડું.
સંદેશડો–સંદેશો; ખબર
વિસલ નગર–વિશનગર, (ગુજરાતમાં છે).
વિશ્રામ (સં.)વિસામો.
પાત્ર(સં.)વાસણ;લાયક.
હળદર--હળધ.
હેમ (સં.) સોનું;કંચન.
ઘાટ–એક જાતની ચળકતા બુટ્ટાની સાડી.
ચીર–ઉંચું લુગડું; અમ્મર.
પટોળાં(સં)રેશમી ઘાટ.
સમશેર (ફા.) તરવાર.
પ્રતિમા (સં.) મૂર્ત્તિ.
સમીપ (સં.)પાસે;સોડે.
કાંબિ–કલ્લા;સાદા લીસા તોડા.
ઝુમણાં–સીક્કાને નાકાં ચોંડી તેનો હાર કરે- છે તે.
લક્ષ(સં.)ધ્યાન;(લાખ)
જળપાત્ર(સં.)પાણીનાં વાસણ.
સાંપડે–મળે;જડે.
પેઠણી–પૈઠણ શેહેરની.
પિતાંબર (સં.) ભારેઉંચું રેશમી એટીઉં, ઘણું કરીને પીળું.
માળવી–માળવાના.
પતાવજો–માંડી વાળજો; એબાદ કરજો.
ઘોળેરી–ઘોળેરાના.
ગજદંત(સં.)હાથીદાંત.
ટંકશાળ (સં.) ચ..ણી શીક્કા પાડવાનું સરકારી કારખાનું.
સિધાવજો–જજો; પધારજો; આવજો.
વાગડ–કચ્છનો એક ભાગ.

(કવિતાની સમજુતી). (૨૧).

દેશની મુસાફરી કરતાં તમે સારી ભાત ભાતની જણુસો જોશો, માટે તમે રસ્તેથી પેહેલાં તો વળીને ગુજરાત જોજો. (૧). શોભાવંતી ગુજરાત જોવા લાયક છે એવું જાણજો, ને યાદ રાખી અમદાવાદથી એકાદ વસ્તુ વોહોરતા આવજો; અતલસ અને ભારે માલ મશરૂનો તમે સારો મંગાવજો, અને ઘર તરફ વરસાદ (ચોમાસું) પેહેલાં પોતે વેહેલા આવજો. (૨). પછી પેથાપુર તરફ જાત્રાવાસી લોકો જે જાયછે, ત્યા બાંધણીની સાડીઓ ને બંદુક ઘણી વખણાયછે; તે દેશથી સમાચાર કોઇ માણસ સાથે કહાવજો, અને ઘર તરફ વરસાદ૦ (૩). પછી ત્યાંથી વીસલ નગર થોડી મુદત થોભજો, ત્યાં પીત્તળના

કુળસીઆ અને હળધ ને સોના જેવા પીળા બાયડીઓને પેહેરવાના ઘાટ શોભી રેહે એવા સારા મળેછે; પછી ત્યાંથી પાટણે જઇને રંગીત પટોળાં રખાવજો. અને ઘર તરફ વરસાદ૦ (૪). સીરોઇમાં સારી તરવારો બનેછે અને મૂર્ત્તિઓ સારી ડુંગરપુરી કેહેવાયછે, ત્યાં કપડવંજ તાલુકાનું ગાયકવાડી ગામ આત્રસુંબે આવતાં જજો. ત્યાં છરા અને સોઢાની છરીઓ સારી બનેછે; વળી કપડવંજના કાચ ને સાબુ પાસે રહી કરાવજો, અને ઘર તરફ વરસાદ૦ (૫). કાઠિયાવાડનાં કણાં ને ઝાલાવાડનાં ઝુમણાં સારાં ગણાય છે, તેમ ખંભાતની સુત્રફેણી અને સુરતનાં જમણ સારાં ગણાયછે; ઘણી પાપડી ને સારી બરફી તપાસીને સુરતથી લાવજો, ને ઘર તરફ વરસાદ૦ (૬). નાશકમાં સારા કુળસીઆ અને સારાં પાન પુને મળેછે, તેમ બરાનપોરનો સેલારસ અને પૈઠણની પાઘડીઓ ઘણી પકાંય છે; સારી શાલ તો કાસ્મીરમાં બનેછે એ તો જરૂર મંગાવજો. ને ઘર તરફ વરસાદ૦ (૭). કાશીના લોટા ને પિતાંબર તેમ માળવાના અફીણ ને છાયલ, અને રેશમી ક્રોરના ધોતીઆં નાગપોરના તે સાચવીને જાતે જઇને લઈ આવજો, ખાંડ તો ઘણી બંગાળામાં નીપજે તે લઇને હિસાબ માંડી વાળજો, ને ઘર તરફ વરસાદ૦ (૮). ધોળેરામાં ૨ સારો થાયછે; અને એ જીલ્લાની આસપાસના ગામોમાં ઘઉં સારા થાય છે; તેમ હાથીદંત સિંહલદ્વિપમાં થાયછે.ને મુંબાઈ તો હાલ સોનાની છે (ત્યાં ઘણા શ્રીમંત લોકો વસેછે), ત્યાં નાણાની ટંકશાળ જોઇ સભામાં પધારજો, ને ઘર તરફ વરસાદ પેહેલાં૦ (૯).

પેંડા મથુરામાં મળે અને જયપુરના ચિત્ર જુઓ, કચ્છના ઘોડા સારા થાયછે, તે દિલને ખુશ કરે છે. (૧૦). નવાનગર (જામનગર) જઇને જુઓ ત્યાંના કંકુથી કામ થાયછે, તેમ વાગડ (કચ્છનો એક ભાગ, એમાં પાલણપૂરનો પૂર્વ તરફનો મૂલક પણ આવે છે) ત્યાં મગ

ને બાજરી **દલપતરામે** મળતી દીઠી છે. (૧૧).

પાઠ ૧૪૭ મો.

વ્હેલ(અં.)મોટું મચ્છ; મગરમચ્છ.
જળચર(સં.) પાણીમાં રેહેનારૂં.
ઝાલર–ઝુલતી ચામડી.
સૂરજમુખી (સં.) એક જાતનું સૂરજના જેવડું ફુલ, તે સૂરજ ઉગે ત્યારે ખીલે છે ને સૂરજ આથમે ત્યારે કરમાયછે.
વલ્લું–ખુલ્લું; પોહોળું.
ચરબી(ફા.) જનાવરના ચામડાના પાતલા પડમાંથી જે ચીકણી વસ્તુ નીકળે છે તે.

પાઠ ૧૪૮ મો.

ખ્યાલ(આ. વિચાર.
જોખમ(હિં.) નાશ થવાની ધાસ્તી; વીમો.
વામ–બામ; ૬ હાથ.
ગરગડી–ચરેડી; ગાળો.
વાંલાં–સુનાં; છૂટાં.
દરકાર(ફા.) પરવા.

પાઠ ૧૪૯ મો.

તાલુકદાર(આ.ફા.) પરગણાંનો ધણી; ઠાકોર; જમીનદાર.
આશાપૂર–કલ્પિત ગામનું નામ.
ગઢી–નાનો કોટ.
ભરણ પોષણ(સં.) ગુજરાન; ગુજારો.
મોદી–સીધું સામાન વેચનાર ; નેસ્તી.
નિરૂદ્યમી(સં.)ધંધા વગરના (નિઃ–ઉદ્યમી.)
વઝીફા (આ. સરકારથી ઇનામમાં મળેલી જમીન; જાગીરી.
અવિચારી (સં.) વગર વિચારના.
ઉડાઉ–ફક્કડ; ખરાબ રસ્તે પૈસો ખરચનાર.
ચારટ(અં. ચાર પૈડાની ગાડી.
બપકો–દોર; દબદબો.
ઉજાણી–મેજબાની.
રામજણી–ગુણકા ; કંચની; નૃત્ત કરનારી.
વાણારસી અં)કાશીના.
દેવતાઈ(સં.) ઈશ્વરી.
લાગાં–ખુશબકતી બદલ શાકેર, ખાંડ, રેશમી કપડ કે કંઈ વાસણ આખી ન્યાતે વેહેંચવું તે.
દુર્ગુણી(સં.) ખરાબ ગુણના; નઠારા.

પાઠ ૧૫૦ મો.

નગારખાનું(ફા.)નગારાં કે ઢોલ વગાડવાની જગો.
તૂતી (ફા.) એક જાતનું નાનું વાજું; પોપટ.
લેવડ દેવડ–લેવું દેવુ ; લેણ દેણ; ધીરધાર.
રોકડ–રોકડા પૈસા; નગદ નાણું; નગદી.
સાખ(ફા.) આબરૂ.
મેહેતો–મુનીમ; મુસદ્દી.

ગુમાસ્તા-વાણોતર.
ઘરેણે-ગીરવી.
એક પગી-હોંસીલી.
ઉલટી-વિરૂદ્ધ;સામી.
નોતર્યા-જમવા તેડયા.
વર્ણવીએ(સં.) વિસ્તારીએ;બ્યાન કરીએ.

પાઠ ૧૫૧ મો.

ડબોડબ-ટપોટપ.
હુકમનામુ (ફા.) ફેસલનામું;પૈસા અપાવવા બાબતનો છાપાના કાગળ પર જડજની સહીનો લખીતહુકમ.
જપ્તિ(આ.) કલમબંધી.
રાતોરાત(સં.) રાતની વખતે, રતોવાઇ.
ફુલણજી-ફુલાવ્યો ફુલે ને જે ચડાવ્યો ચડે તે; ચડેજાઉ ચડેજાઉ; લાલાજી.
અડસટ્ટો આસરો.
વરો-ન્યાતી ખરચ; જમણવાર.
ગરથ(સં.)પૈસો.
જશ(સં.)માન;આબરૂ
સામાવડીઆ-સામાવાળો;હમસાયો.
પંગત(સં.)ઓળ; લોકો હારબંધ જમવા બેહેલા તે.
ફુલ્લ-ફુલાવડો; ગર્વ.
અરજી(આ.)ફરિયાદ.
હાસ્ય(સં.)મજાક.
નિંદા(સં.)ચુગલીચાડી
ઓચરતાં(સં.)બોલતાં.
ચંદરવો-લગનને વખતે આંગણા આગળ ઉંચે સામ સામા છાપરાસાથે જાડું જાજમ જેવું ચોખંડું લુગડું બાંધેછે તે.
રાંડ-નઠારી બાયડી.
ટેકો-આધાર ;મમત; (ટકનું બહુ વચન).

(કવિતાની સમજુતી). (૨૨).

ફુલણજી તમે ચડાવ્યા કેમ ચડી ગયા, ને આ આવક જાવકનો (પેદાશ તથા ખરચનો) આસરો તમે કેમ ભુલી ગયા મારા ફુલણજી. (૧). માથા પર દેવું કરીને તમે ન્યાતમાં ખરચ વરા તો સારા કીધા, અને પારકા નાણાં ખરચીને લોકોમાં જશ તો સારા લીધા મારા૦ (૨.) પોતાનું ઘર વેચીને ન્યાત જમાડવાને ઘી શાકર તો લાવ્યા, અને સામાવાળા કરતાં જમણ પણ ઘણા સારાં બનાવ્યાં મારા૦(૩). મોટા ભારી રેશમી ઓઢીઆં પેહેરીને તમે પંગતમાં ફર્યા, અને મનમાં ફુલાડો કરીને મૂછ પર હાથ ફેરવ્યા મારા૦ (૪). પણ થોડા દહાડા ગયા કે માગનાર માગે નાણાં, પણ તમારી પાસે નાણાંના તો ઠોઠા (કંઈ

ઠેકાણું નહીં મળે) મારા० (૫). પછી ફુલણજી ઉપર ફરિયાદી થઈ ત્યારથી, ને માલ મીલકત જપત કરીને કાહાડયા ઘરમાંથી (રખડતા કર્યા) મારા० (૬). ફુલણજી તમને જેણે ફુલાવીને ચડાવ્યા, તે તેઓ આ વખતે કોઈ મદદે ન આવ્યા મારા०(૭). પછી ફુલણજી તો કૂવો શોધવા (કૂવામાં પડવા) ચાલ્યા, પણ પૈસા વિના કોઈએ અફીણ ન આલ્યાં (પાસે નહીં મળે કોડી તેથી કોઈ આવી નહીં ઉભા દોડી) મારાં० (૮). જે લોકો જમતી વખત સારા સારા વખાણ કરતાં, તેઓ આ વખત હાંસી કરીને પછાડી બદબોઈ કરવા લાગ્યા મારા० (૯). ખરચ કરતી વખત તો ઘણા ઘણા વખાણ કરીને તમને ચડાવ્યા, પણ આ વખત તો અણઘડમાં ઠરાવ્યા મારા० (૧૦). સારા પિતાંબર પેહેર્યા ને બારણે ચંદરવા બાંધ્યા, પણ આ વખતે તો ઘર બાળીને તીરથ કરવા ચાલ્યા મારા० (૧૧). ફુલણજીની બાયડી પણ છેડો વાળી ફુલણજીને નામે રડેછે, પણ ફુલણજી તો તેને કશો ટેકો (દિલાસો) આપ્યા વગર, અથવા પોતાનો ટેક છોડી ચાલ્યા મારા० (૧૨). ભોળા આદમીને જે કોઈ નઠારી શીખામણ આપશે, તે માથે ગરીબના નીસાસાનું ઘણું પાપ લેશે મારા० (૧૩). માટે **દલપતરામ** કવિની શીખામણ મનમાં લેજો તો, માથા પર દેવું કરીને ન્યાતી ખરચ નહીં કરજો મારા ફુલણજી० (૧૪).

પાઠ ૧૫૨ મો.

જંગમ(સં.)ઉપડી શકે એવી મીલકત. (પૈસો ટકો, માલમતા, ઘરેણું ગાંઠું વગેરે).

સ્થાવર (સં.) ઉપડી શકે નહીં તે, (ઘરબાર જમીન, વાડી, વજીફા વગેરે).

ખાખાવીખી—ધુળ ધાણી; પાએમાલ; કંગાળ.

પીએર—બાપનું ઘર.

ફીટફીટ—ધિક્કાર;તુચ્છકાર.

વખોડવા—વગોવવા.

દુરાચરણી (સં.)ખરાબ ચાલના.

રસોઇઓ–રાંધણીઓ.
ગુજ(આ.)હલકો;થોડો.
સદાવરતું(સં.)સાધુ વ-
ગેરેને ધર્માદા સીધું-
સામાન આપવાનું
મોદીખાનું.
પરબ–ધરમાદા પાણી
પાવાનું ઠેકાણું.
ભિક્ષા(સં.) ખેરાત.
સીધું–કાચી રસોઈ.
સંતોખી(સં.)તરપતકરી
ક઼રણ(સં.)ધર્મિષ્ટરાજા,
(પાંડવનો ભાઇ).
ભીક્ષુક(સં.)ભીખારી.

પાઠ ૧૫૩ મો.

ધર્માત્મા (સં.) પુન્યા-
ત્મા; ધર્મિષ્ટ; સખી.
ખ્યાતી(સં.) કાર્ત્તિ.
છાયા સં.)આસરો.
ચૂરમું–છૂટો લાડવો.
ઇચ્છતો(સં.)ચાહાતો.
સદગુણી (સં.) સારા
આચરણનો; સદાચ-
રણી.
મફત(ફા.)પૈસા વિના.
તડાકા–ઝપો; ઝપાટા.

હરામખોર(ફા.)હરામનું
ખાનારા; લુચ્ચા.
ઇશ્વિરભકિત(સં.)પરમે-
શ્વરનું ધ્યાન–સ્મરણ.
મૃત્યુ(સં.)મોત.
નિંદા(સં.)વગોવ્યો.
ખોળ્યા–શોધ્યા.
પ્રમાણિક(સં.)સાચા.
વિશ્વાસુ(સં.) ભરોસા-
દાર ; પતીજવાળા.
લેખવે–ગણે; પત કરે.

પાઠ ૧૫૪ મો.

ઉદ્યમી(સં.)મેહેનતુ.
ઉઘાડે છોક–જાહેરાત;
ખુલ્લી રીતે.
વટેમાર્ગુ(સં.)રસ્તે જતો
માણસ; પંથી.
અપંગ(સં.)શરીરે ખોડ
વાળા;આંખે આંધ-
ળા, પગે લુલા વગેરે.
ગોઠે–નજરમાં આવે ;
ગમે તેમ.
જજમાન(સં.) ગોરના
ઘરાક.
ગ્રહસ્થ(સં.)મોટાકુળનું
આબરૂદાર માણસ.

સપાડું–પાડ;આભાર.
અપકીર્ત્તિ(સં.)બદનામ
દવાખાનું(ફા.)દરદીઓ-
ને ઓસડ મળવા-
નું ઠેકાણું.
ડગતો–હાલતો; નાથી-
હા કેહેતા.
ગવૈયા–સારંગી નરઘાં
સાથે રાગ કહાડી
ગાનારા; ગંધર્વ.
ઇનામ (આ.)ખુશી બ-
દલ કંઇ બક્ષિસ આ-
પવું તે: સરપાવ.
આયુષ્ય (સં.)આવરદા.
વૃદ્ધાવસ્થા(સં.)ઘડપણ.
સ્વર્ગવાસી(સં.)સ્વર્ગમાં
રેહેનારો.
અજ્ઞાન (સં.) અજાણ-
પણું; મૂઢપણું.
પુન્યવાન(સં.)ધર્માત્મા.

પાઠ ૧૫૫ મો.

માહાભારત(સં.)મોટો ;
ઉંડો.
આધાર (સં.) આસરો.
નિરાધાર (સં.) આધાર
વગરનું.

સવાલ(આ.)પ્રશ્ન.

પાઠ ૧૫૬ મો.

સિદ્ધતા(સં.)સાબિતી.
આકર્ષણ(સં.)ખેંચતાણ.
રજકણ(સં.)કણી;રજ.
ગુરૂત્વ(સં.)ભાર.
નિરજીવ(સં.)જીવ વગરનું; (નિર-જીવ).
સૃષ્ટિ(સં.)દુનિઆ.
ટેબલ(અં.)મેજ.
અટકાવ-હરકત.
ગુરૂત્વાકર્ષણ(સં.)ભારનું તાણ-ખેંચાણ.

પાઠ ૧૫૭ મો.

સજીવ(સં.)જીવવાળું.
શંકા(સં.)વહેમ.
ધીબ-ધબાકાથી.
સરત-નીશા; ધ્યાન.
નજીવી (સં.) હલકી; જીવ વિનાની; જુજ.

પાઠ ૧૫૮ મો.

આનંદી(સં.)સંતોષી.
બળતા-અદેખાઇ કરતા; કીનાખોર.
પ્યાર-હેત; ચાહ.
પરગજુ-પર કલ્યાણી)
આપસ્વાર્થી(સં.)આપ મતલબી.
તંગાસ ફા.)તાણ;ખોટ.
કલ્યાણ(સં.)રૂડું; હિત.
પંપાળો-દિલાસો આપી હાથ ફેરવો.
આસનાવાસના-સેવાચાકરી; બરદાસ.
બદલો (આ) પાડ ; અવેજ.
સુપાત્ર(સં.)સારો છોકરો;(સારૂં વાસણ.)

પાઠ ૧૫૯ મો.

હિત(સં.)કલ્યાણ.
ભાગ્ય દશા(સં.) નસીબો; તપોબળ.
પરવારી-પરી થઈ.
વેશ્યા-રંડીબાજ સ્ત્રી.
વણજ-વેપાર.
નીચ(સં. હલકોમાણસ
ખાપણ-ખોડ; એબ.
જીવિત(સં.)જીવતર.
બળીઓ(સં.)જોરાવર માણસ.
કલેહ(સં.)કંકાસ;કજીઓ
અણજાણ્યા-જાણીતા નહીં તે.
હુંકારાવણ-વગરહુંકારે
ઇચ્છાવણ (સં.) વગર રૂચીએ; અભાવે.
મદ(સં.)અહંકાર.
હાસ-હસવું; મજાક.
સરપ(સં.)સાપ.
હાંસી-મજાક: ચેષ્ટા.
જુગટડે-જુવે; જુગારે.
પરહસ્તે(સં.) પારકાને હાથે; પારકા હસ્તક.
દેવાદાર-કરજદાર.
ભયાદિક(સં.)બીક વગેરેનું.
થાનક(સં.) ઠેકાણું.
વરજી-છોડી.
વિધી(સં.)રીત;ક્રિયા.
વંદી(સં.)નમી.
લોકીક(સં) દુનિઆદારીનું; સંસારી.
લોકોત્તર(સં.) લોક થકી ઉપર; બીજા લોકની.
વિરવિજય-એકગોરજી કરીને કવિ થઇ ગયો.
મોહનવેલી-મોહ પમાડે એવી વેલ.

(કવિતાની સમજુતી). (૨૩).

સારા માણસો (સ્ત્રી ને પુરૂષ) હેત રાખીને આ સારી શીખામણ સાંભળજો, શીખામણ દેતાં જે ગુસ્સો કરે તેની ભાગ્ય દશા પૂરી થઇ એવું જાણજો. માટે સાંભળજો તમે સારા માણસ હેત૦ (૧). રંડીબાજ સ્ત્રી સાથે વેપાર ન કરીએ ને નીચ સાથે પ્રીત રાખીએ નહીં; તેમ જો કરીએ તો કુળને લાંછન લાગે. ઘરના પૈસા જાય, ને તેથી જીવતરને તજી દઇએ. સાંભળજો૦ (૨). કામ વગર પારકે ઘેર નવ જઇએ. ને તોહમત આવે કોઇને ગાળ ન દઇએ; તેમ કોઇ બળવાન પુરૂષ સાથે બાથ ભીડીએ નહીં, ને કુંટુંબના માણસ સાથે કજીઓ, કંકાસ કરીએ નહીં. સાંભળજો૦ (૩). અણજાણે ગામ જઇએ નહીં, અને ઝાડ તળે રહીએ નહીં: હાથી ઘોડા ગાડી જતાં હોય તેથી તથા નઠારા માણસથી આઘા જઇને ખસીએ સાંભળજો૦ (૪). રમત કરતાં મનમાં ગુસ્સો લાવીએ નહીં. અને બીકવાળે રસ્તે જઇએ નહીં; અને જ્યાં બે માણસ છાની વાતો કરતા હોય ત્યાં ઉભા રહીએ નહીં. સાંભળજો૦ (૫). હુંકારા વગર વાત કરીએ નહીં, અને વગર રૂચીએ જમીએ નહીં; પૈસા તથા વિદ્યાના મદને છોડી દઇએ, અને નમતા સાથે નમીએ. સાંભળજો૦ (૬). મૂર્ખ. સાધુ, રાજા, ને વિદ્વાન એટલાની મજાક કરીને હસીએ નહીં; તેમ તેમ હાથી, વાઘ, સાપ, ને માણસને લડતાં જોઇને દૂર ખસી જઇએ. સાંભળજો૦ (૭). કુવાને કાંઠે કોઇની મશ્કરી કરીએ નહીં. અને કેફ કરીને ભટકીએ નહીં; તેમ ઘર વેચીને ન્યાતી ખરચ કરીએ નહીં, અને જૂવે રમીએ નહીં. સાંભળજો. (૮). ભણતાં ગણતાં આળસ મૂકી દઇએ; અને લખતાં વાત કરીએ નહીં; અને પારકાને હસ્તગ પારકા દેશમાં દુકાને આપણું નામ આપીએ નહીં. સાંભળજો૦ (૯). નામું વખતે વખત લખી રાખો: આળસ મૂકી દો ને દેવાદાર ન થઇએ; ને દુ:ખવાળું બીક વગેરેનું

ઠેકાણું છોડી દઇને બીજે દેશ જઈ રહીએ. સાંભળજો૦ (૧૦). માતાને ખોળે માથું નમાવી બાપને સલામો કરવી; અને પ્રભુને નિત્ય બરાબર ક્રિયાથી નમીને સારાં કામો કરીએ. સાંભળજો૦ (૧૧). આ લોકના ને પરલોકના ભલાને વાસ્તે આ સારી શીખામણ રચેલી છે; તે રૂડા પંડિત વીર વિજયના મોંહડાની વાણી તે મોહ પમાડે એવી છે. તમે સારા માણસ હેતથી આ સારી૦ (૧૨).

પાઠ ૧૯૦ મો.

મધ્યોત્સરી (સં.) વચમાં થઇને જનારી.

મધ્યાકર્ષક (સં.) વચમાં થઇને ખેંચનાર.

પ્રમાણ (સં.) સરખાપણું: પરિમાણ.

ચકરચકર—ઘુમરી ખવાડીને; ગોળ.

બેહદ (આ. ફા.) હદ વગરનું; ઘણું જ.

પાઠ ૧૯૧ મો.

ઉપગ્રહ (સં.) નાના ફરતા ગ્રહ; ચંદ્ર.

સૂરજમાળા (સં.) સૂરજની સાથે પૃથ્વી ને ગ્રહ આવેલા તે.

ચંદ્ર (સં) ચાંદ; ચાંદો.

અગણિત (સં.) ઘણાજ; ગણાય નહી તે.

ઘોળીશ—વિચારીશ.

પાઠ ૧૯૨ મો.

સખાવત(આ)ઉદારતા.

ઉદારતા(સં.)મોટું મન; દોલો જીવ.

મોકળો—ખુલ્લો. દોલો.

શ્રાપ (સં.) બદ દુઆ.

ગેરઆબરૂ (આ. ફા.) અપમાન; બેઇજત.

શાબાસી (ફા.) માન.

ખુશામત (ફા.) કાલાવાલા; આજીજી.

દેશ કલ્યાણ(સં.)દેશનું રૂડું કરવું તે.

પાઠ ૧૯૩ મો.

ઉત્તેજન(સં.) ઉસકેરણી; પુષ્ટી; મોહ.

ગેરઇનસાફ (આ.)ખોટો ન્યાય.

હક(અ.)અધિકાર;દાવો.

વિસ્તારીને (સં. વર્ણવીને; હકીકત સાથે.

પાઠ ૧૯૪ મો.

અવલોકન(સં.)પરિક્ષા; ધ્યાન આપીને જોવું.

પ્રકાશિત(સં.)તેજવાળો.

ખંડિત (સં.)ખાંડો;ઉણો; અધુરો.

અસ્ત (સં.) આથમવું.

સબબ (આ.) કારણ.

પાઠ ૧૯૫ મો.

ક્ષયવૃદ્ધિ (સં.) નાશનો વધારો; દીનપર દીન ઘટતી.

સન્મુખ (સં.) સામું.

બિંબ (સં.) કીરણ.

કુડાળું—ગોળ ચકરડું.

પાઠ ૧૬૬ મો.

નીરમ–નેહાવ; વાહાણ નમે નહીં માટે સમતોલ કરવાને ભરેલો ભાર.
પીડશે(સં.)દુઃખી કરશે.
આજ્ઞા(સં.)હુકમ;રજા.
પ્રશ્ન (સં.) સવાલ.
શિક્ષક (સં.) શીખવનાર; બોધ કરનાર.

પાઠ ૧૬૭ મો.

ગણિત (સં.) આંકડા માંડી હિસાબ ગણવાની વિદ્યા.
સમસ્યા (સં.) કોહેડો; ભેદ, પ્રશ્ન; ઉખાણું.
મરદ (ફા.) ભાયડો.
મેરી–બાયડી; સ્ત્રી.
બાળા(સં.)છોકરી,સ્ત્રી.
છતી–જાહેર.
સાથ–જથો; ટોળું.
પ્રૌઢ (સં.) મોટું.
પત્રે (સં.) પાંતરે.
પાન–પાંતરાં.
પ્યારી(હિં.)વાહાલીસ્ત્રી.
પારખ્યું (સં.) શોધી કાહાડયું; જાણ્યું.
કર્ણ (સં.) કાન.
ગોરી–રૂપવંતી સ્ત્રી.
અર્ધું (સં.) અડધા.
ચોથ સવાયો–ચોથા ભાગના સવાયા, (રૂપીએ પાંચ આની જેટલા).
સેવાળ (સં.) લીલ.
બેકર (સં.) હાથમાં બે.
ચંપક(સં.)ચાંપાનાં ઝાડ હોય તેવું વન.
શાસ્ત્ર(સં.)ગણિતવિદ્યા.
સાક્ષી (સં.) શાહેદી.
ખાંત–ખુશી.
કૌતક (સં.) અજબ.
પારખું (સં.) શોધ.
ટાંક (સં.) સવાયા બાર.
ખટ (સં.) છ; ૬.

(કવિતાની સમજુતી.) (૨૪).

૧—એક મરદ ને એક બાયડી રસ્તેથી જતા હતા એવામાં એક આંબાનું ઝાડ આવ્યું, તેની નીચે ઘણી એક કેરી પડી હતી; ત્યાં બંને જણાએ અકેકી ગાંસડી બાંધી ત્યારે બાયડી મરદને કેહેવા લાગી કે, મારી પાસે જેટલી કેરી છે તેના કરતાં તમારી પાસે બમણી છે; પણ તમારામાંથી એક કેરી પડી તે જ્યારે મેં મારામાં નાંખી, ત્યારે આપણ બંનેની પાસ કેરીઓ સરખી થઇ પડી. ત્યારે કહો અસલ કેરી કેટલી હતી ?

જવાબ—તે મૂળે સીલીકમાં છ હતી. તેમાં મરદે પહેલાં ચાર બાંધી ને બાયડીએ બે; પણ જ્યારે બાયડીએ મરદમાંથી પડેલી ૧ લઇ લીધી

ત્યારે બંને પાસ ત્રણ ત્રણ થઇ પડી; એવી રીતનો એનો ખુલાસો છે.'

૨—એક મોટું પક્ષીનું ટોળું આકાશ તરફ ઉડીને આવ્યું.ત્યાં વનમાં મોટું ફેલાયલું વડનું ઝાડ હતું તે બધા પક્ષીને ગમ્યું તે ઝાડપર એકેક પાંતરે એકેક પક્ષી બેઠું. પણ એમ બેસતાં ત્યાં એક પક્ષી વધ્યું એટલે બધા પક્ષીઓને તેની જગો કરવાને ફિકર થઇ; ત્યારે ફરીને એકેક પાંતરાં પર બબ્બે પક્ષી બેઠાં ત્યારે તો એક પાંતરૂ વધ્યું. ત્યારે બોલો પક્ષી કેટલાં અને પાંતરાં કેટલાં તે ગણીને સીધો જવાબ દો.

જવાબ—પ્યારી કેહે એ તો મેં જાણ્યું. હું તમને કાને કહી સંભળાવું તે સાંભળજો, એ પક્ષી તો ચાર છે અને પાંદડાં ત્રણ છે.

૩—એક રૂપવંતી સ્ત્રી નદીના કીનારા આગળ ગોખમાં બેઠી હતી, ત્યાં એકાએક પોતાનો મોતીનો હાર તુટયો, ને તેમાંનાં મોતી તે કીનારા ઉપર વેરાઈ ગયાં. તે હારમાંનાં અડધાં મોતી જરા વારમાં પાણીમાં પડી ગયાં, અને ચોથા ભાગના સવાયાં અડધાં કચરામાં જઇને પડયાં; તેમ છઠ્ઠા ભાગનાં લીલમાં ગબડીને પડી ગયાં. ત્યારે કહો બધાં મળીને એ મોતી કેટલાં હતાં? તે બાઇના હાથમાં તો ફકત બેજ મોતી રહી ગયાં.

જવાબ—છઠ્ઠે ભાગે ૧૬ ને અડધે ભાગે ૪૮, તેમ જેના ચોથા ભાગના સવાયા ૩૦ થાય, એટલા ૯૬ મોતી તે હારમાં હતાં.

૪—પક્ષીનાં ટોળાં બે ઉંચે આકાશમાં ઉડતાં આવ્યાં, ને બંને ચાંપાના એક વનમાં આવી પહોંચ્યાં ત્યાં અક ટોળું બીજાને કેહેવા લાગ્યું કે જો તમારામાંથી એક પક્ષી હમારામાં આવે તો આપણે બંને ટોળાનાં પક્ષી સરખાં થઇએ તે વાત બધાને ગમે, ત્યારે તે બીજું ટોળું બોલ્યું, કે તમારામાંથી એક પક્ષી હમારામાં આવે તો હમે તમારાથી બમણા થઇએ ત્યારે દરેક ટોળામાં પક્ષી કેટલાં કેટલાં હતા તે કહે?

જવાબ—એનો જવાબ દેવાને વીલમ શાનો ? ગણિત શાસ્ત્રના આધાર પરથી પણ માલમ પડેછે કે એ વાત સાચી છે. પહેલા ટોળામાં પાંચ ને બીજામાં સાત એમ બધાં મળીને બાર પક્ષી હતાં.

૫—બે દોસ્તદારો હતા તેમાં એક કહે કે હું રમવા જાઉં એટલે એકે સવાશેર ક્ષશીથી લીધું ખાઉં; ત્યારે બીજાએ પોણોશેર લીધું, એટલે તેમાં ત્રીજો દોસ્તદાર આવ્યો ને તેણે બરાબર હિસ્સે ખાધું, પછી તે ત્રીજાએ ખાધા બદલ ૨૦ પૈસા આપ્યા. હવે એ ૨૦ પૈસા બે જણાને વહેંચી આપવા એ તો અજબ સરખી વાત છે. તેને વાસ્તે **સામળદાસ** કવિ એવું કહેછે કે સમજુ વિદ્વાન નર હશે તે એ વાતની શોધ કરી ખરો જવાબ દેશે.

જવાબ—શેરના ૭૨ ટાંક પ્રમાણે સવા શેરવાળાના ૯૦ ને પોણો-શેરવાળાના ૫૪, બધા મળીને ૧૪૪ ટાંક થયા; તેમાંથી સરખે હિ-સ્સે દર એક જણે ૪૮ ટાંક ખાધા. હવે ત્રીજા સખસે ૪૮ ટાંક ખાધા તે બદલ તેણે ૨૦ પૈસા આપ્યા. ત્યારે આઠમે ભાગે ૪૮ એટલે ૬ ટાંક પોણા શેર વાળાના ખાધા, કેમકે તેના ૫૪ હતા; ને બાકી એવા સાત ભાગ જેટલા એટલે ટાંક ૪૨ સવા શેર વાળામાંથી ખાધા, કેમકે તેના ૯૦ ટાંક હતા. ત્યારે ૨૦ પૈસાના આઠ ભાગ કરવા તેમાં સવાશેર વાળો ૭ ભાગના ૧૭॥ પૈસા લે, અને પોણો શેર વાળો એક ભાગના અઢી પૈસા લે.

પાઠ ૧૬૮ મો.

સલામત (આ.) કુશળ.
સુદૃઢ (સં.) સારા મજબુત બાંધાના.
અંગબળ(સં.) શરીરનું જોર;(અંગ-બળ).

પાઠ ૧૬૯ મો.

માલમીલકત (આ.) માલમતા; પૈસાઉપજે એવી ચીજો.
સારાંશ (સં.) મતલબ.
કબજો(આ.) સ્વાધિનપણું; દબાણ;હવાલે.
તવંગર(ફા.)પૈસાવાળો.
વૈતરું—વેઠ; મેહેનત;મજુરી.
સંપાદન(સં.) મેળવવું.
ગલોલ્ક (ફા.) નાની મો-

ળી ખેડુત લોકો કમાઠીમાં ઘાલી દે છે તે.
જન્મારો(સં.)જીંદગાની.

પાઠ ૧૭૦ મો.

જરૂરીઆત (આ.) જરૂર; અગત્ય.
કણીઓ–દાણા વેચનાર; નેસ્તી.
માથાકુટ–કડાકુટ.
મૂલ્યવાન(સં.) કિમતી.

પાઠ ૧૭૧ મો.

મુકરર (આ.) ઠેરવેલી.
મોહોરો (ફા.) શીક્કા.
બાબાશાઇ – વડોદરીઓ; (વડોદરામાં પડતો).
શીક્કાઇ–સારો; (અમદાવાદમાં પડતો).
મુંબઇગરો – પોળીઉં; (મુંબઇમાં પડતો).
હબ્બુ–અડીકો.
અધેલો–દોડ પઇ.
સૂગમ–સેહેલ.
ગાજીઆં–આસ્રીઆં.
ગીની–(અં.) સોનાની ગેણી, (૨૧ વાલની).

તોડો– રોકડનો બાંધેલો શીક્કો; કોથળી.
બેંકનોટ (અં.) નાણાંની ચીઠી.
ખાતરનીશા (આ.ફા.) ખાતરજમા; ખાતરી.

પાઠ ૧૭૨ મો.

સંગ્રહ(સં.)એકઠું કરેલું તે; ભંડોલ.
પેઢી (હિં.) સરકારની મોટી દુકાન.
ભાગ્યવાન (સં.) નસીબવાળો.
નેસ્તી–સીધું સામાન વેચનાર; મોદી.
ભંડોલ–થાપણ.
પેરવી(ફા)માળ; તપાસ.
તાકો (આ.) મોટા ગોખલો.
ચીથરેલહાલ-ફાટાંતુટયાં લુગડાં પહેરતારો.
ઉમેરો–વધારો.
સેવિંગબેંક (અં.) બચેલું નાણું વીઆજે મૂકવાની પેઢી.
સામા દસ્કત–સામો માણસ ચોપડીમાં ખાતું પાડીઆપે છે તે
ગુમાસ્તી–વાણોતરી.
ખરચખુટણ (ફા.) પરચુટણ ખરચ.
આડત–મારફત; દસ્તગ.
તીજોરી(અં.)ખજાનો.
ફુંકારો–તુચ્છકાર.

પાઠ ૧૭૩ મો.

રાચ–વણવાનું ઓજાર.
કલ્પિત (સં.) કલ્પનાથી કરેલા; અટકળથી ઠોકેલા.
ઠેપાડું – એક જાતનું જાડું લુગડું; બોરો.
સ્પષ્ટ(સં.)ઉઘાડું; ખુલ્લું

પાઠ ૧૭૪ મો.

એકદમ (હિં.) એકીવારે; જથાબંધ.
સંજાપ (ફા.) કોર; પોહોળી ફરતી મગજી.
નીતરતું–ધીમે ધીમે બેહેતું; ચોખ્ખું.
ફાળકો – રેશમ, સૂતર લપેટવાની ફુંકી પરતો.

પાઠ ૧૭૫ મો.

એકર (અં.) ૪૮૪૦. ચોરસ વાર; ચાર રૂડ.

કરામત(આ.)હીકમત.

પોરવ્યા–પોયા.

દર રોજ(ફા.)હંમેશા.

આવૃત્તિ (સં.) ફરીથી થવું તે; એક વાર થઇ રેહે કે બીજીવાર, બીજી વાર થઇ રેહે કે ત્રીજી વાર, એ પ્રમાણે કરવું તે.

પાઠ ૧૭૬ મો.

ગોડીઉં–સંચાથી કંતાયલું ઝીણું સુતર.

લોઢવું–કપાસમાંથી કપાસીઆ તથા રૂ જૂદા પાડવા.

ચરખા (ફા.)કપાસ પીલવાનો નાનો રેંટીઓ.

તાંત–બકરાના આંતરડાની રૂ પીંજવાની દોરી.

પાઠ ૧૭૭ મો.

રોજગાર (ફા.) વેપાર.

ઉઘાડું–ખુલ્લું.

બીબા છાપ–બીબાથી છાપવું તે ;મુદ્રાછાપ.

પાઠ ૧૭૮ મો.

સમરીને–સુધરીને.

સુધારાવટ–સુધારો.

સંપત્તિ (સં.) દોલત.

કુમાસ (આ.)પોત; ઘટપણું.

ઉપણવું–ઝાડકવું કચરો કરતર કહાડવો.

પાઠ ૧૭૯ મો.

જીભલડી–જીભ જીહ્યા

હરીગુણ(સં.) પરમેશ્વરનું ભજન–સ્મરણ.

લવરી–લવારો.

નવરાઇ–ફુરસદ.

ખટરસ (સં.) છ રસ; (ખાટો, ખારો, કડવો, તીખો, મીઠો; તૂરો.)

ઝગડો (સં.) ટંટો.

ઝુંઝે–ઘુમે; બાઝી પડે.

અંતઃકાળ(સં.)મરવાનો વખત.

ટોળી–મંડળી.

સ્વજન (સં.) પોતાનો માણસ-સગો વાલો.

સરવસ્વ (સં.) સઘળું.

રામ નામ (સં.) રામનું નામ; પરમેશ્વરનું ભજન; હરી કીરતન.

મુસ્તક (સં.) માથું.

કૂપ (સં.) કુવો.

હરી ગયા–લઇ નાઠા.

દીપક (સં.) દીવો.

ઘેન–ખૂમારી.

તરશે–પાર પડશે.

(કવિતાની સમજુતી.) (૨૫).

હે જીહ્યા, (જીભને માણસનું રૂપ આપીને કહેછે) તને પરમેશ્વરનું સ્મરણ કરતાં આટલું બધું આળસ કયાંથી ભરાઈ આવે છે, કશી વાતનો લવારો કરવા બેસે તો તને જરા વાર ફુરસદ મળતી નથી,

અને તરત મોંમાંથી બોલી ઉઠેછે. માટે હે જીભ્યા તને પરમેશ્વરનું૦ (૧). પારકાની ચાડી ચુગલી કરવી હોય તો તેમાં તું ખંતી રેહેછે. અને છ તરેહનો રસ (ખટો, ખારો, કડવો, તીખો, મોહો તરો) તેનો સ્વાદ કહાડવાને તું તૈયાર છે: તેમ કજીઓ કંકાસ કરવામાં તું ઘણી ઘુમેછે, અને પરમેશ્વરનું ભજન કરતાં તને કંટાળો આવેછે માટે હે જીભ્યા૦ (૨). મરતી વખત વાહાલા તેજ વેરી થાયછે તે કોઇ કામ આવતું નથી, ઉલટાં તે તો તારી પાસે જે બધું હશે તે પોતાનો સગો જાણી લઇ જશે, ત્યારે આંખો ચોળીને રેહેશે. માટે હે જીભ્યા૦ (૩). મરતી વખત થઈ ત્યારે કહેશે કે તલ લાવો ને તુળસી લાવો, અને એને કંઈ રામનું નામ સંભળાવો; પણ પહેલાં જ્યારે જીવતો ફરતો હતો ત્યારે તો માથું નમતું નહીં (જરા પણ ઈશ્વરને યાદ કરતો નહીં), ત્યારે હવે પ્રભુનું નામ સંભળાવ્યાથી શું ફાયદો થાય? માટે હે જીભ્યા૦ (૪). ઘરમાં આગ લાગ્યા પછી કુવા ખોદાવવા જાયતો એ કુવામાંથી પાણી કહાડીને ત્યારપછી આગ શી રીતે ઓલવાશે ! તેમ જ્યારે ચોરો ઘરમાંથી માયા પુંજી લઈ ગયા. તો હવે દીવો લાવી અજવાળું કરેથી શું થશે (મતલબ કે મરતી વખત પ્રભુને યાદ કરેથી શું થવાનું)? માટે હે જીભ્યા૦ (૫). જીવ માયાના ઘેનમાં ઉંઘી રહેછે પણ તું જાગીને તપાસી જો; જ્યારે ગળામાં કાળની ફાંસી પડી (મરવાનો વખત થયો), ત્યારે રડવાને બેઠી તે કામનું શું! માટે હે જીભ્યા૦ (૬). પરમેશ્વરનું સ્મરણ કરતાં કંઈ પૈસા બેસતા નથી, ને એક બાલ પણ ખરતો નથી (મતલબ કે કંઈ મહેનત પડતી નથી) અને આ સંસાર રૂપી રસ્તાનો (ધર્મના માર્ગનો) સેહેજ પાર આવતો નથી, પણ તે ભજન થકી પાર પડશે. માટે હે જીભ્યા તને પરમેશ્વરનું સ્મરણ કરતાં આટલું બધું આળસ ક્યાંથી ભરાઈ આવેછે. (૭).

સમાપ્ત.

નીચે લખેલી ચોપડીઓ સુરતમાં ચોક બજાર, નાણાવટ અને ભાગાતળાવના બુકસેલરો; **મુંબઇમાં** ભુલેશ્વર આગળ માવજી જેરામના માળામાં **ડાહ્યાભાઈ જગજીવનદાસ,** કાળકાદેવી આગળ દામોદરદાસ ઇશ્વરદાસ તથા શેરીઆદજી હોરમજજી બુકસેલરો, પાયધોણી નંબર ૨૨ વાળા મકાનમાં ધિ બુક સેલિંગ ઍન્ડ જેનરલ એજનસી કંપની, વિઠ્ઠલવાડીને નાકે કૃષ્ણાજી બલાલ બુકસેલર. ધોબી તળાવ આગળ એરચશા બેજનજી કરાણી બુક સેલર, કોટમાં જહાંગીરજી બેજનજી કરાણી, શાપુરજી ફરામજી માંડણ તથા એમ. મીસ્ત્રીની કંપની; ભાવનગરમાં કન્યાશાળા પાસે અબદુલહુશેન આદમજી બુક સેલર; કરાંચીમાં જુની મારકીટ પાસે મુલ્લાં કમરૂદીન હુસેનભાઇ બુક સેલર પાસેથી વેચાતી મળશે. ચોપડીઓના કમીશન વગેરેનો બંદોબસ્ત કરવો હોય તો **મુંબઇમાં ડાહ્યાભાઈ જગજીવનદાસ** અને **સુરતમાં** સગરામપરે **મી૦ નગાનદાસ ફકીરભાઈ કાસીદાસને** પોષ્ટપેડ કાગળથી લખી જણાવવું.

૦—૧—૬ ગુજરાતી પેહેલી ચોપડીના અર્થ.
૦—૨—૦ ગુ૦ બીજીના અર્થ.
૦—૩—૦ ગુ૦ ત્રીજીના અર્થ.
૦—૪—૬ ગુ૦ ચોથીના અર્થ.
૦—૫—૦ ગુ૦ પાંચમીના અર્થ.
૦—૬—૦ ગુ૦ છઠ્ઠીના અર્થ.
૦—૮—૦ ગુ૦ સાતમીના અર્થ.
૦—૨—૦ સુરત જીલ્લાની ભૂગોળ.
૦—૧—૬ મુંબઇ ઇલાકાની ભૂગોળ.
૦—૩—૦ હિંદુસ્તાનની ભૂગોળ.
૨—૦—૦ છેલની વાર્ત્તા. (ઘણીજ રમુજી).

૨—૦—૦ બદીઅલજમાલ પરીની વાર્ત્તા.
૦—૬—૬ કોહેડા સંગ્રહ.
૦—૩—૦ ચિત્ર પોથી.
૦—૧—૦ આંકની ચોપડી.
૦—૨—૦ ન્યુરોયલ સ્કુલ પ્રાઇમરના મીનીંગ તરજુમાસહિત.
૦—૧—૦ કોષ્ટકની ચોપડી
૦—૪—૦ અંગ્રેજી પેહેલી ચોપડીના મીનિંગ તરજુમા સહિત.
૦—૬—૦ સેકન્ડ બુક પાર્ટ ફર્સ્ટના મીનિંગ તરજુમા સહિત.
૦—૧૦—૦ સે. બુ. પા. સે. ના મીનીંગ.
૦—૧૨—૦ થર્ડ બુકના મીનિંગ.